પ્રથમ વર્ષ બી.એ.

ઈતિહાસ: પેપર – 02

(મુખ્ય વિષય તથા પ્રથમ ગૌણ)

# પ્રાચીન ભારતનો ઈતિહાસ

(ઈ.સ.પૂર્વે ૩૨૦ થી ઈ.સ. ૮મી સદી સુધી)

ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

વિભાગ

# 6

## ભારત : ઈ.સ.પૂ. 200થી ઈ.સ. 300 સુધી
## (India : From 200 B.C. TO 300 A.D.)

એકમ 23
ઉત્તર ભારત અને ઉત્તર પશ્ચિમ ભારત (Northern-Western and Northern India) 8

એકમ 24
વ્યાપારનું વિસ્તરણ અને શહેરીકરણ (Expansion in Network of Trade and Urbanisation) 18

એકમ 25
ધર્મોનો વિકાસ (Development in Religion) 30

એકમ 26
કલા અને સ્થાપત્ય (Art and Architecture) 40



ભા.ઇ.૨૦૦-૩૦૦-૨

## Expert Committee


Prof. K.N. Panikkar (*Chairman* )
Prof. B.D. Chattopadhyaya
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic History
and Culture
Calcutta University, Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University, Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. Kapil Kumar (*Convenor*)

Dr. A.R. Khan
IGNOU, New Delhi


## Course Preparation Team


Dr. Rajan Gurukul

Dr. Himanshu Prabha Ray
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Dr. P. Shanmugham
Department of History
Madras University
Madras

Prof. B.D. Chattopadhyaya
(*Course Editor*)
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

**Faculty Members : Indira Gandhi National Open University**

Mr. Salil Misra
Ms. Mira Rai
] (*Course Coordinators*)

Dr. Kapil Kumar
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Swaraj Basu
Mrs. Sangeeta Pande
Mrs. Indira Sharma


## Production


Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.



© *Indira Gandhi National Open University, 1990*



પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫
પુનર્મુદ્રણ : ૧૯૯૬



*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*



*Further information on the Indira Gandhi National Open University courses may be obtained from the University's office at Maidan Garhi, New Delhi-68.*

***Printed at : Navajivan Mudranalaya, Ahmedabad - 380 014***

**અનુવાદ :**

| | |
|---|---|
| ડૉ. ચિનુભાઈ જે. નાયક | નિવૃત્ત આચાર્ય, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. પ્રિયબાળાબહેન શાહ | નિવૃત્ત પ્રાધ્યાપિકા, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. સુધા એન. મહેતા | નિવૃત્ત પ્રાધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. શ્રીદેવી મહેતા | રીડર, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક સંશોધન તાલીમ કેન્દ્ર, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. એચ. બી. પરીખ | અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. યોગેન્દ્ર વ્યાસ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**પ્રકાશક**

એસ. એચ. બારોટ, મદદનીશ રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નંબર – 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ – 380 004 ટે.નં. 7869690

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 6 ભારત : ઈ.સ.પૂ. 200થી ઈ. સ. 300 સુધી
## (India : From 200 B.C. to 300 A.D.)

વિભાગ 5 માંથી તમે જાણી શક્યા છો કે મૌર્યોના પતન પછી મગધ સામ્રાજ્યનો અસ્ત થવા લાગ્યો. તે લગભગ ઈ.સ. પૂર્વે બીજી સદીનો સમય હતો. તેમ છતાં મૌર્યો પછીના કાળમાં પણ તેનું ઐતિહાસિક મહત્ત્વ પણ ઘણું હતું. બીજી રીતે કહીએ તો કોઈ એક સ્થળ અથવા કોઈ એક સત્તાધારી શક્તિશાળી રાજવી કુટુંબની ભારતીય ઉપખંડ ઉપર સત્તા અસ્ત થવાથી દેશ કે સમાજને સમગ્ર રીતે નુકસાન થતું નથી કે ધક્કો પહોંચતો નથી. હકીકતમાં, આ સામ્રાજ્યને લીધે ઘણાં સ્થળો અને ક્ષેત્રોમાં પરિવર્તનની નવી પ્રક્રિયાઓ શરૂ થઈ હતી, અને તે પ્રક્રિયાઓ મૌર્યો પછીના કાળમાં વિકાસ પામી પુખ્ત બની. વિભાગ 6 તેમ જ 7માં તમે મોટે ભાગે આ જ પરિવર્તન વિશે જાણશો. વિભાગ 6માંનાં બે એકમો (23 અને 24) મુખ્યત્વે ઉત્તર ભારતને સ્પર્શે છે. બીજા બે એકમો (25 અને 26)નું ક્ષેત્ર જરા વધુ વિસ્તૃત છે. તેમાં મૌર્યકાળ પછીના સમયનાં કેટલાંક સાંસ્કૃતિક પરિવર્તનો વિશે સામાન્ય રીતે સમજાવ્યું છે. એકમ 25 ધાર્મિક ક્ષેત્રે આવેલાં પરિવર્તનો બતાવે છે. ત્યારે એકમ 26 એ વિષય ઉપર ધ્યાન આપે છે કે કેવી રીતે કલાઓ સમગ્ર ભારતમાં ફેલાઈ અને જે વસ્તુઓ આપણા સુધી લગભગ અકબંધ પહોંચી છે. તે ઉપરથી આ સમય ગાળામાં થયેલી કલાના વિકાસની વિસ્તૃત માહિતી મળે છે.

ઉ ાર ભારતની રાજકીય ઘટનાક્રમનો ઇતિહાસ એકમ 23માં ચર્ચાયો છે, તે કેટલાંક નવાં લક્ષણો બતાવે છે. ઉત્તર પશ્ચિમ ભારતનો પ્રદેશ હરહંમેશ ઈરાન, અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સાથે સક્રિય રીતે સંકળાયેલો રહ્યો છે. મૌર્યો પછીના કાળમાં, માણસોનાં મધ્ય એશિયામાં થયેલાં સ્થળાંતરોની સીધી અસર ઉત્તર ભારત અને ઉત્તર પશ્ચિમ ભારતની રાજકીય સ્થિતિ પર પડી, ખાસ કરીને ગંગા તથા યમુનાની પશ્ચિમે આવેલાં ક્ષેત્રોમાં તે વધુ જણાય છે. બેક્ટ્રિયા (અથવા ઉત્તર અફઘાનિસ્તાન)ના ગ્રીકો ફેલાઈને હિંદુકુશ પર્વતમાળા સુધી આવી પહોંચ્યા. તેઓનું શાસન ઠેઠ પંજાબ સુધી વિસ્તર્યું. આ ગ્રીકો, અથવા (જેને ભારતમાં આપેલા નામ મુજબ) યવનો પછી સિથિયનો (શકો) અને પાર્થિયનો (પહલવો), અને કુશાણો, જેઓ યુહ-ચીની એક શાખા જ હતા, પણ ભારતમાં આવ્યા. આમ વિદેશી આગમનો, આક્રમણો યા શાસન અહીંથી પૂરાં ન થયાં જ. ત્યાર પછીના કાળમાં પણ વાયવ્ય સરહદે આપણે અનેક જાતિઓનું આવનજાવન જોઈએ છીએ.

પરંતુ આ સમયે એ કહેવું અયોગ્ય છે કે ઉત્તર ભારત અને વાયવ્ય ભારતનો પ્રદેશ ''વિદેશી'' શાસન નીચે હતો. તેનું એક કારણ એ છે કે તે સમયે ''ભારતીય'' અને ''વિદેશી'' વચ્ચેનો તફાવત જ સ્પષ્ટ રીતે કોઈ સમજતું નહોતું અને બીજું કે આ યવનો, શકો વગેરે પછીથી તો ભારતની પ્રજામાં જ ભળી ગયા. તદુપરાંત પંજાબ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં જુદા જુદા ઠેકાણે સ્થાનીય નાના રાજવીઓનાં રાજ્યો હતાં. જેમાં શાસન ચલાવનાર કોઈ કુટુમ્બ હતું, અથવા મુખ્ય જાતિ હતી, જેવી કે ઔદંબરો, યૌધેયો, માલવો આદિ. શકો અને કુશાણોના શાસન દરમિયાન પણ તેમના ક્ષત્રપો, મહાદંડનાયકો વગેરે અમલદારો પણ ઘણી સ્થાનિક સત્તાઓ ભોગવતા હતા. આમ મૌર્ય સામ્રાજ્ય પછીના સમયમાંનો ઉત્તર ભારતનો રાજકીય નકશો ઘણો બદલાઈ ચૂક્યો હતો.

કેટલીક મહાસત્તાઓની સાથો સાથ નાનાં રાજ્યો અસ્તિત્વ ધરાવતાં હોવાને લીધે એ અર્થ નથી થતો કે જુદા જુદા ભાગોમાંના સંપર્કો ઘટી ગયા હતા. વેપાર તથા અન્ય કારણોસર પણ દેશના જુદા જુદા ભાગો વચ્ચે સંપર્કો તો ચાલુ જ રહ્યા અને જે સંપર્કો અગાઉ બંધાયા હતા તે આ કાળમાં વધુ ઘનિષ્ઠ બન્યા. આ વિષયને એકમ 24 વધુ સ્પષ્ટ કરશે. જોકે આ એકમમાં ઉત્તર ભારતને કેન્દ્રમાં રાખ્યું છે. પરંતુ તેનો અર્થ એ તો ન જ થાય કે વ્યવહાર માત્ર ઉત્તર ભારત ઉપખંડને પણ આ કાળમાં મધ્ય એશિયા, પશ્ચિમ એશિયાના કેટલાક ભાગો, ઉત્તર ઇજિપ્ત અને તે દ્વારા ભૂમધ્ય સમુદ્રના દેશો, તેમ જ કેટલેક અંશે અગ્નિ એશિયાના દેશો અને ચીન સાથે ભૂમાર્ગે વ્યવહાર અને સંપર્ક જુદા જુદા હેતુસર ચાલુ હતા જ. આ સંબંધો વેપારી માલની લેવડ-દેવડ પૂરતા મર્યાદિત નહોતા. એ સંબંધોને લીધે માણસો અને તેમની સાથે સાંસ્કૃતિક રિવાજો અને વિચારસરણીઓનું પણ આદાન-પ્રદાન થતું. આ બધાંનો પ્રભાવ ભારતની પ્રજા પર ઘણો ઊંડો પડ્યો. દાખલા તરીકે, શહેરો અને નગરો, જેઓની શરૂઆત ઘણા સમય પહેલાં થઈ હતી, તે આ કાળમાં ખૂબ વિકાસ પામ્યાં, અને તેમનો આ સુવર્ણકાળ ગણી શકાય. સમૃદ્ધિ વધવાનો બીજો પુરાવો એ પણ ગણી શકાય કે આ કાળમાં સહુથી વધારે સિક્કાઓ પાડવામાં આવ્યા અને નાની જાતિઓ જેવી કે ઔદંબરો અને યૌધેયો, જેઓ પહેલાં માત્ર લડાયક જાતિઓ તરીકે ઓળખાતી, તેઓ પણ સિક્કા પડાવતા થઈ ગયા, અને મોટે ભાગે તેમાં ગ્રીક અને કુશાણોના સિક્કાઓનું અનુકરણ કરવામાં આવતું.

સમાજમાં આવતાં પરિવર્તનોનું સૌથી સ્પષ્ટ પ્રતિબિંબ ધર્મની બાબતમાં (એકમ 25) તેમ જ કલાની બાબતમાં (એકમ 26) જણાય છે. જે ધર્મોની શરૂઆત રૂઢિગત સનાતન બ્રાહ્મણ વાદના વિચારો અને ધાર્મિક વિધિઓના વિરોધદર્શક વિચારોમાંથી થઈ હતી તેવા બૌદ્ધ અને જૈન ધર્મોમાં પણ મહ વનાં પરિવર્તનો આ કાળમાં આવ્યાં.

બૌદ્ધ તેમ જ જૈન સાધુસંઘોમાં ભાગલા પડી ગયા. દરેક ધર્મમાં એક લક્ષણ આ સમયે આવેલ જણાય છે. તે લક્ષણ છે કોઈ એક દેવ કે દેવીની મૂર્તિની ધાર્મિક વિધિથી પૂજા કરવી. ગૌતમ બુદ્ધ તેમ જ જૈન તીર્થંકરો આ સમયમાં દેવો બન્યા અને માત્ર ધર્મ ગુરુઓ જ ન રહ્યા. વળી દરેક ધર્મમાં અગાઉ પૂજાતાં સ્થાનીય નિશાનો, સ્થાનિક માન્યતાઓ અને નાના સંપ્રદાયો અને દેવો પણ આ નવા સ્તરે એકત્ર કરવામાં આવ્યા.બ્રાહ્મણ ધર્મમાં મુખ્યત્વે કેટલાક મહાન દેવતાઓની આસપાસ જૂથો રચવાનું ચલણ વધ્યું. આમ વિષ્ણુ અને શિવ, એ બે મુખ્ય દેવો તરીકે સ્થપાયા, જેની આસપાસ બીજાં દેવી દેવતાઓને સાંકળી લેવામાં અને જોડી દેવામાં આવ્યાં. દાખલા તરીકે, ઉમા અથવા શિવની 'શક્તિ' પોતે જ ભારતની અને ભારતની બહારની કેટલીક દેવીઓના પ્રતીક તરીકે સ્થાપિત થઈ.

બૌદ્ધ, જૈન અને સાથે જ બ્રાહ્મણધર્મમાં આવેલાં પરિવર્તનોથી સમાજનાં જૂથો એક યા બીજા ધર્મના અનુયાયી બનવા લાવ્યાં અને તેને આશ્રય આપવા લાગ્યાં. આનું પ્રતિબિંબ આ કાળની કલાપ્રવૃત્તિમાં મળી આવે છે. આવી કલાપ્રવૃત્તિ ધાર્મિક કેન્દ્રોની આસપાસ જણાય છે. સ્તૂપોમાં, વિહારોમાં, પ્રાથમિક કક્ષાનાં મંદિરોમાં વગેરે સ્થળોએ આ કાળમાં સૌથી વધુ લોકપ્રિય ધર્મ બૌદ્ધ હતો. અને આ ધર્મ પણ વેપારીઓ અને સાધુઓની સાથે વિદેશ પહોંચ્યો. વળી મધ્યએશિયા અને (હેલેનિસ્ટીક) ગ્રીકકલાનો પ્રભાવ પણ ભારતીય કલા ઉપર જોવા મળે છે. બૌદ્ધ ધર્મના ફેલાવાનું તેમ જ દેશવિદેશમાં. કાયમી સંપર્કો તેમ જ વ્યવહારોનું આ પરિણામ હતું જેનું પ્રતિબિંબ તે સમયની બૌદ્ધ કલામાં જ નહીં, કલાના પૂર્ણ ક્ષેત્રમાં પડે છે. એ પણ અત્રે નોંધવું જોઈએ કે ઉચ્ચ કક્ષાના કલાવિકાસ માટે રાજ્યાશ્રય કે કોઈ એક રાજવીના આશ્રયની જરૂર નહોતી. તેનો ટેકો વિસ્તૃત રીતે સમાજમાંથી જ મળી રહેતો હતો.



ભા.ઇ.૨૦૦-૩૦૦-૩

# એકમ 23 ઉત્તર ભારત અને ઉત્તર પશ્ચિમ ભારત (Northern-Western and Northern India)

**રૂપરેખા**

23.0 ઉદ્દેશો
23.1 પ્રસ્તાવના
23.2 માહિતીનાં સ્રોત
23.3 શુંગો
23.4 યવનો
23.5 શકો
23.6 પાર્થિયનો
23.7 કુશાણો
23.8 ઉત્તર ભારતનાં સ્થાનિક રાજ્યો
23.9 મધ્ય એશિયા અને ઉત્તર ભારત વચ્ચેના સંપર્કોનું મહ વ
    23.9.1 વેપાર અને તકનિકી
    23.9.2 વાસ્તવિક અવશેષો
    23.9.3 રાજકીય સંગઠન
    23.9.4 ધર્મ અને કલાસ્વરૂપો
23.10 સારાંશ
23.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 23.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશેઃ

* મૌર્ય સામ્રાજ્યના પતનથી માંડીને ઈ.સ. 300 સુધીના ભારતની રાજકીય સ્થિતિ.
* ભારતીય સમાજમાં વિવિધ પરદેશી તત્ત્વોનું સંમિશ્રણ.
* મધ્ય એશિયા સાથેના સંપર્કને કારણે વેપાર અને ઉદ્યોગ, ધર્મ અને કલા ઉપરનો પ્રભાવ અને તે સમયના વાસ્તવિક અવશેષો.

## 23.1 પ્રસ્તાવના

વિભાગ 5માં તમે ભારતના જે સર્વ પ્રથમ સામ્રાજ્યનાં ઉદ્ભવ અને સંગઠન વિશે જાણ્યું તે મૌર્ય સામ્રાજ્ય હતું. રાજકીય વિસ્તૃતીકરણ શાસન પદ્ધતિ, 'ધમ્મ' વિશે અશોકની નીતિ અને મૌર્ય સામ્રાજ્યના પતન વિશે પણ તમે વિગતે માહિતી મેળવી. તમને યાદ હશે કે આ વંશના રાજાઓને છેલ્લો ધક્કો ઈ.સ. 180માં પુષ્યમિત્ર શુંગે આપ્યો. ઈ.પૂ. 200ની આસપાસથી શરૂ થતા આ નવા યુગમાં કોઈ વિસ્તૃત સામ્રાજ્ય ઊભું ન થયું પરંતુ ઐતિહાસિક દષ્ટિએ તેનું પણ ખૂબ મહત્ત્વ છે. કેમ કે તે દરમિયાન મોટે પાયે સાંસ્કૃતિક સંપર્કો મધ્ય એશિયા સાથે બંધાયા, તેમ જ વિવિધ પરદેશી પ્રજાઓનું સંમિશ્રણ ભારતની પ્રજા સાથે થતું રહ્યું.આ સમય ગાળામાં કેટલાય રાજકીય એકમો ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ઊગ્યા અને આથમ્યા. આમાંના કેટલાક મુખ્ય વંશો વિશે આપણે વધુ વિગતોથી માહિતી મેળવીશું, જેવા કે શુંગો, ગ્રીકો, શકો, પાર્થિયનો અને કુશાણો. તે ઉપરાંત વ્યાપાર, ઉદ્યોગ, કલા અને ધર્મનાં જેવાં વિવિધ ક્ષેત્રોમાં સાંસ્કૃતિક સંપર્કો વિશે પણ આ એકમમાં આપણે અભ્યાસ કરીશું.

## 23.2 માહિતીનાં સ્રોત (Sources)

આ સમયની રાજકીય સ્થિતિની જાણકારી આપણને વિવિધ પ્રકારનાં માહિતી પ્રાપ્ત સાધનો દ્વારા થાય છે. કેટલાક પ્રદેશો માટે પુરાણોમાં જણાવેલ વંશાવળીઓ અને રાજવીઓ મહ વનાં માહિતી પ્રદાન સાધનો બને છે. અભિલેખો પણ ખૂબ મહ વના છે અને તે પુરાણોમાંથી મળતી માહિતીને ટેકો આપનાર બને છે.

મૌર્યોના પતન પછીના તરતના સમય માટેની માહિતી કેટલાક પુસ્તકોમાં વેરવિખેર પડી છે, જેમાં ગાર્ગી સંહિતા, પતંજલિનું મહાભાષ્ય, દિવ્યા વદાન, માલવિકાગ્નિમિત્ર જેવી કાલિદાસની રચના, અને બાણભટ્ટનું હર્ષચરિત ગણી શકાય. અયોધ્યા, વિદિશા અને ભારદૂતના અભિલેખોમાં પણ શુંગવંશના ઈતિહાસના ઉલ્લેખ મળે છે.

મૌર્યોના પતન બાદ સામ્રાજ્યની સત્તા કોઈ એક કુટુંબ કે વંશ પાસે રહી નહિ. આ સમયના બે પ્રવાહો નજરે ચડે છે. એક તો એ કે ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક પછી એક જુદા રાજવંશોનું શાસન આવ્યું, જેવા કે મૂળે ગ્રીક, શક અથવા પાર્થિયન હોય તેવા, અને છેલ્લે યુહ-ચી નામની જાતિના. બીજો પ્રવાહ એ હતો કે ઉત્તર ભારતના મોટા ભાગોમાં અજાણ્યા સ્થાનીય રાજવંશો સત્તા ઉપર આવ્યા. આ બધા સત્તાધારી રાજવંશો વિશેની જાણકારી આપણને વિવિધ પ્રકારના સિક્કાઓ જે તેમણે પડાવ્યા તેના ઉપરથી મળી રહે છે. જે સિક્કાઓ પર લખેલું રાજાનું નામ મુખ્ય માહિતી સાધન હોય છે. પરંતુ રાજકીય ઈતિહાસ વિશે જાણવા સિક્કાઓની માહિતીને પોષતાં બીજાં સાધનોની પણ જરૂર પડે છે. પશ્ચિમ એશિયા સાથે પ્રમાણમાં ઓછો પરંતુ મધ્ય એશિયા સાથે ગાઢો સાંસ્કૃતિક સંબંધ આ કાળમાં નિયમિત હતો. એને લીધે ઉત્તર-પશ્ચિમ પ્રદેશમાં અન્ય કેટલાક પ્રકારનાં માહિતી સાધનો મહ વનાં લાગ્યાં છે. દાખલા તરીકે, ગાંધાર ક્ષેત્રમાંથી સિક્કાઓ ઉપરાંત અભિલેખો જે ખરોષ્ઠી લિપિમાં હોય તેવા પણ વિપુલ પ્રમાણમાં ગાંધાર ઉપરાંત મધ્ય એશિયામાંથી પણ મળી આવે છે. તે જ પ્રમાણે, ગ્રીક અને લૅટિન ભાષાનાં માહિતી સાધનોમાં ભારતના આ પ્રદેશનો અને ત્યાંના રાજાઓ વિશેનો ઉલ્લેખ મળે છે. વળી બૌદ્ધ સાહિત્યમાં આ સમય માટે રાજકીય પુરાવા મળે છે. દાખલા તરીકે પાલિમાં લખેલાં 'મિલિન્દ – પન્હો' (એટલે મિલિન્દ અથવા મિનેન્ડરના પ્રશ્નો)માં યવન રાજા મિનેન્ડર અને બૌદ્ધ ધર્મ વિશે માહિતી મળે છે. ચીની ભાષાનાં કેટલાંક માહિતી સાધનોમાં તે સમયના મધ્ય એશિયા, બેક્ટ્રિયા અને ઉત્તર-પશ્ચિમ ભારતની રાજકીય ઘટનાઓના ઉલ્લેખ છે. દા.ત. યહુ-ચી અથવા કુશાણોના પ્રાચીન ઈતિહાસ માટે આપણને પૂર્વી હાન અને ઉત્તર 'હાન' નામના ચીની રાજવંશો દ્વારા માહિતી મળે છે.

## 23.3 શુંગો (The Sungas)

શુંગવંશ બ્રાહ્મણ જાતિનો હતો અને મોટે ભાગે તે પશ્ચિમ ભારતના ઉજ્જૈન વિસ્તારમાંથી આવ્યો હતો. જ્યાં મૌર્ય રાજાઓના અમલદારો તરીકે શુંગો કામ કરતા હતા. શુંગવંશનો સ્થાપક પરંપરાગત વૃ ાંતમાં પુષ્યમિત્ર શુંગ ગણાય છે જેણે ઈ.પૂ. 180 માં મૌર્યવંશના છેલ્લા રાજાબૃહદ્રથની હત્યા કરીને તેની ગાદી પચાવી પાડી. બાણભટ્ટ, જેઓ કનોજના હર્ષવર્ધનના રાજ્ય કવિ તેમ જ સંસ્કૃત ગદ્યના પ્રખર લેખક હતા, તેમણે આ પરંપરાનું સમર્થન કર્યું છે. પુષ્યમિત્ર બ્રાહ્મણ ધર્મને પૂર્ણ ટેકો આપતો હતો અને તેણે અશ્વમેધ યજ્ઞ પણ કર્યો, તે જાણીતી વાત છે. આ યજ્ઞથી રાજવીની પ્રતિષ્ઠા અનેકગણી વધે એવી પ્રતીકાત્મક વિધિ છે અયોધ્યાના ધનદેવના અભિલેખમાં પુષ્યમિત્રે બે વખત અશ્વમેધ યજ્ઞ કર્યાનું નોંધાયું છે. આનો અર્થ એમ કરાય છે કે પુષ્યમિત્રે વિસ્તૃત રાજ્ય પર અધિકાર મેળવ્યો હશે, તેનું બ્રાહ્મણ ધર્મ પ્રત્યેનું ચુસ્ત વલણ પણ આનાથી જણાય છે. બૌદ્ધ સાધનો પ્રમાણે પુષ્યમિત્રે બૌદ્ધોની સતામણી કરી હતી. દિવ્યાનંદમાં સચવાયેલી બૌદ્ધ પરંપરા મુજબ પુષ્યમિત્રે બૌદ્ધ વિહારો તેમ જ પૂજાસ્થાનોનો નાશ કર્યો, જે સમ્રાટ અશોકે ઊભા કર્યાં હતાં. (આ બાબતની વધુ ચર્ચાઓ આપણે આ વિભાગમાં એકમ 25 માં કરીશું.)

પુરાણો અનુસાર પુષ્યમિત્રે 36 વર્ષ રાજ્ય કર્યું ત્યાર બાદ તેનો પુત્ર અગ્નિમિત્ર ગાદીએ આવ્યો. તેના શાસન માટે બહુ ઓછી વિગતો મેળવી શકાઈ છે. મૂળદેવ નામનો રાજા (આ જ વંશનો) મહ વનો જણાય છે જેના શાસન પછી શુંગવંશની પડતી શરૂ થઈ. કેટલાક ઈતિહાસવિદો તેને અયોધ્યામાંથી મળી આવલા અમુક સિક્કાઓમાંનો રાજા ગણાવે છે. અયોધ્યાના શિલાલેખમાં મૂળદેવને રાજા ધનદેવના પૂર્વજ તરીકે 'કોસલના રાજા' તરીકે ઓળખાવાયો છે. મૂળદેવ આથી કોસલ દેશમાં નાના રાજ્યનો છતાં સ્વતંત્ર રાજવી હશે તેમ મનાય છે. શુંગવંશનું શાસન તો જલદી જ મગધ અને મધ્યભારતના કેટલાક પ્રદેશો પૂરતું સીમિત થઈ ગયું. તેનો છેલ્લો રાજા દેવભૂતિ હતો તે આ વંશમાં ચોથો જ રાજા હતો અને જો આપણે 'હર્ષ ચરિત'ના લેખક બાણભટ્ટની વાત માનીએ તો આ રાજા તેના બ્રાહ્મણ મંત્રી વસુદેવના ષડયંત્રનો ભોગ બન્યો. આમ શુંગવંશનો અંત આવ્યો અને તે સમય હતો લગભગ ઈ.પૂ. 75નો જોકે વસુદેવે નવા વંશની સ્થાપના કરી, જેનું નામ 'કણ્વ' હતું, પરંતુ તે વંશ પણ ચાર પેઢીથી વધુ ચાલ્યો નહીં.

## 23.4 યવનો (The Indo-Greeks)

ઈ.સ.પૂ.200ની આસપાસ ભારતની વાયવ્ય સરહદે લોકોની આવનજાવનની એક શ્રેણી શરૂ થઈ. હિંદુકુશને પાર કરનારી પ્રથમ પ્રજા હતી ગ્રીકો (યવનો) જેઓ બેક્ટ્રિયામાં શાસન કરતા હતા. આ પ્રદેશ ઉત્તર અફઘાનિસ્તાનમાં ઓક્સસ નદીની દક્ષિણે આવેલો હતો. સિકંદરના આક્રમણ વખતે અથવા તુરંત બાદ ભારત અને ગ્રીસ વચ્ચે કોઈ મહ વપૂર્ણ સંપર્કો સ્થપાયા નહોતા. આ સંબંધ ઈ.પૂ.ની બીજી સદીમાં બેક્ટ્રિયામાં શાસન કરતા ગ્રીકોએ જ્યારે રાજ્ય વિસ્તૃત કરવા ઉત્તર-પશ્ચિમ ભારતમાં પ્રવેશ કર્યો ત્યારે શક્ય બન્યો. આ લોકો ઇન્ડો-ગ્રીક (અથવા ગ્રીક અથવા યવનો) તરીકે ઓળખાય છે.

ઈરાનમાં આકીમીનીક શાસનના અંત અને સિકંદરના મૃત્યુ પછી ઈરાન અને આજુબાજુના પ્રદેશો સિકંદરના સેનાપતિઓના શાસનમાં આવી ગયા. સેલિયા સીડ અને આર્સાસીડ શાસકોના હાથ નીચેના બેક્ટ્રિયાના ગ્રીક શાસકોએ ધીરે ધીરે પોતાની સત્તા વધારવા માંડી. આ ગ્રીક શાસકોને સિથિયન જાતિઓનો મોટો ભય ઊભો થયો હતો. ચીનની મહાન દીવાલ ઊભી થઈ ગયા બાદ આ સિથિયન જાતિ ચીન તરફ વધતી અટકી ગઈ અને તેને બદલે બીજી દિશામાં ગ્રીકો તેમ જ પાર્થિયનો પર હુમલા કરવા લાગી. આ ધક્કાથી ગ્રીકોને હઠવું પડ્યું અને તેમ કરતાં ધીમે ધીમે તેમણે ભારત તરફ ખસવા માંડ્યું. આ આક્રમણો મૌર્યવંશનાં છેલ્લાં વર્ષોમાં શરૂ તો થઈ ગયાં હતાં અને તેનો સામનો કરવા અશોક પછીના રાજાઓ સશક્ત નહોતા. ઈ.પૂ.ની પહેલી સદીના શરૂના દાયકાઓથી આ ગ્રીકોએ વાયવ્ય સરહદે ભારતની મોટી ભૂમિ પચાવી પાડી. ગંગાખીણમાં વારંવાર હુમલાઓ પણ તેઓ કરવા લાગ્યા અને તેમણે કેટલાક હુમલાઓ અન્ય ભાગોમાં પણ કર્યા. તેમાં તેઓ દૂરમાં દૂર પાંચાલ, સાકેત અને પાટલિપુત્ર સુધી પણ પહોંચ્યા હતા.

ગ્રીકોનો સૌથી વધુ જાણીતો રાજા હતો મિલિંદ (અથવા મિનેન્ડર). તેના શાસનમાં ગ્રીક સત્તા સ્વાત ખીણથી માંડીને પંજાબમાં રાવી નદી સુધી વિસ્તરી હતી. શાકલ (અથવા નવુ સિયાલકોટ) શહેર તેની રાજધાની હતું, જે પંજાબમાં આવેલું છે. નાગસેન, એક બૌદ્ધ સાધુ અને વિચારક સાથે મિલિન્ડરની પ્રશ્નોત્તરીને કારણે મિનેન્ડરે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો જેને કારણે તેની ખ્યાતિ વધુ પ્રમાણમાં છે. તેના પ્રશ્નો અને એ ભિક્ષુ(નાગસેન)ના ઉત્તરોની નોંધ એક પુસ્તક રૂપે રાખવામાં આવી છે જેનું નામ ''મિલિન્દ પન્દો'' (The Question of Milinda) હતું.

છેલ્લાં ત્રીસેક જેટલા ગ્રીક રાજવીઓનાં નામ તેમનાં સિક્કાઓ પરથી જાણવા મળે છે. મિલિન્દના સિક્કાઓ છેક ઉત્તરમાં કાબુલ અને દિલ્હી નજીક મથુરામાંથી મળી આવ્યા છે. ગ્રીકોનો ઇતિહાસ જાણવા સિક્કાઓ ઘણા ઉપયોગી થયા છે, કેમ કે તેમાં ગ્રીક ભાષા ઉપરાંત ખરોષ્ઠી અને છેલ્લે છેલ્લે બ્રાહ્મી લિપિમાં પણ લખાણ કોતરેલું મળી આવે છે. આમાંના પુરાવાઓ ઘણી વખત ગૂંચવણભર્યા હોય છે કેમ કે ઘણા રાજાઓનાં નામો એકસરખાં હતાં એટલે અને એક રાજાનો સિક્કો બીજાના સિક્કાથી જુદો પાડવો ઘણો મુશ્કેલ પણ હોય છે. આ સિક્કાઓ પરની કારીગરી તેમાં ખાસ કરીને ચાંદીના સિક્કાઓ ખૂબ જ ઉચ્ચ કક્ષાની કારીગરી ધરાવે છે. આ સમયના કેટલાક સ્થાનીય રાજાઓએ ચલણમાં શરૂ કરી. આ કારીગરી પર ગ્રીકોની સિક્કા પાડવાની કારીગરીની અસર તુરત નજરે ચડે છે. સિક્કાઓ જે પ્રકારે બન્યા તે અને તેનો ફેલાવો જોતાં આપણને લાગે છે કે રાજાઓના સંબંધો વિસ્તૃત ક્ષેત્રોમાં હશે. ગ્રીક શાસન બીજી રીતે પણ મહ વનું છે. આ સંપર્કથી ઉત્તર પશ્ચિમી ભારતની કલા ઉપર ગ્રીક કલાનાં લક્ષણોનો પ્રભાવ પડ્યો, જેને લઈને પ્રસિદ્ધ 'ગાંધાર' કલાશૈલીનો ઉદ્‌ભવ થયો.

## 23.5 શકો (The Sakas)

શકો અને સિથિયનો (Scythions) તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતીય સંદર્ભો સિથિયનો અને પાર્થિયનોને એક સાથે કેટલીક વાર જોડી દઈને 'શકપહલવ' તરીકે પણ ઉલ્લેખ કરે છે. આ બન્ને જાતિઓના રાજાઓનાં નામોમાં પણ એટલું સામ્ય છે કે તેમને 'શક' અથવા 'પહલવ' તરીકે ઓળખવા જરા પણ સહેલા નથી. તેમ છતાં કેટલાંક રાજવી કુટુંબો જેઓ કેટલાક ખાસ પ્રદેશો સાથે ઉત્તર પશ્ચિમ, ઉત્તર અને પશ્ચિમ ભારતમાં આવેલાં સંકળાયેલાં છે અને તેમને 'શકો'તરીકે ઓળખવામાં આવે છે. બોલનઘાટને રસ્તે શકો પ્રથમ ભારતમાં પ્રવેશ્યા અને શરૂઆતમાં ઘણું કરીને સિંધુ નદીના નીચલા ભાગના પ્રદેશમાં વસ્યા. એમની એક શાખા અફઘાનિસ્તાનમાં વસી ગઈ એમ મનાય છે, જ્યારે બીજી શાખા પંજાબમાં આવી અને તક્ષશિલાને રાજધાની તેમણે બનાવી. બીજી એક શાખા મથુરામાં શાસન કરવા લાગી. એક અન્ય શાખા મધ્ય અને પશ્ચિમ ભારતમાં સ્થાયી થઈ અને તેનું શાસન લગભગ ઈ.સ.ની ચોથી સદી સુધી ચાલુ હતું.

શકોએ સફળતાપૂર્વક ગ્રીકોનું બેક્ટ્રિયા પરનું શાસન તોડી નાખ્યું. શકો આમ તો મધ્ય એશિયાની બર્બર જાતિઓમાંના એક હતા. પરંતુ પછી મધ્ય એશિયાની જ અન્ય બર્બર જાતિ યુહ-ચીએ તેમને બેક્ટ્રિયાની સરહદથી કાઢ્યો અને તેથી શકો પણ ગ્રીકોની પાછળ પાછળ ભારતમાં પહોંચ્યા. અહીં પણ તેમણે ધીરે ધીરે ઉત્તર પશ્ચિમ

અને ઉત્તરના પ્રદેશોમાં ગ્રીક રાજાઓને ખસેડીને પોતાનું શાસન જમાવ્યું. શકવંશોની માહિતીનાં સાધનો પણ વિવિધતાભર્યાં છે. એમનો ઉલ્લેખ ગ્રીક અને ગ્રીકો-રોમન ઇતિહાસમાં અને ચીનના પ્રારંભિક અહેવાલોમાં મળે છે. પુરાતત્ત્વીય અને સિક્કાઓની માહિતી પણ તેમાં ઉપયોગી છે. ભારતીય સાહિત્યમાં સર્વપ્રથમ ઉલ્લેખ કદાચ ''મહાભાષ્ય''માં થયેલો છે. પુરાણો અને મહાકાવ્યોમાં પણ કંબોજોને અને યવનોને એકદમ ઉત્તરના લોકો ગણાવ્યા છે, ત્યારે પણ શકોનો ઉલ્લેખ તેમની સાથે જ કર્યો છે.

ભારતમાં શકોનો પ્રથમ રાજવી હતો મોઝે અથવા મૉગા, જેણે પોતાની સત્તા ગાંધારમાં સ્થાપી. શિલાલેખો તેમ જ સિક્કાઓથી આપણે તેને વિશે જાણી શકીએ છીએ અને એક સિક્કામાં 'તારીખ' પણ લખેલી છે. એક તામ્રપત્ર તક્ષશિલામાંથી મળી આવ્યું છે જેમાં મોઝ(મૉગા)ના સમયમાં એક સ્તૂપમાં ગૌતમબુદ્ધનો એક અવશેષ સ્થાપવામાં આવ્યો તેનો તારીખ સાથે ઉલ્લેખ મળે છે. મોઝે પછી એમીઝ રાજા બન્યો. તેણે ગ્રીકોના ઉત્તર ભારતના છેલ્લા રાજા હિપ્પોસ્ટ્રેટોસ પર હુમલો કર્યો તેમ જ તેને હાર આપી, ઉથલાવી મૂક્યો.

જોકે શકોએ તેમનું શાસન દેશના જુદા જુદા ભાગોમાં સ્થાપ્યું હોવા છતાં ચાર સદીઓ સુધી જે ભાગમાં રાજ્ય કરી શક્યા તે તો માત્ર પશ્ચિમ ભારત જ હતું. શકોમાંનો સર્વ પ્રસિદ્ધ રાજા હતો રુદ્રદામન પહેલો (લગભગ ઈ.સ 130 થી 152)તેની સત્તા સિંધ કચ્છ, ગુજરાત, રાજસ્થાન, કોંકણ, નર્મદાની ખીણ, માળવા, કાઠિયાવાડ અને પશ્ચિમ ડેકકન સુધી પહોંચી હતી. તેની સૈનિક સિદ્ધિઓ, ભૂમિની વિશાળતા, અને તેના ઘણા બધા વ્યક્તિગત ગુણો વિશે વિખ્યાત જૂનાગઢ શિલાલેખમાં વિગતે ચર્ચા કરી છે, જે ઈ.સ.150 માં લખાયેલું છે. સૂકા કાઠિયાવાડ પ્રદેશમાં મૌર્ય શાસન દરમિયાન ખોદાવાયેલ સુદર્શન તળાવ અને તેનો બંધ તૂટવા લાગ્યાં હતાં. તેનું સમારકામ રુદ્રદામન અને તેના અધિકારીઓએ ઉપાડ્યું એ અંગે આ શિલાલેખ છે. મૌર્યોના સમયથી આ તળાવનો સિંચાઈ માટે ઉપયોગ થતો આવ્યો હતો. સંસ્કૃતમાં લખેલ મહત્ત્વનો અને પ્રથમ વાર આટલો લાંબો શિલાલેખ જૂનાગઢનો છે. આનો અર્થ એમ થયો કે રુદ્રદામને સંસ્કૃત ભાષાને આશ્રય આપ્યો હતો. થોડી ઘણી ઊથલપાથલ થવા છતાં રુદ્રદામનના વંશજો ઈ.સ.ની ચોથી સદી સુધી આ પ્રદેશમાં શાસન કરતા રહ્યા.

શકો અને પહલવોએ સરકારમાં ક્ષત્રપ (યા સત્રપ)ની નિમણૂક વ્યવસ્થા દાખલ કરી, જે ઈરાનની આકમેનીડ અને સેલ્યુસીડ વ્યવસ્થાને મળતી હતી.

આમાં રાજ્યને પ્રાંતોમાં વહેંચી દેવાતું, અને દરેક પ્રાંતને એક સેનાધિકારીના રક્ષણ હેઠળ રાખવામાં આવતો અને સેનાધિકારીને મહાક્ષત્ર કહેતા. તેનાથી નીચા સ્થાનમાં ક્ષત્રપો રહેતા. આમનું કામ રાજ્યપાલ જેવું હતું. તેઓને પોતાના અભિલેખો કોતરાવવાની તેમ જ સિક્કાઓ પાડવાની પણ છૂટ રહેતી. આનો અર્થ એ થયો કે તેઓ સામાન્ય રીતે વહીવટી માળખામાં જેટલી સત્તા હોય તેના કરતાં ઘણી વધારે સત્તાઓ ભોગવતા હતા. શક રાજાઓ (રાજાઓના રાજા) રાજાધિરાજ જેવા ઉચ્ચ નામોને 'મહારાજ' ઉપરાંત પોતાના ખિતાબ તરીકે ઉમેરવા લાગ્યા. 'મહારાજ' શબ્દ ગ્રીકો પાસેથી અપનાવેલો હતો.

## 23.6 પાર્થિયનો (The Parthians)

પહેલાં જ જણાવ્યું છે કે કેટલાક પ્રાચીન ભારતીય સંસ્કૃત ગ્રંથોમાં શકો અને પાર્થિયનોને સાથે સાથે મૂકીને તેમનો શક-પહલવ તરીકે ઉલ્લેખ કરાયો છે. શકો અને પાર્થિયનોનાં શાસન સમકાલીન હતાં. અને તે ઉત્તર પશ્ચિમ અને ઉત્તર ભારત પૂરતાં પરંતુ નાનાં નાનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં હતાં.

પાર્થિયનોનું ઉદ્‌ભવસ્થાન ઈરાન હતું શક્ય છે કે પાર્થિયન રાજવી કુટુંબો આરંભમાં પાર્થિયન ઈરાની રાજવીઓના પ્રતિનિધિઓ તરીકે ઉત્તર -પશ્ચિમ ભારતમાં આવ્યા હોય. સીસ્તાનના શકો પાર્થિયનો સાથે નજીકના સંપર્કો ધરાવતા હતા, અને તેથી જ ભારતમાંના શકોમાં પણ આપણે મૂળ સિથિયન અને ઈરાની પાર્થિયન તત્ત્વોનું મિશ્રિત સ્વરૂપ જોઈએ છીએ.

સહુથી બળવાન પહલવ રાજા હતો ગોન્ડોફર્નિસ. તેનું શાસન કાબુલથી લઈને પંજાબ સુધી તથા પહલવ સામ્રાજ્યના ઈરાની વિસ્તારો સુધી વિસ્તર્યું હતું. તેના સિક્કાઓ તપાસતાં જણાય છે કે તે નિમ્ન અધિકારી આરંભમાં હતો. પણ પછી તેણે સ્વતંત્ર સત્તા પ્રાપ્ત કરી લીધી. ગોંડોફેઝનું નામ સેન થોમસ સાથે પણ સંકળાયેલું મનાય છે. એક પરંપરા પ્રમાણે સેન્ટ થોમસે ઇઝરાયલથી યાત્રા શરૂ કર્યા પછી યાત્રા દરમિયાન ગોંડોફ્રેઝના દરબારમાં આવ્યા. તેઓ ભારતમાં ખ્રિસ્તી ધર્મ ફેલાવવા માટે આવ્યા હતા.

પાર્થિયન રાજાઓના સિક્કાઓમાં બહુ ઓછા ચાંદીના સિક્કાઓ મળી આવે છે. તેનુ કારણ કદાચ ઇન્ડો - પાર્થિયન સામ્રાજ્યની આર્થિક સ્થિતિ બહુ સમૃદ્ધ ન હોય તેમ મનાય છે. કેટલાક વિદ્વાનો સૂચવે છે કે પાર્થિયનોની પહેલાંના શકો તથા ગ્રીકોએ ચાંદીનું ચલણ ખૂબ મોટા પ્રમાણમાં દાખલ કર્યું હતું. તેનાથી પાર્થિયનોની જરૂરિયાત સંતોષાતી જતી હોય તેમ બને અને તેથી તેમના પોતાના ઊંચી કિંમતના ચાંદીના સિક્કા તેમણે ચલણી ન કર્યા

હોય તે શક્ય છે. તેને બદલે ઓછી કીમતવાળા અને કીમતી ધાતુનું ઓછી કીમતી ધાતુ સાથે મિશ્રણ કરીને બનાવેલા સિક્કાઓ તેમણે વધુ પ્રમાણમાં પોતાના ચલણમાં મૂક્યા હોય તેમ બને.

ગોંડોફ્રેઝ પછી અબ્ડાગાસીસને ગાદી મળેલી જણાય છે. બન્નેએ સાથે પાડેલા કેટલાક સિક્કાઓથી જણાય છે કે તેને તેના કાકા સાથે સંયુક્ત સત્તા પહેલાં મળી હતી, જોકે તેનું સ્થાન ગૌણ હતું. આ બન્નેનાં નામ ધરાવનાર ઘણા સિક્કાઓ મળી આવે છે. તક્ષશિલાના સિરકેપ (Sirkap) સ્થળેથી મળી આવેલ કેટલાક સિક્કાનાં જૂથો દ્વારા આપણે પાર્થિયનોના અંત વિશે જાણીએ છીએ. આ સાથે જ આપણે જાણવું જોઈએ કે વખત જતાં પાર્થિયનો પણ ભારતીય સમાજમાં એકરૂપ થઈ ગયા.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(૧) નીચેના વિધાનો વાંચી તે સાચાં છે(✓) કે ખોટાં(✗) તેની નિશાની કરો:

(1) મૌર્યોના પતન પછી તુરત જ શુંગો આવ્યા.

(2) ઈ.સ.પૂ.200થી ઈ.સ. 300 સુધીના સમયગાળા માટે પૌરાણિક સાહિત્ય માહિતી સાધનોમાં ઘણું મહત્ત્વ ધરાવે છે.

(3) 'હર્ષચરિત'ના રચયિતા કાલિદાસ છે.

(4) મીનેન્ડર બૌદ્ધ ધર્મમાં વટલાયો હતો.

(5) જૂનાગઢનો શિલાલેખ સંસ્કૃતમાં લખાયો છે.

(૨) શુંગો કોણ હતા ? તેમના શાસનની રૂપરેખા આપો. દસેક લીટીમાં ઉત્તર લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) ઉત્તર પશ્ચિમ ભારતમાં શકોના શાસનનું મહત્ત્વ શું હતું ? દસેક લીટીમાં સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(4) ઈ.સ. પૂર્વે 200થી માંડીને ઈ.સ. 300 સુધીના સમયગાળાના ઇતિહાસ માટે કયું માહિતીસાધન સૌથી મહત્ત્વનું છે ? પાંચેક લીટીમાં સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 23.7 કુશાણો (The Kushanas)

હવે આપણે અન્ય એક રાજવંશનો અભ્યાસ કરીએ જે પાર્થિયનો પછી ઉત્તર પશ્ચિમ ક્ષેત્રમાં આવ્યો અને ધીરેધીરે એક પછી એક તબક્કે તેની ભૂમિનો વિસ્તાર કરતા ગયા અને ઉત્તર ભારતના પ્રદેશોમાં પણ પહોંચી ગયા. કુશાણોને યુહ-ચી અથવા ટોકારિયન્સ પણ કહેવાય છે. યુહ-ચી જાતિના પાંચ શાખામાંની એક શાખા કુશાણોની હતી. તેઓ આમ તો ભ્રમણશીલ ગોપ જાતિના હતા અને ઉત્તર મધ્ય એશિયાના પહાડોમાંથી ઊતરી આવેલા હતા. તેઓ ચીનની પાસેનાં ક્ષેત્રોમાં રહેતા હતા. આ તે જ જાતિ હતી જેણે આગળ ધપતાં ધપતાં શકોને બેક્ટ્રિયામાંથી અને પાર્થિયનોને ગાંધાર ક્ષેત્રમાંથી તગેડી નાંખ્યા. કુશાણોએ પહેલાં તો ભારતની સીમાની બહારની ભૂમિને વ્યવસ્થિત કરી. ધીમે ધીમે તેઓ ભારતમાં પોતાની ભૂમિ વધારવા લાગ્યા, અને સિંધુ નદીનો નીચેનો ભાગ અને લગભગ આખો જ ગંગાનો ખીણ પ્રદેશ વારાણસી સુધીનો તેમના શાસન હેઠળ આવ્યો. તેમનું સામ્રાજ્ય લગભગ એક સદીથી થોડાં વર્ષ વધુ ચાલ્યું. ભારત સાથેનો તેમનો સંબંધ ભારતના સમાજમાં તેમનું ભળી જવું અને તેમણે કરેલું ભારતીય સંસ્કૃતિમાં પ્રદાન, આ બધાનો ઊંડો પ્રભાવ ભારતીય માનસ ઉપર પડ્યો છે. શકો અને પહલવોની જેમ કુશાણો પણ મહાકાવ્યોમાં, પૌરાણિક અને અન્ય સાહિત્યમાં ઉલ્લેખનીય બન્યાં છે. એક રીતે કુશાણોનું સામ્રાજ્ય ઘણું મહત્ત્વનું હતું, કેમકે તે ભૂમધ્ય સમુદ્રની દુનિયા, પશ્ચિમી એશિયા, મધ્ય એશિયા, ચીન અને ભારત બધાંના સંમેલનસ્થાન જેવું હતું.

જે સિક્કાઓ, શિલાલેખો અને અન્ય માહિતી સાધનો આપણી પાસે છે તે ઉપરથી એમ જણાય છે કે કુશાણોના બે વંશોએ શાસન કર્યું હોવું જોઈએ. પહેલા વંશની સ્થાપના કુજુલ કાડફિસીસે કરી ગણાય છે જેણે યુહ-ચી જાતિની પાંચે શાખાઓને એકઠી કરીને ભારત પર વિજયી હુમલા કર્યા. તેણે પોતાનું શાસન કાબુલ અને કાશ્મીરમાં ઊભું કર્યું. કુજુલ કાડફિસીસે તાંબાના જુદી જુદી જાતના સિક્કાઓ પડાવ્યા છે. તેના એક જાતના સિક્કાની શૈલી રોમન શૈલી પ્રમાણે એક પુરુષનું ઉપલું અર્ધશરીર (Bust) બતાવે છે. કુજુલ કાડફિસીસ બાદ વિમા કાડફિસીસ ગાદીએ આવ્યો જેણે સિક્કાઓના વિકાસમાં નવો તબક્કો શરૂ કર્યો. ભારતીય રાજાઓની સોનાના સિક્કાઓ પાડવાની જે પરંપરા છે તેને વિમા કાડફિસીસે શરૂ કરી. રોમનોની વજન પદ્ધતિને લગભગ અનુસરતા જુદા જુદા વજનના સોનાના સિક્કાઓની શ્રેણી તેણે ચાલુ કરી. આ રીત પછી ચાલુ જ રહી અને છેક ગુપ્ત સામ્રાજ્યના પતન સુધી તેનું ચલણ રહ્યું : જાહેર છે કે વિમાના આ સોનાના અને તાંબાના સિક્કાઓ એ બાબતને સ્પષ્ટ કરે છે કે તે સમયના રોમ સાથે ભારતને સંપર્ક ગાઢ હતો.

કાડફિસીસ શાસકો પછી કનિષ્ક પહેલો ગાદીએ આવ્યો, જે કુશાણોમાં સૌથી વધુ જાણીતો સમ્રાટ છે. ખાસ કરીને તેના બૌદ્ધ ધર્મ સાથે તે કઈ રીતે સંબંધિત હતો તે હજી રહસ્ય જ છે. પરંતુ તે મધ્ય એશિયાનો હતો તે નિશ્ચિત છે. તે કદાચ સીધા કૌટુમ્બિક સંબંધથી પહેલા બે શાસકો સાથે સંબંધ ધરાવતો નહોતો, એટલું જણાય છે. કનિષ્કના સમયમાં કુશાણ સત્તાનો સૂરજ મધ્યાહ્ને તપતો હતો. તેનો સમય ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનો છે. એ સમયમાં ઉત્તર ભારતમાં ઘણો સાંસ્કૃતિક વિકાસ થયો અને જુદા જુદા ભૌગોલિક પ્રદેશોના લોકોનું અરસપરસ સંમિશ્રણ પણ થયું.

કનિષ્ક પહેલો ક્યારે ગાદી પર આવ્યો તે માટે જુદો જુદો સમય ગણવામાં આવે છે, તે ઈ.સ. 78 અને ઈ.સ. 144ની વચ્ચેનો છે કે પછી થોડો મોડો પણ ગણાય છે. એક સંવત જે ઈ.સ. 78માં શરૂ થયો તે લોકમાન્યતા મુજબ શક સંવત છે અને ઘણું કરીને તે જ વર્ષ કનિષ્કને ગાદીએ આવવાનું વર્ષ છે. કનિષ્કનું સામ્રાજ્ય મધ્ય પ્રદેશમાં સાંચીથી લઈને ઉત્તર પ્રદેશમાં વારાણસી સુધી વિસ્તાર પામ્યું. મથુરાનું સ્થાન સામ્રાજ્યની બીજી રાજધાની જેવું જણાય છે. પ્રથમ સ્થાન તો આધુનિક પેશાવરની નજીકનું પુરુષપુર હતું જ્યાં કનિષ્કે એક મોટો સ્તૂપ અને એક વિહાર બંધાવ્યા.

બૌદ્ધ ધર્મના ઇતિહાસમાં કનિષ્ક પહેલાનું સ્થાન મહત્ત્વનું છે, કેમ કે તે આ ધર્મનો મહાન આશ્રયદાતા હતો. તેણે ચોથી ધર્મપરિષદ બોલાવી અને તેમાં બૌદ્ધ ધર્મના આધ્યાત્મિક સિદ્ધાંતો અને ધર્મશાસ્ત્રો વિશે ચર્ચાવિચારણા કરી બૌદ્ધ ધર્મના 'મહાયાન' સંપ્રદાયને આ પરિષદે સ્પષ્ટ સ્વરૂપ આપ્યું. આ સમયમાં બૌદ્ધ ધર્મના પ્રચારને પણ ઉત્તેજન મળ્યું અને ભિખ્ખુઓ મધ્ય એશિયા તથા ચીનમાં પણ પ્રવાસ કરવા લાગ્યા. કલા તેમ જ સંસ્કૃત સાહિત્યને પણ કનિષ્કે રાજ્યાશ્રય આપ્યો. તેણે અન્ય ધર્મોને પણ યોગ્ય માન આપ્યું.

કનિષ્કના અનુગામીઓએ એક સદી સુધી રાજ્ય કર્યું, પરંતુ ક્રમશઃ તેઓની શક્તિ ઘટતી ગઈ. કેટલાક કુશાણ રાજાઓએ ભારતીય નામો ધારણ કર્યા, જેવાં કે વસુદેવ. અફઘાનિસ્તાન અને સિંધુ નદીની પશ્ચિમનાં ક્ષેત્રોમાંથી ત્રીજી સદીની મધ્યમાં, કુશાણોને બદલે ઈરાનના સસનીન સમ્રાટોની સત્તા ફેલાઈ. તેમણે તક્ષશિલા તેમ જ પેશાવર પણ લઈ લીધાં અને કુશાણો તેમના ખંડિયા બની ગયા.

## 23.8 ઉત્તર ભારતનાં સ્થાનિક રાજ્યો (Local Powers of North India)

અત્યાર સુધી આપણે ઉત્તર અને વાયવ્ય પશ્ચિમ ભારતમાં ઈ.સ.પૂ. 200થી માંડીને ઈ.સ. 300 સુધીના સમય ગાળામાંની મુખ્ય સત્તાઓ વિશે જાણ્યું. એ યાદ રાખવું ઘટે કે આ મોટાં રાજ્યો સાથે જ કેટલાંક નાનાં નાનાં રાજ્યો પણ ખૂણે ખાંચરે મળી આવે છે, જેઓનું શાસન નાના મોટા સમયગાળા માટે ચાલ્યું હતું. આવાં નાનાં સ્થાનિક રાજ્યો વિશે થોડુંક જાણીએ.

આપણે કણ્વોનો ઉલ્લેખ અગાઉ કરી ચૂક્યા છીએ. તેમને 'કાણ્વયન' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમનું શાસન સ્થાપનાર વાસુદેવ હતા અને શુંગો પછી તરત જ તેઓ સત્તા પર આવ્યા. પરંતુ તેમનું શાસન લાંબું ટક્યું નહિ અને કદાચ મગધ પૂરતું જ સીમિત પણ હતું. તેમના નામનો ઉલ્લેખ પુરાણોમાં થયો છે. આ શાસકોએ ઘણું કરીને કેટલાક પ્રકારના સિક્કાઓ પડાવ્યા હતા એમ જણાય છે.

પશ્ચિમ તરફ ગંગા-યમુનાના તટ-પ્રદેશમાં પણ કેટલાંક સ્થાનિક સત્તાધારી કુટુંબો વિશે આપણે સિક્કાઓ દ્વારા જાણી શકીએ છીએ. આને લીધે એમ સ્પષ્ટ થાય છે કે અયોધ્યા, કૌશામ્બી, મથુરા અને પાંચાલમાં સ્વતંત્ર રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં જેઓ સમકાલીન હતાં.

પંજાબ ઘણું શુંગ સત્તા નીચે હતું પણ પુષ્યમિત્રના અનુગામીઓએ તેને ખોયું. રાવી સુધી ગ્રીક લોકોએ સત્તા ફેલાવી. પછીના શુંગ રાજાઓની નબળાઈનો લાભ લઈને અને પોતાની આર્થિક સમૃદ્ધિને લીધે કેટલીક ક્ષત્રિય જાતિઓએ રાવી અને યમુનાની વચ્ચેના ક્ષેત્રમાં સ્વતંત્ર સત્તા મેળવી લીધી. આમાનાં કેટલાંક આ મુજબ હતાં:

* ઔદંબરો જે રાવી અને બિયાસના તટપ્રદેશમાં ઉત્તરી ક્ષેત્રે શાસન કરતા હતા.
* કુનિન્દાઓ જેઓ બિયાસ અને યમુનાના પ્રવાહોની ઉપરનાં શિવાલિક ટેકરીઓના ક્ષેત્રોમાં હતા.
* ત્રિગાર્તો જે રાવી અને સતલજની મધ્યની ભૂમિમાં હતી.
* યૌધેયો પ્રખ્યાત લડાયક પ્રજા હતી અને સતલજ અને યમુનાની મધ્ય ભૂમિ તેમ જ પૂર્વી રાજસ્થાનમાં તેઓ શાસન કરતા હતા.
* અર્જુનયનો, માલવો અને સીબીઓ પણ રાજસ્થાનના જુદા જુદા ભાગમાં વહેંચાયેલા હતા.

આ સમયે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો બીજો પ્રદેશ હતો ઓરિસ્સાનું કલિંગ. તમને એ વાત જરૂર યાદ હશે કે અશોકે સ્થાનિક સત્તા પાસેથી કલિંગ ફરીથી મેળવ્યું હતું. જોકે તે વખતનો કલિંગનો શાસક કોણ હતો તે આપણે જાણતા નથી. મૌર્ય સામ્રાજ્યના પતન બાદ ત્યાંના સ્થાનિક શાસકો મહામેઘવાદવંશના હતા તે આપણે જાણીએ છીએ. તેઓ ચેદી વંશની એક પ્રશાખાના હતા. આ વંશનો ત્રીજો શાસક હતો ખારવેલ. તેના હાથી ગૂંફા શિલાલેખથી તે ઘણો પ્રખ્યાત થયો છે, જે શિલાલેખ ભુવનેશ્વર નજીક આવેલી ઉદયગિરિ પર્વતમાળામાંથી મળી આવ્યો છે. આ શિલાલેખમાં ખારવેલની કારકિર્દી વિશે દરેક વર્ષનો અહેવાલ આપ્યો છે તે અહેવાલ તેર વર્ષ સુધી અવિરત ચાલે છે. તેમાં જણાવ્યા મુજબ ખારવેલ એક મહાન સમ્રાટ હતો અને તેના સૈન્યે ઉત્તર ભારતમાં ઘણાં વિજયો કર્યા હતા. તેનાં સૈન્યો પશ્ચિમ ભારત અને દક્ષિણ ભારતમાં પણ ફરી વળ્યાં હતાં, ઉપરાંત ઘણા સાર્વજનિક કાર્યો તેણે પ્રજાના હિતાર્થે હાથ ધર્યાં. તે જૈન ધર્મનો અનુયાયી હતો. તેણે ઉદયગિરિમાં જૈન મુનિઓ માટે ગુફા-વિહારો પણ બનાવ્યા હતા.

## 23.9 મધ્ય એશિયા અને ઉત્તર ભારત વચ્ચેના સંપર્કોનું મહત્ત્વ (Signiticance of Contacts Between central Asia and north India)

પરદેશી શાસકો ઉત્તર અને વાયવ્ય ઉત્તર-પશ્ચિમી ભારતમાં લાંબો સમય સત્તાધારી રહ્યા. તેનો અર્થ એ થયો કે તેમની સાથે જ નવાં સાંસ્કૃતિક તત્ત્વો આવ્યાં અને આ તત્ત્વોનું મુખ્ય ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં સંમિશ્રણ થયું. એનાથી વેપાર, ઉદ્યોગ, કલાની શૈલીઓ આદિ પાસાંઓ ઉપર આ સંપર્કોની અસર પડી. આપણે હવે મધ્ય એશિયાના આ પ્રભાવને જુદા જુદા સંદર્ભોમાં સમજીએ.

### 23.9.1 વેપાર અને તકનિકી (Trade and Technology)

પરદેશીઓના આવજાને લીધે મધ્ય એશિયા અને ભારત વચ્ચે નિયમિત વેપારી સંબંધો ઊભા થયા. અફઘાનિસ્તાન સાથે તો આ સમય પૂર્વેથી જ વેપારી સંબંધો હતા જ જેમાં મધ્ય એશિયાના સંપર્કે નવા માર્ગો પણ ઉઘાડી આપ્યા. આમાંનો એક વેપારી માર્ગ 'જૂના રેશમમાર્ગ' (old silk route) તરીકે ઓળખાય છે. જુદી જુદી જાતિના વેપારીઓ આ માર્ગો પર વસાહતો સ્થાપતા અને વેપારીઓને વેપારમાં સરળતા રહેતી. આવાં સ્થળોમાં કશઘર, યાર્કન્દ, ખોતાન, મિરાન વગેરે મુખ્ય હતાં.

વેપારને ઉત્તેજન મળવાનું કારણ માત્ર વ્યાપારીઓ જ નહીં બલકે બૌદ્ધ સાધુઓનું પ્રચારકાર્ય પણ હતું. વેપાર વધવાને લીધે ચીન સાથેના વાહનવ્યવહારમાં વિકાસ થયો. કુશાણો માટે આ રેશમ માર્ગવાહન વ્યવહારમાં જે ચીન અને મધ્ય એશિયામાંથી જતો હતો તે માર્ગ પછી અફઘાનિસ્તાન અને પશ્ચિમ એશિયા સુધી લંબાયો. કુશાણોને આ વ્યાપારમાર્ગોથી ખૂબ જ લાભ થતો હતો. તેઓ વેપારી ઉપર કરવેરાઓ નાખતા હતા. મધ્ય એશિયાના આલ્તાઈ પહાડોમાંથી ભારતમાં વિપુલ પ્રમાણમાં સોનું આવ્યું. રોમ સાથેના વેપારમાંથી પણ આ સોનું મળતું રહ્યું. એક વિશિષ્ટ બાબત છે કે સર્વ પ્રથમ મોટા પાયા ઉપર સોનાના સિક્કાઓ પાડનાર રાજવીઓ કુશાણ વંશના હતા. વ્યાપારી માર્ગો અને અન્ય સંપર્કો વિશે એકમ 24માં તમે વધુ વિગતો મેળવી શકશો.

શકો અને કુશાણોએ અશ્વસેના અને યુદ્ધની જુદી જુદી રીતો (technology) અથવા કાર્યપદ્ધતિઓ ભારતમાં દાખલ કરી. અશ્વસવારી વધુ લોકપ્રિય થવા લાગી. લગામો અને જીનનો ઉપયોગ વધ્યો. તેનો પુરાવો આ સમયનાં બૌદ્ધ શિલ્પોમાંથી પ્રાપ્ત થાય છે. વળી માટીની જે અનેક મૂર્તિઓ અફઘાનિસ્તાનનાં બે ગામમાંથી મળી આવી છે અને જે આ અશ્વસવારીને લગતા દેખાવોને મૂર્તિમંત કરે છે. મધ્ય એશિયાવાસીઓ પાસેથી ઉપયોગમાં યોદ્ધાઓ જે ટોપી હલ્મેટ અને બૂટ વાપરતા હતા તેવા જ ઉત્તર પશ્ચિમ એશિયાના લોકોમાં ભારે ઘેલછા હતી.

### 23.9.2 વાસ્તવિક અવશેષો (Material Remains)

બાંધકામ, માટીકામ અને સિક્કાઓ જેવી ચીજોના અવશેષોથી સ્પષ્ટ થાય છે કે પહેલાંના કૌશલ્યમાં કેટલાંક નવાં તત્ત્વો આ સમયમાં ઉમેરાયાં. શક-કુશાણ કાળમાં બાંધકામની કલામાં દેખી શકાય તેવો વિકાસ થયો. ઉત્તર ભારતનાં ઘણાં બાંધકામોમાં પુરાતત્ત્વીય ખોદકામ દરમિયાન વિભિન્ન સ્તરો જણાયા છે. તેથી જણાય છે કે છત તેમ જ ફરસ પર પકવેલી ઈંટો વપરાતી હતી. ઈંટકામથી કૂવાઓ પણ આ કાળથી બંધાવા લાગ્યા. આ સમયના માટીકામમાં લાલ માટીકામ થયું છે ને સાદું તેમ જ સુંવાળુ પણ છે. તે કેટલીક વાર મધ્ય અથવા કેટલીક વાર ઝીણી બનાવટનું પણ મળી આવેલ છે. તેના માટીકામના જાણીતા નમૂનાઓ છે. ઝારીઓ અને નાળચાવાળા ઘડાઓ મધ્ય એશિયામાં મળી આવતી માટીકામની ચીજો સાથે આ બધાંની સરખામણી થઈ શકે છે. કુશાણોએ સિક્કાઓના ઘાટ તથા નકશી માટે રોમન નમૂના વાપર્યા છે તે સ્પષ્ટ છે. જોકે એ બાબતમાં કેટલીક તેમની પોતાની વિશિષ્ટતાઓ પણ રહેલ છે જ.

### 23.9.3 રાજકીય સંગઠન (Polity)

શકો અને કુશાણો રાજાના સત્તા માટેના 'દૈવી હક્ક'ને ખાસ માન્યતા આપતા હતા. કુશાણ રાજાઓને 'દેવ પુત્ર' ખિતાબ આપવામાં આવતો. આ ખિતાબ કદાચ ચીનના રાજાઓ પાસેથી લેવામાં આવ્યો હોય તેમ બને. રોમન ખિતાબ 'સીઝર'નું ભારતીય નામ પણ તેઓ કદીક વાપરતા અને રાજાની સત્તા સર્વોપરી છે તે ભાવ પર જોર દેવા આવા ખિતાબોનો ઉપયોગ થતો. આવા જ વિચારો બ્રાહ્મણ ધર્મના સ્મૃતિકાર મનુના નીતિશાસ્ત્રમાં પણ જણાય છે.

વહીવટી ક્ષેત્રે શકોએ 'શ્રત્રપ' પ્રથા દાખલ કરી. આખુંયે સામ્રાજ્ય 'શ્રત્રપો'માં વહેંચવામાં આવ્યું. તાબેદાર રાજવીઓ દ્વારા તેનો વહીવટ થતો એના પુરાવા મળી આવે છે. જિલ્લા અને તાલુકા જેવા નાનાં વહીવટી ક્ષેત્રો માટે 'મેરીદર્ખસ' (meridarkhs) નામના અધિકારીઓ ગ્રીક શાસનમાં પ્રવર્તમાન હતા. અભિલેખીય તેમ જ સિક્કાઓ દ્વારા આપણને ઘણા બધા ક્ષત્રપો અને મહાક્ષત્રપો વિશે માહિતી મળે છે (જુઓ 23.5).

કેટલાક પરદેશી રાજાઓએ દ્વિમુખી રાજ્યપદ્ધતિ દાખલ કરી, જેમાં બે રાજાઓ સાથે જ રાજ્ય કરે. એકનો દરજ્જો બીજા કરતાં થોડો ઊંચો હોય. દાખલા તરીકે પિતા અને પુત્ર એક જ રાજ્યના રાજાઓ સાથે સાથે જ હોય. લશ્કરી રાજ્યપાલ (governor) બનાવવાની પદ્ધતિ ઘણું કરીને ગ્રીકોએ શરૂ કરી. તેમને 'સ્ટ્રાટેગોઝ' તરીકે ઓળખવામાં આવતા. તેમનું મહત્ત્વ બે રીતે હતું : (અ) સ્થાનિક પ્રજા પર રાજાનું શાસન કાયમ રાખવામાં અને (બ) ઉત્તર પશ્ચિમમાંથી આવતા હુમલાઓનો સામનો કરવા રોકવામાં.



ભા.ઈ.૨૦૦-૩૦૦-૫

### 23.9.4 ધર્મ અને કલાસ્વરૂપો (Religion and Art forms)

આપણે અગાઉ નોંધ્યું કે મિનેન્ડર અને કનિષ્ક જેવા રાજાઓએ બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો. અન્ય કેટલાક શાસકો એ વિષ્ણુ અથવા શિવના ભક્તો બનવાનું પસંદ કર્યું હતું. એક કુશાણ રાજાએ પોતાનું નામ 'વાસુદેવ' રાખ્યું હતું, જે નામ શ્રી કૃષ્ણના અનેક નામોમાંનુ એક છે. શ્રીકૃષ્ણ વિષ્ણુના અવતાર ગણાય છે. કેટલાક કુશાણ રાજાઓએ શિવ અને બુદ્ધ બન્નેની પૂજા કરવાનું ઠરાવ્યું જણાય છે, કેમ કે કેટલાક સિક્કાઓમાં આ બન્નેને દેખાડવામાં આવ્યા છે. આ બધાથી આપણે સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ કે વિદેશી લોકો ધીરે ધીરે ભારતીય વિચારો અને સંસ્કૃતિ તેમ જ ધર્મને અને ધાર્મિક વિધિઓને અપનાવતા ગયા. એની પ્રક્રિયા રાજવીઓના સ્તરે પણ હતી. વિદેશી રાજાઓ ભારતીય કલા અને સાહિત્યના આશ્રયદાતા પણ હતા. આપણી પાસે પ્રમાણ છે કે ભારતીય કારીગરો સાથે બહારના સલાટો અને અન્ય કારીગરોનો નિયમિત સંપર્ક આ સમયમાં હતો. તેથી અતિકુશળ એવા રોમન અને ગ્રીક કારીગરોના સંપર્કમાં ભારતીય કારીગરો આવ્યા. ગાંધાર કલાશૈલીમાં કોતરાયેલી બુદ્ધની પ્રતિમાઓમાં આ વિવિધ સાંસ્કૃતિક તત્ત્વોનું જે સુંદર મિશ્રણ આ પ્રદેશમાં ઊભું થયું હતું તેનો દાખલો મળે છે. ગાંધાર શૈલીનો પ્રભાવ પછીથી મથુરાની કલા ઉપર પણ પડ્યો. આ સ્થળેથી પણ બુદ્ધની અતિસુંદર પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે અને કલાના અન્ય નમૂનાઓ પણ મળી આવે છે. આ ઘટકનાં કલા અને સ્થાપત્ય વિશેના એકમમાં તેની વિગતે ચર્ચા કરી છે.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(અ) નીચેનાં વિધાનો સાચાં (✓) કે ખોટાં (✗) છે તે કહો:

(1) કુશાણો મૂળમાં યુહ-ચી જાતિના હતા.

(2) કાણ્વાયનો મગધમાંથી શાસન કરતા સ્થાનિક વંશના રાજાઓ હતા.

(3) યૌધેયો પ્રખ્યાત લડાયક જાતિના હતા અને રાવી તથા સતલજની વચ્ચેની ભૂમિ પર શાસન કરતા હતા.

(બ) પંદર લીટીની ટૂંકનોંધ લખો.

(1) મધ્ય એશિયા સાથેના સંપર્કનો પ્રભાવ.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

(2) ભારતીય સમાજમાં પરદેશીઓનો સમાવેશ.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

## 23.10 સારાંશ

ગ્રીકો,શકો, પાર્થિયનો તેમ જ કુશાણો ભારતીય સમાજમાં ક્રમશઃ એકરૂપ થઈ ગયા. તેઓ ભારતમાં લડાયક પ્રજા તરીકે આવ્યા હોવાથી તેમાંના મોટા ભાગના લોકોને ભારતીય સમાજમાં યોદ્ધાઓ અથવા 'ક્ષત્રિયો' તરીકેનું સ્થાન મળ્યું, હિન્દુ નીતિશાસ્ત્રના રચયિતાઓ દ્વારા આ સંમિશ્રણ સ્વાભાવિક તેમ જ કાનૂની કરવા માટે કેટલાક ઉપાયો કર્યા. તેઓને એવા ક્ષત્રિયો ગણવામાં આવ્યા જે પોતાની ફરજો ચૂકી ગયા હોય. આમ શાંતિપૂર્ણ ઉપાયોથી આ વિદેશી પ્રજાઓને ભારતીય સમાજમાં સંમિલિત કરવામાં આવી. આથી ભારતીય સમાજ પણ વધુ સમૃદ્ધ બન્યો તે નિ:શંક છે. એના વિના તે અધૂરો જ રહ્યો હોત.

આ એકમમાં આપણે મૌર્યોના પતન પછીના સમયથી માંડીને લગભગ ઈ.સ. 300 સુધીના સમય ગાળામાં થયેલા રાજકીય ફેરફારો વિશે ચર્ચા કરી. ઉત્તર ભારતમાં રાજકીય સત્તા એવાં જૂથોના હાથમાં આવી જેઓ મૂળ મધ્ય એશિયાના વતનીઓ હતા અને ફરતા ફરતા ભારતની વાયવ્ય ઉત્તર-પશ્ચિમ સરહદે આવી પહોંચ્યા હતા. આ વિકાસને લીધે મધ્ય એશિયા સાથેનો વાહનવ્યવહાર વધી ગયો. વિવિધ દેશોની સાથેના વ્યાપાર તથા વિચારો વગેરેની લેણદેણથી પ્રજાની આવનજાવન પર તેમ જ સંસ્કૃતિનાં મહત્ત્વનાં અંગો પર એનો ખૂબ જ પ્રભાવ પડ્યો.

## 23.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

સ્વા. (ક)

(ક) (1) ✓ (2) ✓ (3) ✗ (4) ✓ (5) ✓

(ખ) જુઓ 23.3

(ગ) જુઓ 23.5

(ઘ) જુઓ 23.2

સ્વા. (ખ)

(ક) (1) ✓ (2) ✓ (3) ✗ (4) ✓

(ખ) આ ઉત્તરમાં વેપાર અને ઉદ્યોગ, રાજ્ય શાસન પદ્ધતિ તેમ જ ધર્મ અને કલાનાં સ્વરૂપો વિશે ભાર દેવો જોઈએ (જુઓ 23.9).

(ગ) જુઓ 23.7

# એકમ 24 વ્યાપારનું વિસ્તરણ અને શહેરીકરણ (Expansion in Network of Trade and Urbanisation)

## રૂપરેખા


24.0 ઉદ્દેશો
24.1 પ્રસ્તાવના
24.2 ભૌગોલિક પૂર્વભૂમિકા
24.3 રાજકીય માળખું
24.4 વ્યાપારનું વિસ્તરણ તથા ચીજોનું ઉત્પાદન
  24.4.1 આંતરિક વ્યાપાર
  24.4.2 વિદેશી વ્યાપાર
  24.4.3 મુખ્ય વ્યાપારી માર્ગો
  24.4.4 શહેરી વ્યાપાર કેન્દ્રો
24.5 વ્યાપારમાં ધર્મની ભૂમિકા
24.6 વેપારીઓનું સ્થાન
24.7 સારાંશ
24.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 24.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી તમે સમજી શકશો કે-

* વ્યાપારની ચીજો કેવી રીતે બનાવાતી હતી અને મેળવાતી હતી.
* વ્યાપાર કઈ રીતે કરાતો હતો અને સંગઠિત કરાતો હતો.
* ઉત્તર ભારતમાં કયા મુખ્ય વ્યાપારી માર્ગો હતા.
* મોટાં મહત્ત્વનાં વેપારી કેન્દ્રો ઊભાં થયાં.

## 24.1 પ્રસ્તાવના

વૈદિક સમયના ઉત્તરાર્ધમાં થયેલા વિકાસથી ઈ.સ. પૂ. છઠ્ઠી સદીમાં શહેરો શી રીતે વિસ્તર્યાં તે તમે ચોથા વિભાગમાં જોયું.

વૈદિક સમયના ઉત્તરાર્ધમાં થયેલા વિકાસથી ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં શહેરો શી રીતે વિસ્તર્યાં હતાં.

વિભાગ 4માં તમે જોયું કે આ પ્રારંભિક શહેરો ગંગાના તટ ઉપર અથવા તેની બીજી નદીઓના તટે વસ્યાં હતાં. કેમ કે નદીનો ઉપયોગ માલની હેરફેર માટે થતો. તેમાંનો મોટો ભાગ તો રાજધાનીઓ, અથવા રાજાશાહી શાસનોનાં રાજકીય કેન્દ્રો હતાં. કેટલાંકને ફરતે માટીની દીવાલો રહેતી, અને તટ ઉપર પણ માટીનો સંરક્ષક પાળો બંધાતો. તેમ છતાં તે ઘણુંખરું આયોજિત નગરો ન હતાં. આ પ્રારંભિક શહેરોનું ખોદકામ હજી થોડુંક જ થયું છે. અને જે થયું છે તેમાંથી કોઈ નોંધપાત્ર અવશેષો મળ્યા નથી. છેક મૌર્ય યુગમાં રાજધાનીને રાજગૃહથી પાટલીપુત્રમાં ખસેડવામાં આવી, ત્યાર પછી થોડા બાંધકામના અવશેષો મળે છે. આની સરખામણીમાં મૌર્યોના પતન પછીના કાળમાં આ શરૂઆતનાં લક્ષણો ખૂબ ઝડપથી વિકાસ પામ્યાં, શહેરોની સંખ્યા વધી અને તેમાં રાજકીય તેમ જ વ્યાપારી મહત્તા ધરાવતી પ્રવૃત્તિ થવા લાગી. રહેઠાણનાં અને સાર્વજનિક મકાનો, તેમ-જ કિલ્લા જેવાં બાંધકામોમાં ઈંટોનો ઉપયોગ મોટા પ્રમાણમાં થવા લાગ્યો. આ જ સમયે વિશાળ અને પ્રભાવશાળી બાંધકામો ધાર્મિક હેતુસર પણ બંધાવા લાગ્યાં અને તેની સજાવટ પણ ઘણી કરવામાં આવી.

વ્યાપારી પ્રવૃત્તિઓ મુખ્યત્વે જરૂરિયાતની ચીજો, જેવી કે મીઠું, ધાતુઓ વગેરેમાં વધારે થતી. મૌર્યોના વખતમાં વ્યાપારી માર્ગોનું મહત્ત્વ વધ્યું હતું. આનાં બે કારણો હતાં:

(1) દક્ષિણમાંની ખાણોમાંથી આવતાં રત્નો, સોનું અને હીરાઓ રાજાના ખજાનાને ટકાવવા માટે ખૂબ આવશ્યક હતાં.

(2) વેપારીની અવરજવર વધવાથી રાજ્ય તેના પર વેરો નાંખીને કમાણી કરતું. આથી પણ દૂરસુદૂરના વ્યાપારને ઉત્તેજન અપાતું.

વ્યાપાર અને ખેતીમાંથી પ્રાપ્ત થતું મહેસૂલ તથા આવક રાજ્યના વહીવટી માળખાને તેમ જ સૈન્યને ટકાવી રાખવા ખૂબ જરૂરી હતાં. આપણે જાણીએ જ છીએ કે વ્યાપાર, માત્ર જમીનમાર્ગે જ નહીં પરંતુ દરિયામાર્ગે પણ થતો મૌર્ય કાળમાં દરિયાઈ વેપાર ફક્ત કાંઠાનાં ક્ષેત્રોમાં થતો પશ્ચિમ કાંઠાનાં બંદરો ખાસ કરીને નર્મદાના મુખપ્રદેશનું ભરૂચ અને સોપારા (જે આજનું મુંબઈ) તેમાં મુખ્ય હતાં. પૂર્વે તામ્રલિપ્તી અથવા આજનું તામલૂક પણ બ્રહ્મદેશ જતાં વહાણો માટે મુખ્ય બારું બન્યું. હવે આપણે આ જમીન માર્ગો તેમ જ દરિયાઈ માર્ગો ઈ.સ.પૂ. ની બીજી અને પ્રથમ સદીમાં કેવી રીતે વિકસિત થયા તે જોઈશું.

## 24.2 ભૌગોલિક પૂર્વભૂમિકા (Geographical Background)

આ એકમમાં આપણે ભારત ઉપખંડની ઉત્તરે થયેલા બનાવો વિશે વાત કરીશું. તે માટેની છેદરેખા વિંધ્ય પર્વતમાળાને રાખી છે. આથી ડેક્કનનું ક્ષેત્ર લગભગ આખું આ એકમની ચર્ચા બહારનું ગણાશે.

કોઈ પણ દેશના ઇતિહાસમાં તેનાં ભૌગોલિક લક્ષણોનું મોટું મહત્ત્વ હોય છે. ઉત્તર ભારતમાં બે મહાનદીઓ, સિંધુ અને ગંગા, મુખ્ય છે. ગંગા નદી તેમ જ તેની ઉપનદીઓ સિંધુ તથા તેની ઉપનદીઓને મુકાબલે જુદાં જ લક્ષણો ધરાવે છે. અને આનો ઊંડો પ્રભાવ તેનાં તટ અને આસપાસની વસાહતો ઉપર પડ્યો છે. ગંગા નદીનું મૂળ હિમાલયના પહાડોમાં છે. અને બંગાળના ઉપસાગર તરફના તેના પ્રવાસમાં તેને કેટલીક મુખ્ય નદીઓ આવી મળે છે. તેનાં નામ છે યમુના, ગોમતી, ઘાઘરા, ગંડક વગેરે. તેમાંનાં પાણી ગંગામાં ભળી જવાથી ગંગામાં સખત ઉનાળાની ઋતુમાં પણ ભરપૂર પાણી હોય છે અને તેથી સિંચાઈ અને ખેતી થઈ શકે છે.

દક્ષિણ-પશ્ચિમ(નૈર્ઋત્ય)ના વર્ષાળુ પવનો ગંગા ખીણના મધ્ય અને નિમ્ન ભાગમાં વરસાદ પહોંચાડે છે જેથી તેનો તટપ્રદેશ ફળદ્રૂપ રહે છે અને મોટા પ્રમાણમાં વસ્તીને પોષી શકે છે. આમ ખેતીની બાબતમાં ગંગાની ખીણ ખૂબ પેદાશ કરે છે. તે ઉપરાંત તેની ખાસિયત છે કે તે શરૂથી જ નૌકાગમનને યોગ્ય રહી છે. પ્રાચીન સમયથી ગંગા ઉપર નૌકાવ્યવહાર નિયમિત ચાલે છે અને તેને લઈને માણસોની તેમ જ ચીજવસ્તુઓની હેરફેર સુગમ થઈ છે. આમ ઉત્તર ભારતમાં ગંગા જીવાદોરી સમાન મહત્ત્વ ધરાવે છે અને તે ઉપરાંત વહેણને લીધે તેનાં શહેરોને પણ તે કાંઠાનાં શહેરો સાથે સાંકળી લે છે.

આની સામે સિંધુ નદી દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી આવતી હોઈ, વર્ષા મેળવતી નથી. તેને આવી મળતી મુખ્ય નદીઓ છે ઝેલમ, ચિનાબ, રાવી, સતલજ અને બિયાસ, જે પંજાબ ક્ષેત્રને આવરી લઈને ફળદ્રુપ બનાવે છે. પરંતુ ત્યાર પછી અરબી સમુદ્ર સુધીના પ્રવાસમાં મોટે ભાગે રણમાંથી પસાર થવું પડે છે અને તેને લઈને તેનું પાણી ખલાસ થતું આવે છે. આને કારણે ખેતીવિષયક ઉપયોગિતા માટે જ નહિ, નૌકાગમન માટે પણ, આ નદી બહુ ઉપયોગી થતી નથી. આથી સ્વાભાવિક રીતે જ ઉત્તર ભારતનાં મોટાં મોટાં નગરો ગંગાતટે ઊભાં થયાં.

ઉત્તર ભારતની બીજી એક ભૌગોલિક લાક્ષણિકતા છે. તે છે હિમાલયની પર્વતમાળામાં આવેલા ઘાટોની. તેમાંના ઘાટોને કારણે જ માણસો તેમ જ ચીજવસ્તુઓની હેરાફેરી શક્ય બની, અને તેને લઈને ભારત અને મધ્ય એશિયા વચ્ચે ગાઢ સંબંધો બાંધી શકાયા. આપણે આ એકમમાં જોઈશું કે એક વાર માર્ગ બન્યા પછી તેનો ઉપયોગ માત્ર વ્યાપારી લેવડદેવડ માટે જ નહીં પણ ધર્મના પ્રચાર માટે પણ કરવામાં આવતો.

## 24.3 રાજકીય માળખું (Political Framework)

અત્રે આપણે ઉત્તર ભારતની થોડી રાજકીય સમીક્ષા કરીશું, કેમ કે તે આપણા આ એકમમાં આવતા પ્રશ્નો સાથે સંકળાયેલી છે. વ્યાપારનો કાબૂ કોણ ધરાવતું હતું ? શું રાજાઓ અને શાસકો પાસે તેનો અંકુશ રહેતો, કે પછી વેપારીઓ અને સોદાગરો પાસે ? આપણે પ્રથમ નોંધ્યું છે કે મૌર્યકાળમાં સત્તાનું કેન્દ્ર મગધ હતું પરંતુ એ વંશના પતન પછી તે શહેરનો પ્રતાપ ઓછો થઈ ગયો, અને અન્ય એટલે કે સત્તાનાં ઘણાં કેન્દ્રો ઊભાં થયાં. ગંગા ખીણ એટલે કે ખાસ તો મગધ પર પછી શુંગ વંશનું શાસન ચાલુ રહ્યું અને તેમના પછી ખ્રિસ્તી સંવતની શરૂઆત સુધી કણ્વોએ ત્યાં શાસન કર્યું.

ઉત્તર-પશ્ચિમ સરહદે ગ્રીકોનું રાજ્ય હતું, તેના પુરાવા તેમના સિક્કા છે. બર્બર નોપજાતિઓના મધ્ય એશિયામાંથી આવતા હુમલાઓને કારણે ગ્રીક શાસનનો અસ્ત થયો. આમાં પહેલી એક જાતિ હતી શકો અને પછી પાર્થિયનો. પછી તેઓ કાબૂલ અને કાશ્મીરમાં સ્થિર થયા. તેમણે પહુંચી જાતિ કુશાણ વંશે સ્થાપ્યો. તેમનો સૌથી વધુ મહત્ત્વનો શાસક હતો કનિષ્ક પહેલો. તેની રાજધાની પુરુષપુર હતી, જે આધુનિક પેશાવરની નજીક આવેલ છે. તે ઉપરાંત તેણે મથુરાને પણ ઉચ્ચ સ્થાને રાખ્યું અને તેને સામ્રાજ્યની બીજી રાજધાની તરીકે ગણ્યું. પૂર્વમાં વારાણસીથી માંડીને દક્ષિણે સાંચી સુધી વિસ્તાર પામેલા આ સામ્રાજ્યમાં કનિષ્ક કાળમાં મધ્ય એશિયા અને ચીન સાથે વિસ્તૃત વ્યાપાર સંબંધો સ્થપાયા. જમીન માર્ગે થતા વ્યાપારમાં ખૂબ જ વિકાસ અને સમૃદ્ધિ આવ્યા.

ઉત્તર ભારતના આ મોટા રાજવંશો (શકો, પાર્થિયનો અને કુશાણો) ઉપરાંત નાનાં નાનાં અનેક સ્થાનિક રાજ્યો પણ હતાં, જે મુખ્યત્વે પંજાબ અને રાજસ્થાનમાં હતાં. ઈ.સ.પૂ. બીજી સદીથી માંડીને ઈ.સ. ચોથી સદીના સ્થાનિક સિક્કાઓ 175 મળી આવ્યા છે. ગંગાખીણમાંથી અને ઓરિસામાંથી પણ 'પૂરી-કુસાન' શ્રેણીના સિક્કાઓ વિપુલ પ્રમાણમાં મળ્યા છે.

આથી આપણે એમ કહી શકીએ કે ઉત્તર અને ઉત્તર પશ્ચિમ ભારતમાં કેટલાય મોટા અને નાના વંશો રાજ્ય કરતા હતા. અને પરિણામે અનેક રાજ્યોમાંથી પસાર થઈને વેપાર જમીન માર્ગોએ પસાર થતો હોવો જોઈએ. દરેક શાસકે અમુક કેન્દ્રમાંથી પસાર થતા માલ ઉપર જકાત નાંખી હશે. ઉપરાંત (રાજાઓએ) વેપારીઓને સંરક્ષણ આપ્યું અને વેપારને ઉત્તેજન પણ પૂરું પાડ્યું.

## 24.4 વ્યાપારનું વિસ્તરણ તથા ચીજોનું ઉત્પાદન (Expansion of Trade and Production of Commodities )

હવે એક પ્રશ્ન એ ઊભો થયો છે કે આ સમયે મૌર્ય કાળ પછીના કાળમાં કયાં કારણોસર વ્યાપાર વધ્યો ? એનાં ઘણાં કારણો હોઈ આનો એક જ ઉત્તર નથી. ખેતીની પેદાશ હવે ભરપૂર થતી હતી. એનાથી એવા સામાજિક વર્ગો ઊભા થયા હતા જેમને અનેક જાતની ચીજવસ્તુઓની જરૂર પડતી. અને તે મેળવવા માટે વ્યાપાર જરૂરી હતો. ખુદ ખેતીની પેદાશ હવે વ્યાપારની વસ્તુ બની ગઈ, કેમ કે શહેરોમાં રહેતા લોકો પોતાનું અનાજ ઉગાડતા નહોતા. બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મના અનુયાયીઓ હવે ઘણી મોટી સંખ્યામાં હતા. તેમણે ધનના પરિગ્રહણ પર બૌદ્ધ ધર્મ તેમ જ જૈન ધર્મમાં સંપત્તિનો અને સંપત્તિના રોકાણને ઉત્તેજન આપ્યું. અને એક વ્યવસાય તરીકે વેપારને તેમણે ઉચ્ચ કક્ષાનો ગણ્યો. આ બન્ને ધર્મોના આપણે બૌદ્ધ 'સંઘ' બૌદ્ધ વિહારો, અને વ્યાપારનાં કેન્દ્રો વ્યાપાર માર્ગોમાં એક જ સ્થળે જોઈએ છીએ અને તેથી તેમનો નજીકનો સંબંધ પણ સ્પષ્ટ થાય છે.

* વ્યાપાર વૃદ્ધિનો એક અર્થ એવો પણ થાય કે વપરાશકારોનો વર્ગ વધતો જતો હતો અને તેમાંના કેટલાક તો વળી માત્ર જરૂરિયાતની જ નહિ બલકે મોજશોખની ચીજોના પણ વપરાશકારો હતા.
* આ આંતરિક કારણો ઉપરાંત મહત્ત્વનું કારણ હતું ભારતીય ચીજો માટે અન્ય દેશોમાં ઊભી થયેલી માંગ. આ સમયે બે મહાન સામ્રાજ્યો વિશ્વમાં ઊભાં થયાં હતાં. એક પશ્ચિમે રોમન સામ્રાજ્ય અને બીજી બાજુ ચીનનું 'હાન' સામ્રાજ્ય. રોમ સામ્રાજ્યમાં ભારતના તેજાના, સુગંધી લાકડાં વગેરે માટેની માંગ ખૂબ હતી. 'હાન' રાજાઓ પણ વેપારને ખૂબ ઉત્તેજન આપતા, અને આથી ભારત, ચીન અને મધ્ય એશિયાના પ્રદેશોમાં ગાઢ વ્યાપારી સંબંધો ઊભા થયા. આપણે અન્ય વિભાગમાં જોઈશું કે કઈ રીતે આંતરિક માર્ગો વિદેશ જતા માર્ગોના જાળામાં ગૂંથાયા. પરંતુ તે પહેલાં આપણા દેશની કારીગરી અને તેના ઉત્પાદનના પુરાવાનું વિશ્લેષણ કરી લઈએ.
* આખા ભારતનાં બૌદ્ધ પુરાતત્ત્વીય સ્થળોમાંથી વિપુલ પ્રમાણમાં શિલાલેખો મળે છે. આ શિલાલેખો અને અભિલેખોમાં બૌદ્ધ 'સંઘ'ને અપાયેલ અનુદાનની નોંધ હોય છે. આપણને ત્યાંના કેટલાક વ્યવસાયોની તેમ જ કેટલાંક કારીગર જૂથોની ઉન્નતિ સૂચવે છે.

મથુરાના એક અભિલેખમાં વેપારીઓના કેટલાક ધૂંધળા ઉલ્લેખ છે. દા.ત. વણિક સર્વિવાદ અને શ્રેષ્ઠિન, સોની, ઝવેરી, શરાફ, લોખંડનો વેપારી વગેરે. વળી એમાં 'મહાજન' (guild) નો ઉલ્લેખ છે જેમાંનું એક લોટ બનાવનારાઓનું મહાજન પણ હતું. કારીગરો અને મહાજનો વિશેની માહિતી આરંભના બૌદ્ધ સાહિત્યમાં તેમ જ કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માંથી મળે છે. કેટલાંક ગામોમાં ખાસ કારીગરો મળીને વસ્યા હોય તેવા ઉલ્લેખો પણ મળે છે. દાખલા તરીકે જાતકોમાં જણાવ્યું છે કે કાશીની સરહદે આવેલા એક ગામમાં સુથારો વસ્યા હતા અને વેપારીઓ કામ માટે ત્યાં નિયમિત આવતા જતા. માલ ખરીદવાનું બીજું સ્થાન હતું બંદર. જ્યારે કોઈ એક વહાણ બંદરે લાંગરતું ત્યારે વેપારીઓ ત્યાં ટોળે વળીને તેમાં રખાયેલી ચીજવસ્તુને ખરીદી લેતા. ઘણી વાર જહાજનો માલ ખરીદવા માટે તેમણે અગાઉથી પૈસા ભરવા પડતા.

અર્થશાસ્ત્ર મુજબ કેટલાક કારીગરો પોતાના હાથ નીચે કામ કરતા માણસોના જૂથ સાથે સ્વતંત્ર વ્યવસાય ચલાવતા, જ્યારે અન્યો 'મહાજન'ની રચના કરી સંગઠિત થઈ જતા. આ કારીગરો દ્વારા કરાયેલાં અનુદાનો ઘણા શિલાલેખોમાં નોંધાઈ રહ્યાં છે, અને પુરાતત્ત્વીય ખોદકામમાંથી આપણને આ કારીગરોના ઉત્પાદનના નમૂનાઓ પણ મળ્યા છે. કારીગરોમાં વણકરનું સ્થાન ઊંચું હતું, અને ભારતનાં સુતરાઉ કપડાંની નિકાસ પુષ્કળ હતી. કાપડ બનાવવાનાં અનેક કેન્દ્રોમાં મથુરા અને વારાણસી મુખ્ય હતાં. મથુરામાં થયેલા અનુદાનો પૈકી એક અનુદાન રંગારાની પત્નીએ કરેલું છે. અન્ય કારીગરો પણ હતા જેવા કે ઝવેરીઓ, અત્તર બનાવનારાઓ, લોખંડની ચીજો બનાવનારાઓ વગેરે ઐતિહાસિક સ્થળોએથી મળી આવેલી ચીજોમાં મણકાઓ અને ઘરેણાંઓ પુષ્કળ પ્રમાણમાં છે. આપણે અગાઉ જોયું જ છે કે ઉજ્જૈન મણકા બનાવવાનું મોટું કેન્દ્ર હતું. અહીંની રત્નો, કાચ, હાથીદાંત, માટીકામ વગેરેના સુંદર મણકાની કારીગરી વિખ્યાત હતી અને ઉત્તરના અનેક વ્યાપારી કેન્દ્રોમાંથી તેની માંગ આવતી હતી. સાંચીના અભિલેખોમાં હાથીદાંત ઉપર કામ કરનારા કારીગરોનો ઉલ્લેખ છે તેટલું જ નહિ. તેમની કારીગરીના સુંદર અવશેષો પણ સદ્‌ભાગ્યે બચ્યા છે. અફઘાનિસ્તાનમાં આવેલ બેગ્રામ (એટલે કે પ્રાચીન કપિસા) ખાતે પુરાતત્ત્વીય અન્વેષણમાં હાથીદાંતના કોતરકામનો મોટો જથ્થો મળી આવ્યો છે જેમાં મુખ્ય નાની નાની મૂર્તિઓ છે.

આમ આપણે વિવિધ પ્રકારની ચીજવસ્તુઓનો વેપાર થતો હતો, એમ જોઈ શકીએ છીએ. એમાં મોજશોખની વસ્તુઓ જેવી કે હાથીદાંતની કોતરણી, ઘરેણાં, મણકાઓ, મોતી હીરા અને બીજાં રત્નો પણ હતાં. સાથે જ રોજબરોજની ઉપયોગની ચીજો જેવી કે કાપડ ખેતીની પેદાશો, લોખંડની ચીજો વગેરે પણ ઉત્પાદનમાં મુખ્ય હતી. આમાંના ઘણાની નિકાસ પણ થતી હશે જ, અને તે વિશે આપણે પછીના એક વિભાગમાં વિગતે જોઈશું. કદાચ દ્રાક્ષનો દારૂ પણ વ્યાપારની ચીજ હતી. અર્થશાસ્ત્રમાં ઘણી વિગતથી આથો ચડાવેલા રસો અને તેની લોકપ્રિયતા વિશે જણાવ્યું છે. ઉપરાંત ઘણાં શિલ્પોમાં પણ, ખાસ કરીને સંઘોલ અને મથુરાનાં શિલ્પોમાં મદ્યપાન કરતા લોકોનાં શિલ્પો સ્પષ્ટ રીતે મદ્યપાનની લોકપ્રિયતાનું સમર્થન કરે છે.

## 24.4.1 આંતરિક વ્યાપાર (Internal Trade)

સાહિત્યિક માહિતી સ્રોતો જેવાં કે 'મિલિન્દ પન્હો' અને 'જાતકો' વ્યાપારની વ્યવસ્થા અને એની ગૂંથણી વિશે માહિતી પૂરી પાડે છે, ત્યારે પુરાતત્ત્વીય અવશેષો - જેવા કે સિક્કાઓ, મહોરો (Seals) અને મુદ્રાઓ (Sealings) એ માટેનું વાસ્તવિક સમર્થન પૂરું પાડે છે 'મિલિન્દ પન્હો' લગભગ ઈ.સ.ની પહેલી સદીની શરૂઆતમાં લખાયું. તેની મૂળ હસ્તપ્રત તો હવે મળતી નથી. પરંતુ જે મળે છે તે તેનું પાલિ ભાષામાં થયેલું ભાષાંતર છે. ઘણાં વર્ષો બાદ એ શ્રીલંકામાં થયું હતું. પાલિ ભાષાનાં બીજાં માહિતી સ્રોત છે 'જાતકો', જેની સંખ્યા 500ની છે. તેમાં ભગવાન બુદ્ધના પૂર્વ અવતારો વિશેની કથાઓ વર્ણવાઈ છે. સાથે સાથે તે સમયની સામાજિક આર્થિક સ્થિતિનું પણ જીવંત ચિત્રણ તેમાં રજૂ થયું છે. બૌદ્ધ સ્મારકો પરના કોતરકામ પરથી આપણે જાણી શકીએ છીએ કે ઈ.સ.પૂ.ની બીજી પહેલી સદી સુધીમાં આ બધાં જાતકોની કથાઓ જાણીતી થઈ ચૂકી હતી. આ જાતક કથાઓમાંથી જણાય છે કે વ્યાપાર માટે જુદી જુદી ઘણી વિધિઓ-રીતો હતી, અને ચીજવસ્તુના ભાવ નક્કી કરવાના પણ અમુક નિયમો હતા. દાખલા તરીકે ઘોડાઓ, હાથીઓ અને રત્નો જેવી ચીજો શાસક વર્ગમાં વપરાતી હતી અને તેમની કિંમતો રાજાની સભામાં હાજર રહેતા મૂલ્યાંકન નિષ્ણાત દ્વારા નિશ્ચિત થતી. સૌથી વધુ ઉત્તમ ઘોડાઓ પશ્ચિમ એશિયામાંથી અને મધ્ય એશિયામાંથી આવતા. તેને માટેના ખાસ સોદાગરો ઘોડાઓને સંભાળીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતા અને તેના માટે મોટે પાયે સોદા કરતા. આવા સોદાગરોનો ઉલ્લેખ આપણને પ્રારંભિક પાલિ સાહિત્ય અને સંસ્કૃત સાહિત્યમાં પણ મળે છે.

વેપારીઓ પોતપોતાનાં 'મહાજન'માં કામ કરતા, પણ કેટલાક પોતાના ધનથી જ વ્યાપાર કરતા. કેટલાક માત્ર નાણાં ધીરવાનો ધંધો કરતા, જેથી વેપારીઓ માલ ખરીદવાના પૈસા મેળવી શકે અને વેચ્યા પછીના નફામાંથી તેને ચૂકતે કરી શકે. આ જુદા જુદા પ્રકારના વેપારીઓ માટે જુદા જુદા શબ્દો વપરાયેલા જણાય છે. 'વણિક' એ લોકો હતા જે સામાન્ય વેપાર કરતા હોય. 'શ્રેષ્ઠી' એ હતા જે નાણાં ધીરતા હોય. અને 'સાર્થવાહ' એ હતા જે માલની વણજાર ભરીને લાંબા જમીનમાર્ગે દૂર દૂર જઈને વેપાર કરતા હોય.

આવા સાહિત્યિક પુરાવાઓ ઉપરાંત કેટલાક વાસ્તવિક પુરાવાથી પણ વ્યાપારની રીતભાતનો ખ્યાલ મેળવી શકાય છે. જેવા કે સિક્કાઓ મહોરો, મુદ્રાઓ પરથી મહોર એવી છાપ છે જેમાં માલિકનું નામ તેમ જ ચિહ્નનું ચિત્ર કોતરાયાં હોય અને મુદ્રા એ માલિકીની કોઈ પણ ચીજ ઉપર મારેલી છાપ છે. મહોરો બનાવવા વિવિધ સાધનોનો ઉપયોગ થતો, જેવા કે પથ્થર, હાથીદાંત, તાંબું, સીસું વગેરે. તેનો ઉપયોગ ઓળખચિહ્ન તરીકે તેમ જ વેચાણના માલને ખરીદી લીધાની નિશાની માટે પણ થતો. પ્રથમ તો માલને મજબૂત દોરીઓ વડે બાંધી દેવાતો અને પછી તેની ગાંઠ ઉપર ભીની માટીનો લોંદો મુકાતો. ત્યાર પછી તેના ઉપર વેપારીની મહોર પડાતી. જ્યારે માટી સુકાઈ જતી. કાં તો સૂર્યના તાપથી કે ગરમીથી ત્યારે મહોરની મુદ્રા ઊપસીને સ્પષ્ટ થતી. આ માટેની મુદ્રાઓ અને તેની દોરીઓનાં નિશાનવાળી મુદ્રાઓ આપણને ઉત્તર ભારતનાં પુરાતત્ત્વીય સ્થળોએથી ખૂબ જ પ્રમાણમાં મળી આવે છે.



ઇન્ડો ગ્રીક સિક્કાઓ

વેપારની જાણકારી માટે બીજું મહત્વનું માહિતી સાધન છે સિક્કાઓ. મૌર્યયુગના કેટલાક છેદવાળા ચાંદીના સિક્કાઓ અને બીબાંઢાળ તાંબાના સિક્કાઓ મળે છે, જેમાં કોઈ લખાણ નથી. ત્યાર પછીના કાળમાં સિક્કાઓના પ્રકાર, વિવિધતા અને સંખ્યા ખૂબ જ વિકાસ પામ્યાં. સિક્કાઓમાં લખાણ લખવું શરૂ થયું. અને તેને બનાવવાની રીતમાં ઘણો સુધારો થયો જણાય છે. ઈ.પૂ.100ની આસપાસ બનેલા તાંબાના સિક્કા ઢાળવાનાં હજારો બીબાં જુદાં જુદાં સ્થળોએથી મળે છે. જેમ કે રોહતકમાં ખોખાકોટ, લુધિયાનામાં સુનેત, તક્ષશિલા અને સાંચી સ્થાનિક રાજાઓના અને ઉત્તર ભારતના ગણ સંઘોના લગભગ 200 પ્રકારના તાંબાના સિક્કાઓ મળી આવે છે.

ગ્રીક રાજાઓએ ઉત્તર પશ્ચિમમાં ખૂબ જ સુંદર સિક્કાઓની શ્રેણી શરૂ કરી જેમાં ચિત્રણલેખન કરવામાં આવતું. ભારતમાં ત્યાર બાદ સદીઓ સુધી આવા સિક્કા પાડવાનું ચાલુ રહ્યું. તાંબા અને ચાંદીના આ સિક્કાઓ ઉપર બે ભાષામાં લખાણ રહેલું. એક બાજુ ગ્રીક ભાષા અને ગ્રીક લિપિમાં લખાણ કરાતું, જ્યારે બીજી બાજુ પર પ્રાકૃત ભાષા અને સામાન્ય રીતે ખરોષ્ઠી લિપિનો ઉપયોગ થતો. પશ્ચિમ ભારતમાં ક્ષત્રપોએ નવો ચીલો શરૂ કર્યો. કેમ કે તેમણે શક સંવતની સાલ પણ લખવી શરૂ કરી, એ પ્રથાને લઈને ત્યાર બાદ ઐતિહાસિક તારીખો નક્કી કરવાનું ઘણું વધારે સરળ બન્યું. ઈ.સ.ની પ્રથમ સદીમાં સિક્કાઓની એક નોંધપાત્ર શ્રેણી શરૂ કરનાર હતા કુશાણો. એમણે તાંબાના ઉપરાંત સોનાના સંખ્યાબંધ સિક્કાઓ પણ પડાવ્યા. તેમાં વિવિધ ભારતીય, ગ્રીક તેમ જ ઈરાની દેવી દેવતાઓનો ઉલ્લેખ છે. આમ વિવિધ પ્રકારના સિક્કાઓ અને તેની કિંમતો, વજન વગેરેથી જણાય છે કે પૈસાનો બહોળો ઉપયોગ થતો હશે.

ઇન્ડો ગ્રીક સિક્કાઓ :

અર્થશાસ્ત્રમાં જણાવાયું છે કે પગારો પૈસામાં ચૂકવાતા; જાતકોથી જણાય છે કે હૂંડીથી ચીજવસ્તુ ખરીદી શકાતી અને ઋણપત્રથી (Bond) પણ વેપારીઓને પૈસાનું ધિરાણ થતું. આપણને એ માહિતી પણ મળે છે કે ''મહાજનો'' પૈસા અનામત લેખે સ્વીકારતાં, તેના ઉપર વ્યાજ પણ આપતાં. મથુરાના અભિલેખમાં આવું જણાવ્યું છે. ભારતીય સિક્કાઓની સાથે જ વિદેશી સિક્કાઓ, ખાસ કરીને રોમન સિક્કાઓ, પણ વ્યાપારને લીધે દેશમાં આવ્યા પરંતુ તેના બહુ ઓછા નમૂના ઉત્તર ભારતમાંથી મળે છે. તેના અનુકરણ રૂપે માટીના સિક્કાઓ બન્યા તેને 'બુલે' (bullae) કહેતા અને તેની ઉત્ખનન દરમિયાન તેની વધુ સંખ્યા મળી આવતી. કદાચ ઘણાં 'બુલે'માં દાણો પરોવવા છિદ્ર જણાતાં અને ઘણું કરીને બૂલે શણગાર માટે વપરાતા હતા.

તમારી પ્રગતિ ચકાસો (ક)

(ક) નીચેનાં વ્યકતવ્યમાંથી સાચાં (✓) અથવા ખોટાં (✗) નિશાનીથી જણાવો :

(1) ઈ.સ.પૂ. છઠ્ઠી સદીનાં નગરો મુખ્ય નદીઓના તટમાં વસતાં હતાં. ()

(2) સિંધુ નદીમાં ગંગા કરતાં વધુ પાણી છે.()

(3) અર્થશાસ્ત્રમાં લખ્યું છે કે કારીગરો કોઈ પણ જાતના 'મહાજન'માં સંગઠિત થયા વિના જ સ્વતંત્ર રીત વ્યવસાય કરતા હતા. ()

(4) સિક્કાઓની પદ્ધતિ વેપારી સોદાઓની સ્થિતિ વિશે સૂચન કરે છે. ()

(ખ) મૌર્યોના પતન પછીના કાળમાં વ્યાપારમાં થયેલી વૃદ્ધિનાં કારણો શાં હતાં ?સોએક શબ્દોમાં જણાવો.()

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(ગ) ગંગા નદીની ખીણનું પ્રાચીન ઐતિહાસિક કાળમાં જે મહત્ત્વ હતું તે પાંચેક લીટીમાં સમજાવો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 24.4.2 વિદેશી વ્યાપાર (External Trade)

આપણે અગાઉ જોયું છે કે વહાણવટાથી વ્યાપાર કરવાની શરૂઆત મૌર્યયુગથી થઈ અને તેનો વિકાસ ઈ.સ.ના શરૂઆતના સૈકાઓમાં થયો. આનું એક કારણ એ હતું કે આ સમયમાં બે મહાન સામ્રાજ્ય ઊભાં થયાં હતાં: રોમન સામ્રાજ્ય અને ચીનનું 'હાન' સામ્રાજ્ય જ્યાંથી ચીજવસ્તુઓની માંગ મોટા પ્રમાણમાં આવતી થઈ. આમ આ કાળ વિશેની માહિતી ભારતીય માહિતી સાધનો ઉપરાંત ઘણાં વિદેશી માહિતી સાધનો દ્વારા પણ મળે છે.

આમાંનું સૌથી પ્રાચીન નામ છે 'ધ પેરિપ્લસ ઑફ ધ યુરેથ્રિયન સી'. તેનું ગ્રીક લખાણ ઈ.સ.ની પહેલી સદીમાં લખાયું છે. આ પુસ્તકમાં અનામી નાવિક પ્રવાસીએ પોતાનું વહાણ જે જે બંદરે લાંગર્યું તેનું વર્ણન કર્યું છે. તેનો પ્રવાસ લાલ સમુદ્ર અને ભારતની વચ્ચે થયો. એના વર્ણન પરથી દરેક બંદરમાં કઈ કઈ ચીજોનો વ્યાપાર થતો હતો, તે પણ જાણી શકાય છે. ઉત્તર ભારતનાં મુખ્ય વ્યાપારકેન્દ્રોમાંથી બે મોટાં બંદરો પર માલ મોકલાવાતો હતો. તે પૈકી એક હતું નર્મદા નદીના મુખ આગળ આવેલું ભરૂચ અને બીજું સિંધુ નદીના મુખ આગળ આવેલ બાર્બારિકોન. આપણે અગાઉ જોયું જ છે કે સિંધુ નદીના માર્ગોથી બાર્બારિકોન પંજાબ અને ગાંધાર સાથે જોડાતું હતું. ભરૂચ, અથવા ગ્રીકોએ જેનું નામ પાડ્યું હતું તે બારીગાઝા, પણ ઉજ્જૈન, મથુરા અને ગંગાખીણ અને તટપ્રદેશો સાથે જોડાણો ધરાવતું હતું. પૂર્વમાં તામલૂક બંદર આંધ્ર અને તામિલ કાંઠા પરના વ્યાપાર માટે સારું કેન્દ્ર હતું.

'પી પેરિપ્લસ'માં જણાવ્યા મુજબ ઉત્તર ભારતમાં આયાત થતી ચીજોમાં જરિયાન કપડાં, પરવાળાં, લોબાન, કાચનાં વાસણો, (સિક્કા) પૈસા અને દ્રાક્ષનો આસવ (દારૂ) હતાં. રોમનોએ કાચનાં વાસણો બનાવવાની પદ્ધતિમાં ખૂબ સુધારા કર્યા તે માટે તેઓ ઘણા વિખ્યાત થયા. પરિણામે તેમણે બનાવેલી કાચની વસ્તુઓ ભારતમાં તેમ જ અન્ય ઘણા દેશોમાં આયાત થતી. લોબાન અરેબિયામાં થતા એક ઝાડના થડનો સુગંધી રસ છે જે ગુંદર જેવો હોય છે. લોબાનનો ઉપયોગ ભારતમાં ધૂપ કરવા તેમ જ દવા માટે પણ થતો ઉત્તર ભારતમાં રોમનોના સોનાના તેમ જ ચાંદીના સિક્કાઓ જૂજ મળ્યા છે, પણ આપણે જેમ આગળના વિભાગમાં જોઈશું તેમ, દક્ષિણ ભારતમાંથી તે વિપુલ પ્રમાણમાં મળી આવ્યા છે. આને લીધે કેટલાક વિદ્વાનોનું માનવું છે કે રોમન સિક્કાઓ ગાળીને ફરીથી તેનો ઉપયોગ કુશાણ રાજાઓ તેમ જ ક્ષત્રપોએ પોતાના સ્વતંત્ર ચલણ માટે કર્યો હશે.

આ બધી ચીજોના બદલામાં ભારતમાંથી તેજાન, કીમતી પથ્થરો જેવા કે પીરોજ, નીલમણિ, અકીક, તથા ચીની રેશમ અને યાર્નની નિકાસ થતી. આપણે અહીં એમ ધારી ન લેવું જોઈએ કે આ વ્યાપાર પર ફક્ત રોમનોનો જ અંકુશ હતો. આ વ્યાપારમાં બીજા પણ ઘણા હિસ્સેદારો હતા જેવા કે આરબો, જ્યૂ, પૂર્વી ગ્રીકો, ઇજિપ્તમાં રહેતા રોમનો વગેરે. ઉપરાંત ભારતીય નાવિકો પોતાનાં જ વહાણોમાં રાતા સમુદ્રના બંદરો સુધી પ્રવાસ કરતા. જાતક કથાઓમાં એવી ઘણી વાતો આવે છે કે જેમાં ભારતીય વેપારીઓ નાણાં કમાવા લાંબી દરિયાઈ સફર ખેડતા. આનું સમર્થન મળે છે. 'કૌટિલ્યના અર્થશાસ્ત્ર'માં અને શિલાલેખોમાં પણ બૌદ્ધ વિહારોમાં જેણે અનુદાન આપ્યું હોય તેવા દાતાઓમાં એક મહત્વનો વર્ગ 'નાવિકો'નો હતો.

આ બધાંમાં ચીની રેશમ અને યાર્ન વિશે થોડું વધુ સમજવું જરૂરી જણાય છે. રેશમ ચીનનું હોવા છતાં તે સીધું ત્યાંથી નહિ પણ ભારત થઈને શા માટે નિકાસ થતું હતું ? આનું કારણ રાજકીય પરિસ્થિતિ હતી. ભારતીય ઉપખંડના ઉત્તર-પશ્ચિમી સરહદે પાર્થિયનો જેવા શક્તિશાળી રાજાઓ હતા. રોમન સામ્રાજ્ય અને તેમની વચ્ચે સતત ઘર્ષણ રહેતું. પરિણામે ચીન અને યુરોપ વચ્ચેનો જમીનમાર્ગ વારંવાર ખોરવાઈ જતો.

આથી રેશમ અને અન્ય ઉત્પાદનો ચીનથી ભારતમાં જમીનમાર્ગે આવી પહોંચતાં અને પછી તેની પણ નિકાસ ભારતીય વેપારીઓ કરતા. તે અરસામાં જ ચીની ઇતિહાસો લખાયા તે ભારત ચીન અને મધ્ય એશિયા વચ્ચેના શરૂઆતના સંબંધો પર પ્રકાશ પાડે છે. સામાન્ય રીતે મનાય છે કે બૌદ્ધ ધર્મની સાથે સાથે મધ્ય એશિયામાં અને ચીનમાં લગભગ ઈ.સ.પૂ.ની પહેલી સદીથી ઈ.સ. પ્રથમ સદીમાં વ્યાપાર પણ ફેલાયો. મધ્ય એશિયા જવાના ઉત્તરના માર્ગ પર ઈ.સ. પ્રથમ સદીથી ઠેકાણે ઠેકાણે બૌદ્ધ ગુફા વિહારોનું બાંધકામ થયું. ઈ.સ.ની ત્રીજી સદીમાં ઘણી બૌદ્ધ સાહિત્ય સામગ્રીનો અનુવાદ ચીની ભાષામાં થયો.

અત્યાર સુધી આપણે અગ્નિએશિયાના બર્મા. થાઈલેન્ડ અને ઇન્ડોનેશિયા જેવા દેશ સાથેના વેપાર વિશે બહુ ઓછી ચર્ચા કરી છે. તેનું મુખ્ય કારણ એ છે કે આ દેશોમાં કોઈ પ્રાચીન લિખિત પુસ્તક પ્રાપ્ત થતું નથી. જ્યારે સ્થિતિ એનાથી જુદી છે. રોમન અને ચીની સામ્રાજ્યની આ પ્રદેશોના વ્યાપાર સંબંધી માહિતી આપણને માત્ર પુરાતત્વના અવશેષોથી મળી શકે છે. એમાંથી જણાય છે કે ભારતીય કારીગરીની ચીજો, ખાસ કરીને મહોરો, કીમતી પથ્થરોના મણકા, હાથીદાંતના કાંસકા વગેરે ખૂબ લોકપ્રિય હતા અને કીમતી ગણાતા હતા. પરંતુ લેખિત પુરાવાના અભાવે આ પ્રદેશો સાથે વ્યાપારની શી વ્યવસ્થા હતી તે કહેવું ઈ.સ.ની પ્રારંભિક સદીઓમાં મુશ્કેલ થઈ પડે છે.

### 24.4.3 મુખ્ય વ્યાપારી માર્ગો (Principal Trade Routes)

અફઘાનિસ્તાનની ચૌક્કસ નદીની ખીણમાં આવેલ બેક્ટ્રિયા શહેર મધ્ય એશિયા અને ચીન સાથેના આંતર રાષ્ટ્રિય વ્યાપારનું મુખ્ય કેન્દ્ર હતું. આ શહેરમાંથી એક માર્ગ કપિસા અને કાબુલની ખીણમાં થઈને કુશાણ સામ્રાજ્યના મુખ્ય પ્રદેશમાં પહોંચતો હતો. જુદાં જુદાં માહિતી સાધનો દ્વારા આપણે જાણી શકીએ છીએ કે ભારતમાં વ્યાપારના બે મુખ્ય ધોરી માર્ગો હતા. તેમાં 'ઉત્તરાપથ'ના માર્ગમાં ઉત્તરનાં મુખ્ય કેન્દ્રો સાંકળવામાં આવ્યાં હતાં, જ્યારે 'દક્ષિણાપથ' ભારતના દ્વીપકલ્પનાં વ્યાપાર કેન્દ્રોને જોડતો હતો. 'ઉત્તરાપથ' પુષ્કલાવતીથી શરૂ થઈ તક્ષશિલા, મથુરા, કોસામ્બી, અને વારાણસી થઈને પાટલિપુત્ર પહોંચતો હતો, અને ત્યાંથી આગળ જતાં ચંપા અને ચંદ્રકેતુગઢ સુધી પહોંચતો હતો. મૌર્ય યુગમાં આ માર્ગ અસ્તિત્વમાં હતો જ. અને એ વિશેની માહિતી ગ્રીક લખાણોમાંથી મળી આવે છે. મથુરામાંથી બીજો માર્ગ પશ્ચિમમાં સિંધ સુધી જતો હતો અને આ માર્ગે ઉત્તરમાં ઘોડાઓને લાવવામાં આવતા હતા. મથુરા, ઉજ્જૈન સાથે પણ સંકળાયેલું હતું, અને અન્ય માર્ગોથી નર્મદાના મુખ આગળ આવેલ મુખ્ય બંદર ભરૂચ સાથે જોડાયેલું હતું. ત્રીજો ફાંટો સિંધુ નદીને સમાંતર જતો હતો અને તક્ષશિલાથી તે નદીના મુખ પાસે આવેલ પટાલાને જોડતો હતો. એક અન્ય નોંધ કરવી જરૂરી છે કે ગંગા નદીની નહેરને સમાંતરે જતા હતા અને ગંગામાં જળમાર્ગે પણ માલની ઘણી હેરફેર કરવામાં આવતી. આ નાના નાના માર્ગો સાથે મુખ્ય ધોરીમાર્ગ જોડાયેલો હતો.એમાંના એક મારફત વૈશાલી પાસે થઈને શ્રાવસ્તી અને છેક નેપાળ સુધી જઈ શકાતું.

### 24.4.4 શહેરી વ્યાપાર કેન્દ્રો (Urban Centers)

પ્રાચીન સંસ્કૃત અને પાલિ ભાષામાં આપેલાં વર્ણનો પરથી ઉત્તર ભારતનાં શહેરીકેન્દ્રો વિશે માહિતી મળે છે. પણ આ વર્ણનો સર્વસામાન્ય છે. અનેક મુકાબલે વધુ વાસ્તવિક માહિતી આપનાર સાધનો પુરાતત્ત્વીય છે, જે આવાં કેન્દ્રોના ખોદકામ દરમિયાન મળે છે. આ ખોદકામમાં મળેલા અવશેષોથી તે સમયનાં ઘરો, તેની બાંધણી, કારીગરોનાં ઓજારો, ત્યાંની પ્રજાની વપરાશની ચીજવસ્તુઓ આદિની વિગતો પ્રાપ્ત થઈ શકે છે. (હાલના ઈસ્લામાબાદથી વાયવ્ય દિશામાં 30 કિ.મિ. દૂર આવેલ) તક્ષશિલામાં પુરાતત્ત્વીય ખોદકામ ઘણા દાયકાઓ પહેલાં કરવામાં આવેલું. 1913 માં સર જ્હોન માર્શલે તે શરૂ કર્યું અને લગભગ વીસ વર્ષ સુધી ચાલ્યું હતું. આ પરથી જણાયું કે સ્થળમાં ક્રમસેક્રમ મૌર્ય સમય પછીથી વસવાટ શરૂ થયો, જોકે આયોજિત નગર તરીકે તે ગ્રીક શાસન દરમિયાન વિકાસ પામ્યું. થોડા સમય પછી શહેર ફરતી સંરક્ષક દીવાલ અથવા કિલ્લો બાંધવામાં આવ્યો. આ પ્રકારના કિલ્લા અન્ય સ્થળોએ પણ જોવા મળે છે. અહીંના કિલ્લાની ભીંતો માટીની બનેલી હતી. અને ખૂબ સારી રીતે ટીપીટીપીને મજબૂત બનાવાઈ હતી. પાકી ઈંટો વિશે અહીં લોકો જાણતા હતા અને જુદા જુદા બાંધકામમાં તેનો ઉપયોગ થયો હતો. ફાયર ઘાટની ઈંટોની મદદથી ગોળાકાર બાંધકામ થતું.

મૌર્ય યુગની તુલનામાં આ સમયનાં ઘરોની રચના અને બાંધણી વધુ સારી હતી. પાકી ઈંટો છત તેમ જ ફરસ માટે વપરાતી. આ સ્થળોએ મળેલી ચીજોથી જણાય છે કે આ વસાહતો અગાઉ કરતાં વધુ સમૃદ્ધ હતી. મણિમણકાઓ વિપુલ પ્રમાણમાં મળે છે. તેથી જણાય છે કે ઘરેણાંનો ઉપયોગ વધ્યો હશે.માટીનો ઉપયોગ વિવિધ રીતે કરવામાં આવતો. માટીનાં વાસણો તો બનતાં જ, પણ માટીમાંથી માનવીની અને જાનવરોની આકૃતિઓ પણ ઘડવામાં આવતી. આમાંની કેટલીક બીબાંઓ દ્વારા બનાવાતી અને તે ખૂબ ઝીણી કોતરણી તથા સજાવટથી ભરપૂર હતી.

આ ઉપરાંત એ પણ નોંધવું જોઈએ કે શહેરી વ્યાપાર કેન્દ્રોની સંખ્યામાં આ સમયે ઘણો વધારો થયો. ઘણી સમૃદ્ધ નગરીઓ ખોદકામો દરમિયાન મળી છે. દાખલા તરીકે પુરાના કિલ્લા મથુરા અને કૌસામ્બી યમુનાના તટે આવેલાં હતાં. બરેલી તાલુકાનું અહિચ્છત્ર ઉત્તરના પાંચાલોની રાજધાની હતી. વારાણસીમાં રાજઘાટમાંથી આપણને હાથીદાંતની કૃતિઓ તેમ જ કાપડ બનાવવાની ચીજો મળે છે. આજના ઉત્તર બિહારના વૈશાલીના પ્રાચીન સ્તરોમાંથી મોટી સંખ્યામાં મહોરો અને મુદ્રાઓ મળી આવેલ છે, જે વેપારીઓ અને કારીગરોની માલિકીની હતી. બંગાળના મુખ્ય બે શહેરી વ્યાપાર કેન્દ્રો હતાં : તામ્રલૂક અને ચંદ્રકેતુગઢ. ચંદ્રકેતુગઢના ખોદકામમાં જણાયું છે કે ઈ.સ. ની પ્રથમ સદીમાં તેની આસપાસ માટીની સંરક્ષક દીવાલો ઊભી કરવામાં આવી હતી. તામ્રલૂક ગંગા ઉપરનું એક બંદર હતું તે ત્યાંના નૌકાગમન તેમ જ માલની હેરફેરનું કેન્દ્ર હતું. પશ્ચિમે ઉજ્જૈનમાં કિલ્લાયુક્ત વસાહત હતી, જેની મણકા બનાવવાની કારીગરી વિખ્યાત હતી. આ બધાં ઉપરાંત આ સર્વ સ્થળોએ પુષ્કળ પ્રમાણમાં ઈંટોની દીવાલો અને વિવિધ બાંધકામોના અવશેષો મળી આવે છે.

## 24.5 વ્યાપારમાં ધર્મની ભૂમિકા (Role of Religion in Trade )

અગાઉ જણાવાયું છે કે વેપારીઓને બૌદ્ધ ધર્મ દ્વારા ઉત્તેજન મળ્યું. અને ઘણાં મોટાં વ્યવસાયી જૂથો આ ધર્મને પણ આશ્રય આપતાં હતાં, અનેક બૌદ્ધ સ્થળોએ મળેલા શિલાલેખો દ્વારા આપણને ઘણી માહિતી મળી શકે છે. આ શિલાલેખોમાં રાજાઓ તેમ જ પ્રજાના જુદા જુદા સ્તરમાંથી આવેલાં અનુદાનો નોંધાયાં છે. ઉપરાંત એ પણ સ્પષ્ટ છે કે મુખ્ય બૌદ્ધ વિહારો એ સમયના વ્યાપારી ધોરી માર્ગો ઉપર સ્થપાયેલા હતા.

એક ખૂબ જ મહત્ત્વનું કેન્દ્ર હતું તક્ષશિલા. ત્યાં ઘણા બૌદ્ધ વિહારો હતા. અહીં જ કુશાણોના શાસન દરમિયાન ગાંધાર શૈલીની કલાનો પણ ખૂબ વિકાસ થયો હતો. મથુરા અને તેની આસપાસના પ્રદેશમાં પણ બૌદ્ધ ધર્મને મોટો આશ્રય મળતો હતો. તે પણ બૌદ્ધકલાનું મોટું કેન્દ્ર હતું. પરંતુ અહીં બૌદ્ધ તેમ જ જૈનધર્મો, બન્નેને ઉત્તેજન મળતું રહ્યું હોય તેમ જણાય છે કેમ કે પુરાતત્ત્વીય ખોદકામમાં બૌદ્ધ તથા જૈન વિહારોના અવશેષો મળી આવે છે. બીજું મોટું બૌદ્ધ કેન્દ્ર ભોપાલ નજીક આવેલું સાંચી હતું. દક્ષિણ અને ઉત્તરના કેટલાય વેપારીઓ અહીં યાત્રાએ આવતા અને મોટાં અનુદાનો કરતા. સાંચીના સ્તૂપને બનાવવામાં ઘણા ઉજ્જૈનવાસીઓએ દાન કર્યા હતાં. મધ્યભારતમાંનો બીજો મુખ્ય સ્તૂપ ભારહુતમાં છે. તે પણ દક્ષિણ ભારતમાંના નાસિક ક્ષેત્રમાંથી અને ઉત્તરમાંના પાટલિપુત્ર તેમ જ વૈશાલીમાંથી આવતા ભાવિકોનાં અનુદાનથી બન્યો હતો.


ભાવિકોના પૈસા તેમ જ જમીનનાં દાનોને લીધે વિહારોમાં સમૃદ્ધિ વધવા લાગી. આથી બૌદ્ધસંઘની સામાજિક ભૂમિકામાં પરિવર્તન આવ્યું. બૌદ્ધ ધર્મની ઉત્પત્તિના સમયમાં (લગભગ ઈ.પૂ.છઠ્ઠી સદી)બૌદ્ધભિક્ષુઓનું જીવન તદ્દન સાદું હતું. જ્યારે તે ધર્મનું સ્થાન ઊંચું જવા લાગ્યું ત્યારે તેના કેટલાક ગુરુઓ અને સંપ્રદાયોમાંનાં કેટલાંક જૂથો ધનિક થઈ ગયાં. આમ કુશાણોના સમય સુધીમાં આપણે જોઈએ છીએ કે કેટલાક બૌદ્ધવિહારો અને કેન્દ્રોમાં ખૂબ ધન એકત્રિત થઈ ચૂક્યું હતું. તેમની પાસે ઘણી જમીનો પણ હતી અને અમુક એવા પણ દાખલા હતા જેમાં ભિક્ષુઓ પોતે પણ અનુદાન આપતા હતા.

બૌદ્ધ ધર્મના કેટલાક નિયમોના અર્થઘટનની બાબતે તેમાં ભંગાણ પડ્યું. ચર્ચાનો વિષય એ હતો કે ભિક્ષુઓથી મિલકતનો ઉપભોગ કરાય કે નહિ. બીજો મુખ્ય પ્રશ્ન જે બૌદ્ધો સમક્ષ હતો તે એ કે ગૌતમ બુદ્ધને 'ભગવાન' સ્વરૂપે ગણવા અને તેમની પૂજા કરવી કે નહીં. ઈ.સ.ની પ્રથમ સદી આવતાં સુધીમાં બૌદ્ધ સંઘ બે ભાગમાં વહેંચાઈ ગયો હતો, જેમાંના એક સંપ્રદાય 'મહાયાન' અને બીજાનો 'હીનયાન' વધારે રૂઢિચુસ્ત હતો. આપણે જે નોંધવું જોઈએ તે એ છે, જ્યારે ગૌતમ બુદ્ધની પ્રતિમાઓ અને પૂજન શરૂ થયાં, ત્યારથી વિધિઓ વધવા લાગી. હવે વિહારોમાં દીપ પ્રગટાવવા માટે તેલની જરૂર પડવા લાગી, સુગંધી ધૂપ માટે લોબાન અને સ્તૂપોના શણગાર માટે રેશમી ધજાનાં કપડાં વગેરેની પણ જરૂર ઊભી થવા લાગી. જ્યારથી ભિક્ષુઓ એક જ વિહારમાં સતત રહેવા લાગ્યા ત્યારથી તેમને પોતાને માટે પણ કાપડ વગેરેની જરૂર શરૂ થઈ ગઈ. તેઓ પાસે હવે જમીનદોલતની માલિકી પણ હતી તેથી ભોજન, કપડાં જેવી જરૂરિયાતો માટે તેમણે ભિક્ષા માગવાનું બંધ કર્યું. આ રીતે આ સમયે જે ચીજોનો વ્યાપાર થતો હતો તેના તેઓ પણ મોટા ઉપભોક્તા થઈ ગયા.

આપણે અત્યાર સુધી બૌદ્ધ અને જૈન ધર્મો વિશે વાત કરી. તો બ્રાહ્મણ ધર્મ કે હિન્દુધર્મનું અને વૈદિક યજ્ઞયાગના ઘણા ઉલ્લેખો છે. કુશાણયુગમાં શિવ અને વિષ્ણુની પ્રારંભિક મૂર્તિઓ પણ મળી છે. પરંતુ હિન્દુ મંદિરોનો આકાર અને માળખું ગુપ્તયુગમાં પૂર્ણવિકસિત થયાં. ત્યાર બાદ જ મંદિરો સામાજિક પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર બની ગયાં.

## 24.6 વેપારીઓનું સ્થાન (Position of Traders)

બ્રાહ્મણ ધર્મની સંસ્કૃત કૃતિઓ, જે ઈ.સ.ની શરૂઆતની સદીઓમાં લખાઈ હતી તેમાં સમાજને ચાર વર્ગમાં વહેંચવામાં આવ્યો છે. બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શુદ્ર વર્ગ ગણાતા. બૌદ્ધધર્મ આનાથી જુદી રીતે સમાજના વર્ગીકરણનો ઉલ્લેખ કરે છે. વર્ણવ્યવસ્થા ઉપરાંત કામ અને કારીગરના કૌશલને આધારે પણ વર્ગીકરણ થઈ શકે છે એમ બૌદ્ધો માનતા હતા. વર્ણ અને જાતિના ભેદો ઉપરાંત કામ અને ઉદ્યોગને આધારે પણ વર્ણભેદ હતા. એટલે ઊંચ અને નીચને આધારે તેમણે ભેદો પાડ્યા. તેઓ ખેતી, વેપાર, પશુપાલન વગેરે કામો ઊંચા ગણતા. એટલે ઘણી બૌદ્ધ કૃતિમાં જણાવ્યા મુજબ, સારા કુટુંબના યુવાનો ખેતી, વેપાર અને પશુપાલન સાથે જોડાયેલા જણાતા હતા. તે જ પ્રમાણે, નામું લખવું અને લેખન વ્યવસાય પણ ઉચ્ચ ગણ્યો છે જ્યારે ચામડાનું કામ, ટોપલી બનાવવાનું કામ, વણકરનું કામ વગેરેને નિમ્ન કક્ષાનાં ગણવામાં આવ્યાં છે. આમ બૌદ્ધ સમજનું વ્યાવસાયિક નિયમોથી વિભાજન થતું અને તેમાં વેપારીઓનું સ્થાન ઘણું ઊંચું હતું.


ભારતના વ્યાપાર માર્ગો
(ઈ.સ.પૂ. ૨૦૦થી ઈ.સ. ૩૦૦ સુધી)
મુખ્ય શહેરો
આંતરિક વ્યાપાર માર્ગો
Kapisi
Puskalavati
Purusapura
Taksasila
UTTARAPATHA
Sakala
Alexandropolis
Sibipura
Srughna
Rohitaka
Hastinapur
Sambalaka
Indraprastha
Ahicchatra
Roruka
Vairata
Mathura
Sravasti
Kapilavastu
Kusinagara
MADHYADESA
Uvasisa
Puskara
Kanyakubja
Seketa
Vaisali
Patala
Pataliputra
to China
Padmavati
Prayaga
Campa
Pundra
Kausambi
Varanasi
Barbaricum
Madhyamika
Rajagrha
Kajangala
APARANTHA
PRACYA
Bharhut
Vidisa
Tripuri
Ujjaiyini
Chandraketugarh
DAKSINAPATHA
Tamralipti
Mahismati
Bharukaccha
Girinagara
Ramagiri
Ajanta
Nandhivardana
Sripura
Prabhasa
Kalinganagara
Nasikya
Surparaka
Kalyana
Palura
Tagara
Dantapura
Vengi
Amaravati
Brahmagiri
Kancipuram
Arkkadu
Mavilankai
Karavur
Tond
Uraiyur
Muciri
Kumari

અભિલેખોમાંના લખાણ પરથી પણ આ વાત જણાઈ આવે છે. બૌદ્ધવિહારોનાં સ્થળોમાં અનુદાતાઓ તેમના વ્યવસાયનો જ ઉલ્લેખ કરે છે, અને તેમાં ક્યાંય તેમની જાતિ કે 'જ્ઞાતિ'નો ઉલ્લેખ થતો નથી. વેપારીઓ અને સોદાગરોનાં નામો અગ્રિમસ્થાને હતાં અને તેમનાં 'મહાજનો'પણ સ્વતંત્ર રીતે ઓળખાતાં હતાં.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) 'ધી પેરિપ્લસ' નામની ગ્રીક કૃતિમાં ભારતમાં કઈ કઈ ચીજો ની આયાત અને કઈ કઈ ચીજોની નિકાસ થતી હતી, તેમ જણાવ્યું છે ? સાતેક લીટીમાં ઉત્તર લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

(ખ) ચીનનો માલ ભારત થઈને શા માટે યુરોપમાં જતો હતો અને સીધો જમીન માર્ગે નહોતો મોકલાતો ?

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

(ગ) નીચેનાં વક્તવ્યોને સાચાં(✓) કે ખોટાં (✗) ની નિશાની આપો:

(1) રોમન અને ચીની સામ્રાજ્ય સાથેના ભારતના વ્યાપાર માટે આપણી પાસે કોઈ લેખિત માહિતીસાધન નથી.

(2) મોટાં અનુદાનોને લીધે બૌદ્ધ ભિક્ષુઓની જીવનશૈલી બદલાઈ ગઈ.

(3) પ્રારંભિક ઐતિહાસિક યુગમાં ભારતમાં બે મુખ્ય વ્યાપારી ધોરી માર્ગો હતા - ઉત્તરા પથ અને દક્ષિણાપથ.

(4) બ્રાહ્મણો અને બૌદ્ધોના સાહિત્યમાં વ્યાપાર કરનારાઓના સામાજિક દરજ્જામાં ઘણો ફેર હતો.

## 24.7 સારાંશ

વ્યાપારી કેન્દ્રોની જાળના તથા શહેરી કેન્દ્રોના વિકાસના સંદર્ભમાં જોઈએ તો ઈ.પૂ.200થી ઈ.સ. 300નો સમય અત્યંત સમૃદ્ધ હતો. ઉત્તર ભારતના મુખ્ય માર્ગો ઉત્તરપશ્ચિમનાં કેન્દ્રોને બંગાળના ઉપસમુદ્રતટે આવેલાં બંદરો સાથે જોડી આપતા હતા. તેમાં ઉપકેન્દ્રો પણ વ્યવસ્થિત રીતે મુખ્ય માર્ગવ્યવહાર થઈને દક્ષિણના દ્વીપકલ્પ સુધી પહોંચતો હતો. શહેરી કેન્દ્રો ઉપરાંત આ માર્ગો ઉપર બૌદ્ધ ભિક્ષુઓના વિહારો પણ હતા. આનું કારણ બૌદ્ધ ધર્મે વ્યાપારને આ સમયમાં આપેલું ઉત્તેજન હતું. બૌદ્ધ ધર્મે ધનરાશિ જમા કરવાની તેમ જ તેનો લાભદાયક ઉપયોગ કરવાની પ્રવૃત્તિઓને ટેકો આપ્યો તેના અનુસંધાન રૂપે 'સંઘ'ને પણ સફળ ભાવુક વેપારીઓ અને 'મહાજનો'તરફથી મોટી રકમો તેમ જ જમીનોની ભેટ અને અનુદાન મળતાં હતાં. વળી આ જ સમયમાં વિદેશોમાં પણ ભારતીય ચીજોની માંગ વધવા લાગી, ખાસ કરીને ભૂમધ્ય સમુદ્રના પ્રદેશોમાં મધ્ય એશિયા અને ચીન સાથેના સંબંધોને કારણે બૌદ્ધ ધર્મના ફેલાવા માટેનાં દ્વાર ખૂલ્યાં, તો તેની સાથે જ વ્યાપારિક સંબંધો પણ વધ્યા. એ ધોરી માર્ગો પર ઠેક ઠેકાણે બૌદ્ધ ભિક્ષુઓના વિહારો અને મઠો સ્થપાયા હતા. અગ્નિએશિયા

સાથે પણ સંપર્કો શરૂ થઈ ચૂકયા હતા અને તે અંગેનાં પુરાત વીય પ્રમાણો પણ મળી આવ્યાં છે.

## 24.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

સ્વા. (1) ✓(2) ×(3) ×(4) ✓

(બ) બૌદ્ધ અને જૈનધર્મોએ વ્યાપારને ઉત્તેજન આપવામાં ભજવેલી ભૂમિકા વિશે લખવું જોઈએ. વધતો જતો ઉપભોકતા વર્ગ અને વિદેશોમાં ભારતીય ચીજોની વધતી માંગ વિશે પણ અહીં જણાવવું જોઈએ, ખાસ કરીને યુરોપ અને ચીનમાં જુઓ 24.4.

સ્વા. (2) (અ) જુઓ 24.5

(બ) પાર્થિયનો અને રોમનો વચ્ચે સતત દુશ્મનાવટ રહેવાને કારણે જમીનમાર્ગે ચીન અને યુરોપ વચ્ચે થતો વેપાર ખોરવાઈ ગયો. આથી આ વેપાર ભારતના માર્ગે થઈને કરવો પડતો.

જુઓ 24.5

(ક) (1)× (2)✓(3) ✓(4)✓

# એકમ 25 ધર્મોનો વિકાસ (Development in Religion)

રૂપરેખા

25.0 ઉદ્દેશો
25.1 પ્રસ્તાવના
25.2 બૌદ્ધ ધર્મ
25.2.1 વિસ્તૃતીકરણ અને આશ્રય
25.2.2 'મહાયાન' સંપ્રદાયનો ઉદ્ભવ
25.2.3 સંપ્રદાયો
25.2.4 કેન્દ્રો
25.3 જૈન ધર્મ
25.3.1 વિસ્તાર અને આશ્રય
25.3.2 સંપ્રદાયો
25.3.3 કેન્દ્રો
25.4 બ્રાહ્મણ ધર્મ
25.4.1 નવી ઘટનાઓ
25.4.2 અન્ય દેવગણ
25.5 શૈવ સંપ્રદાય
25.6 વૈષ્ણવ સંપ્રદાય
25.7 સારાંશ
25.8 ચાવીરૂપ શબ્દો
25.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 25.0 ઉદ્દેશો

આ એકમનો હેતુ સારાંશ મૌર્યોત્તરકાળમાં ભારતના મુખ્યધર્મોના વિકાસની ટૂંકમાં ચર્ચા કરવાનો છે. આ એકમના અભ્યાસ પછી તમે -

* આ સમયખંડમાં બૌદ્ધ તથા જૈનધર્મોમાં આવેલા ફેરફારના તબક્કાઓ સમજી શકશો.
* બ્રાહ્મણધર્મનાં લક્ષણો અને પ્રકૃતિ સમજી શકશો.
* શૈવ અને વૈષ્ણવ સંપ્રદાય તથા તેમની સાથે જોડાયેલ અન્ય નાના મોટા સંપ્રદાયોને જાણી શકશો; અને
* આ ધર્મોએ કેવી રીતે નવા વિચારોને આત્મસાત્ કર્યા તે સમજી શકશો.

## 25.1 પ્રસ્તાવના

એકમ 17માં તમે બૌદ્ધ અને જૈન ધર્મોના ઈ.પૂ. 200 સુધીના વિકાસ વિશે જાણ્યું છે. આ એકમમાં આપણે ઈ.સ.પૂ.200થી માંડીને ઈ.સ. 300 સુધીના સમયમાં જુદા જુદા ધર્મોની સ્થિતિ અને વિકાસ અંગે ચર્ચા કરીશું. મૌર્યોના પતન પછીના સમયની રાજકીય સ્થિતિ જોતાં શુંગો, ગ્રીકો, શકો-પાર્થિયનો અને કુશાણોનાં રાજ્યો અને સામ્રાજ્યો ઉત્તર-પશ્ચિમમાં આવ્યાં તેની પણ ધર્મોના વિકાસ પર અસર થઈ. દાખલા તરીકે, અશોકના સમયમાં બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય મળ્યો હતો, જ્યારે શુંગવંશે બ્રાહ્મણધર્મને રાજ્યાશ્રય આપ્યો. તે જ રીતે, બૌદ્ધ ધર્મનાં ઉદાર લક્ષણોને લીધે વિદેશીઓને ભારતીય સમાજમાં સંમિલિત કરવાનું પ્રમાણમાં સરળ હતું, અને તેથી તે માર્ગે વિદેશીઓ ભારતીય સમાજમાં ભળી જઈ શક્યા. આ સંમિલિત કરી શકવાની ક્ષમતાને લીધે પણ ગ્રીકોએ બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય આપ્યો હતો.

આપણે એ તો જાણીએ છીએ કે વેપારી વર્ગમાં બૌદ્ધ ધર્મ ઘણો લોકપ્રિય હતો. આ સમયમાં વેપાર ધંધાને મળેલા ઉત્તેજનને કારણે બૌદ્ધ ધર્મના વિકાસમાં મદદ મળી. મુખ્યતઃ વેપારમાં જ મગ્ન હોવા છતાં વેપારીઓ જે સ્થળે જતા ત્યાં, વ્યક્તિગત ધર્મની અસર છોડી જતા. આ બધાં કારણોથી આ સમયમાં બધા ધર્મોમાં પરિવર્તન અને

વિકાસ થયેલાં જણાય છે. આ જ લક્ષણો બ્રાહ્મણ ધર્મમાં અને શૈવ તથા વૈષ્ણવ સંપ્રદાયોની શાખાઓના ઉદ્ભવમાં દેખાય છે.

આમ મૌર્યો પછીના સમયમાં મુખ્ય ધાર્મિક પરિવર્તનો આ મુજબનાં ગણી શકાય :

* મૌર્યોના પતન પછી થોડો વખત બૌદ્ધોને થોડી તકલીફો પડી હશે, કેમ કે શુંગવંશના શાસકો બ્રાહ્મણધર્મી હતા. છતાં બૌદ્ધ સંઘે ઘણાં નવાં કેન્દ્રો ખોલ્યાં અને આસપાસના વિદેશોમાં પણ પોતાના અનુયાયીઓ બનાવ્યા.
* આ સમયમાં બૌદ્ધોમાં આદર્શો અને વિધિની માન્યતાઓમાં મતભેદ પડ્યો, તેથી ભંગાણ પડી ગયું. બૌદ્ધધર્મની બે શાખાઓ થઈ ગઈ : મહાયાન અને હીનયાન.
* જૈન ધર્મના પણ ઘણા અનુયાયીઓ હતા અને તેઓનું પણ સંગઠન હતું : જોકે બૌદ્ધ ધર્મ જેટલો તેનો ફેલાવો નહોતો.
* જૈન ધર્મમાં પણ મતભેદો થવા લાગ્યા હતા. તેમાં છેવટે ભંગાણ પડ્યું. તેમની બે મુખ્ય શાખાઓ હતી: શ્વેતાંબર અને દિગંબર.
* જે બ્રાહ્મણ ધર્મ તરીકે ઓળખાય છે અને જે બૌદ્ધ અને જૈન ધર્મ જેવો વિદ્રોહી ધર્મ નથી, તેનું સ્વરૂપ આ કાળમાં શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયોની વધેલી લોકપ્રિયતાને લીધે ઘણું બદલાઈ ગયું.
* રૂઢિગત અને વિદ્રોહી બન્ને પ્રકારના ધર્મોએ દેશમાંથી જ નહિ બલકે વિદેશમાંથી પણ નવા વિચારો મેળવ્યા.તેથી માનવીઓમાં સ્થપાયેલું દેવત્વ, મૂર્તિઓની પૂજા વગેરે નવાં તત્ત્વો આ ધર્મમાં આ સમયે સામાન્યરીતે ઉમેરાયાં.

## 25.2 બૌદ્ધ ધર્મ (Buddhism)

શુંગ-કણ્વ શાસન દરમિયાન બૌદ્ધ ધર્મને થોડી પીછેહઠ કરવી પડી, કારણ કે આવેલા આ બંને વંશો મૌર્યો પછી મગધની ગાદીએ હતા, બ્રાહ્મણ ધર્મના ચુસ્ત અનુયાયીઓ હતા.

'દિવ્યાવદાન'નામની બૌદ્ધ કૃતિમાં પુષ્યમિત્રને બૌદ્ધ ધર્મનો મોટો દુશ્મન ગણાવાયો છે. એમાં કહેવાયું છે કે તેણે પાટલિપુત્રમાં આવેલી 'કુક્કુટ આરામ' વિહારનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો. એમાં લખ્યા મુજબ તેણે દરેક બૌદ્ધ ભિક્ષુના માથા સાટે 100 દિનારનું ઇનામ જાહેર કર્યું હતું.

આ અહેવાલ પૂરેપૂરો સાચો નથી. વ્યક્તિગત રીતે આ શાસકો બૌદ્ધ ધર્મની વિરુદ્ધ હતા પણ, તેનો અર્થ એ નથી કે બૌદ્ધ ધર્મને સમાજ તરફથી મળતો ટેકો નોંધપાત્ર અંશે ઓછો થઈ ગયો હતો. હકીકતમાં, મધ્યભારતનો ભારહૂત સ્તૂપ શુંગવંશના સમયમાં જ બનાવાયો હતો. સાંચી સ્તૂપનો આકાર બેગણો વધારાયો, તેનાં તોરણો, જે દરવાજાઓ પર કોતરાયાં છે, તે પણ એમના જ કાળમાં ઉમેરાયાં. આમ 'દિવ્યાવદાન'નું વર્ણન અતિશયોક્તિ ભરેલું જણાય છે. તેમ છતાં એટલું તો ખરું જ કે બૌદ્ધોને શુંગ અને કણ્વોના સમયમાં મૌર્યોના સમયમાં જેવો મળતો હતો તેવો રાજ્યાશ્રય, મળ્યો નહિ.

### 25.2.1 વિસ્તૃતીકરણ અને આશ્રય (Expansion and Patronage)

આ સમયમાં બૌદ્ધ ધર્મ સમગ્ર ભારતમાં ફેલાયો પરંતુ ઉત્તર-પશ્ચિમ ભારતમાં તેનાં મૂળ ઊંડાં ઊતર્યાં. ઘણાં વિદેશી શાસકો જેવા કે ગ્રીકો અને કુશાણોએ પણ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો.

ગ્રીક શાસકોમાં 'મિનેન્ડર'નું સ્થાન મોખરાનું છે, તે બૌદ્ધ ધર્મ પ્રત્યે આકર્ષાયો હતો. તેણે આ ધર્મને અંગીકાર કર્યો. બૌદ્ધ સાહિત્યની એક મહત્ત્વની કૃતિ 'મિલિન્દ-પન્હો' (મિલિન્દના પ્રશ્નો) આ રાજાને 'સાકલના રાજા મિલિન્દ' તરીકે ઓળખાવે છે. આ કૃતિમાં મિનાન્ડર અને બૌદ્ધ ભિક્ષુ નાગસેન વચ્ચે ધર્મ અંગેના વાર્તાલાપને પ્રશ્નોત્તરીના સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો છે.

ઘણા કુશાણ શાસકો પણ બૌદ્ધ ધર્મના અનુયાયી બન્યા હતા. દાખલા તરીકે કુજુલ કાડફિસીસ અને કનિષ્ક પહેલો બૌદ્ધ થયા હતા. કનિષ્કના શાસન દરમિયાન તો બૌદ્ધ ધર્મ તેની ચરમસીમાએ પહોંચ્યો. એના શાસન દરમિયાન ચોથી બૌદ્ધ પરિષદ યોજાઈ હતી. તે માટે પાર્શ્વ નામના બૌદ્ધ ભિક્ષુએ કનિષ્કને સલાહ આપી હતી. આ પરિષદ કયા સ્થળે મળી હતી તે અંગે નિર્ણય લેવાયો નથી પરંતુ સમકાલીન વૃત્તાંતોના આધારે મનાય છે કે તે કાશ્મીરમાં કોઈ સ્થળે યોજાઈ હતી. તેના અધ્યક્ષ તરીકે વસુમિત્ર હતા. આ પરિષદમાં ધર્મ પુસ્તકોના કેટલાક

મુશ્કેલ ભાગો પર ખૂબ ચર્ચા થયા પછી તેને નવે સ્વરૂપે 'વિભાષા શાસ્ત્રો'નામે ભાષ્યોનાં પુસ્તકો બનાવાયાં. આ પરિષદમાં જ બૌદ્ધ ધર્મની બે મુખ્ય શાખાઓ બની ગઈ - હીનયાન અને મહાયાન.

કનિષ્કે બૌદ્ધ ધર્મને દેશના અન્ય ભાગોમાં પણ લોકપ્રિય કરવાના પ્રયાસો કર્યા. દાખલા તરીકે, પેશાવરમાં તેણે જ એક સ્તૂપ બનાવ્યો અને વિહાર બાંધ્યો. આ સ્થળ બૌદ્ધ ધર્મના શિક્ષણ અને સંસ્કૃતિનું મોટું કેન્દ્ર બન્યું. આ સમયમાં ભિક્ષુઓએ પણ ભારતમાંથી બૌદ્ધ ધર્મ મધ્ય એશિયા અને ચીનમાં પહોંચાડ્યો. દક્ષિણમાં સાતવાહન શાસકો અને પશ્ચિમ ભારતના ક્ષત્રપ શાસકે એ બૌદ્ધ ધર્મને આશ્રય આપ્યો. ઘણા સ્તૂપો બંધાવ્યા અને ઉદાર સખાવતો આપી. દાખલા તરીકે અમરાવતીનો સ્તૂપ મોટો કરાવ્યો તેમ જ તેની ફરતે ખૂબ જ સુંદર શિલ્પોથી શણગારેલા સંગેમરમરના પથ્થરો જડાવ્યા. આ બાંધકામ સાતવાહન રાજા પુલુમાવીના સમયમાં થયું હતું.

દેશના પશ્ચિમ કિનારે, પશ્ચિમ ઘાટમાં ઘણી ગુફાઓ ખોદીને શોધી કાઢવામાં આવી. આ કામ સાતવાહનો તેમ જ ક્ષત્રપોએ કર્યું. આ વિહારો બૌદ્ધ ભિક્ષુઓ માટે આશ્રયસ્થાન તેમ જ મઠની ગરજ સારતા. પહાડોમાં કોતરેલી આવી ગુફાઓ નાસિક, કાર્લે, ભાજા, ગુજાર, કાન્હેરી વગેરે સ્થળોએ મળી આવે છે.

તામિલ પ્રદેશોમાંથી પણ બૌદ્ધધર્મના કેટલાક ઉલ્લેખો મળે છે. પ્રાચીન ગુફામાંના શિલાલેખોમાં બૌદ્ધોની વસાહતો વિશે ઉલ્લેખ થયેલા છે. સામાન્ય ભક્તોએ કરેલાં અનુદાનોના સંદર્ભો, પણ અહીં મળે છે.

## 25.2.2 મહાયાન સંપ્રદાયનો ઉદ્ભવ (Rise of Mahayana Buddhism)

'મહાયાન' શાખાના ઉદ્ભવે બૌદ્ધ ધર્મના વિકાસમાં ઘણો ફાળો આપ્યો અને તે ધર્મ સમગ્ર ભારતમાં તેમ જ તેની સીમાની બહારના દેશોમાં પણ ઘણો લોકપ્રિય બની ગયો. અનેક પ્રકારની વિવિધ જાતિના અને સંસ્કૃતિ ધરાવતા લોકોએ ધીમે ધીમે ગૌતમ બુદ્ધને 'ભગવાન'નું સ્વરૂપ આપી દીધું. ઈ.સ.ની શરૂઆતની સદીઓમાં ગૌતમ બુદ્ધની પ્રતિમાઓની સ્થાપના તેમ જ પૂજાનો રિવાજ પ્રચલિત થયો. આમાં 'મહાયાન' શાખાના આગમનનો રસ્તો ખુલ્લો થયો.

ઈ.પૂ.ની પ્રથમ સદીમાં 'મહાયાન' શાખાનો ઉદ્ભવ આંધ્ર પ્રદેશમાં થયો. કનિષ્કના સમયમાં તે સ્પષ્ટ સ્વરૂપ પામ્યો અને ત્યાર બાદ તેનો ફેલાવો ઈ.સ. પ્રથમ અને દ્વિતીય સદીમાં સમગ્ર ઉત્તર ભારતમાં થયો. જોકે તેનો વિરોધ શરૂઆતમાં ચુસ્ત બ્રાહ્મણ ધર્મ દ્વારા થયો હોવાથી, તેનો ફેલાવો તેટલો ઝડપી નહોતો. નાગાર્જુન કે જે 'મહાયાન' બૌદ્ધ ધર્મના મહાન વિદ્વાન હતા, તેમના સમયથી 'મહાયાન' લોકપ્રિય બનવા લાગ્યો. જોકે મહાયાન શાખાનો ઉદ્ભવ તો ઈ.સ.પૂ. પહેલી સદીમાં થઈ ચૂક્યો હતો. તેનું કનિષ્ક પહેલાના સમયમાં ભરાયેલી બૌદ્ધ ધર્મની ચોથી પરિષદમાં થયેલી આદર્શો, નીતિ અને વિધિઓ વિશેની તીખી ચર્ચાઓ બાદ સંઘના હીનયાન અને મહાયાન તરીકે ભાગલા પડ્યા. 'હીનયાન' શબ્દનો અર્થ નિમ્ન વાહન અને 'મહાયાન' શબ્દનો અર્થ 'મહાન વાહન' થાય છે. પરંતુ આ શાબ્દિક અર્થ કદાચ 'મહાયાન' શાખા 'હીનયાન' કરતાં વધુ ઉચ્ચ કક્ષાની હતી. તે બતાવવા માટે પણ યોજાયો હોય તેમ બને. 'મહાયાન' શાખાના પ્રારંભિક સ્તરે 'મહાસાંઘિક' નામનો સંપ્રદાય હતો. તેનો એક આદર્શ એ હતો કે જે કોઈ જીવ 'બુદ્ધત્વ' પ્રાપ્ત કરવાની મહેચ્છા ધરાવતો હોય, તે જુદે જુદે તબક્કે 'બોધિસ વ' તરીકે અનુભવ લીધા પછી જ તેમ કરી શકે. 'બોધિસ વ'ની સ્થિતિની પ્રાપ્તિ માટે પણ પુણ્ય કાર્યો અથવા 'પારિમિતાઓ' કરવાં જરૂરી છે. આ મુખ્ય આદર્શો ઉપરાંત 'મહાયાન' શાખાની બીજી મુખ્ય માન્યતાઓ હતી કે ચીજોમાં 'શૂન્યત્વ' હોય છે, અથવા 'વાસ્તવિકતાનો અભાવ' હોય છે, 'મંત્રો'માં શક્તિ હોય છે, 'બુદ્ધ' એકથી વધુ હોય છે, 'બોધિસ વો' પણ એકથી વધુ હોય છે, અને દેવી દેવતાઓની પૂજા વિધિવત્ કરવાની હોય છે. 'હીનયાન' પંથના વિચારો પ્રમાણે આ બધા વિચારો બુદ્ધે પોતે સ્પષ્ટ રીતે સમજાવ્યા નથી. તેઓના વિચારોમાં બુદ્ધત્વની પ્રાપ્તિ પ્રત્યેક મેળવી શકે એવું શિખવાડવાનો આદર્શ અવ્યવહારુ છે.

## 25.2.3 સંપ્રદાયો (Sects)

બૌદ્ધધર્મના વ્યાપક ફેલાવાથી તેમાં જુદા જુદા સંપ્રદાયો ઊભા થવા લાગ્યા. જેમ કે થેરાવાદીઓ, જેઓ કૌશામ્બી કેન્દ્રની આસપાસ પ્રવૃત્ત હતા. શ્રાવસ્તીવાદીઓનું કેન્દ્ર મથુરા હતું, અને ભદ્રયાનિકો નાસિક અને કાન્હેરી કેન્દ્રોમાં હતા. આ બધા સંપ્રદાયોના ઉદ્ભવનું કારણ તેઓ વચ્ચેના સૈદ્ધાન્તિ મતભેદ ન પણ હોય. મુખ્યત્વે ભૌગોલિક પરિસ્થિતિ, દરેક ક્ષેત્રની પ્રજાનો જુદો અભિગમ, જુદા જુદા સાંસ્કૃતિ સ્તરો અને તે ઉપરાંત પૂરા સંઘની એકસૂત્રતા અને સમન્વય સાધી રાખવાની અશક્તિ વગેરેને લઈને પણ આ સંપ્રદાયો ઊભા થયા હોય તેમ બની શકે છે.'મહાયાન' શાખાની લોકપ્રિયતા સાતવાહન શાસકોના સમયમાં 'ધ્યાન કટક' (અથવા હાલનું અમરાવતી) પ્રદેશમાં હતી. જ્યારે ઉત્તર ભારતમાં સ્થવિરવાદી (થેરાવાદી) શાખાઓ પ્રચલિત થઈ હતી.

આ પ્રશાખાઓને કારણે બૌદ્ધ ધર્મમાં પણ કેટલાંક નવાં તત્ત્વો દાખલ થયાં :-

* પ્રથમ, ગૌતમ બુદ્ધ માત્ર ગુરુ અથવા આચાર્ય ગણાતા હતા. મહાયાન પંથમાં તેમને હવે 'ભગવાન'નું સ્થાન આપવામાં આવ્યું. આથી તેમને માન આપવાની વિધિમાં ખૂબ પરિવર્તન આવી ગયું, અને તેમની વિધિવત્ પૂજા થવા લાગી. દા.ત. અગાઉનાં શિલ્પોમાં ગૌતમ બુદ્ધને એક 'ચરણયુગ્મ' (પગલાંની જોડી) તરીકે, અથવા એક પુષ્પ, અથવા એક શ્વેત હાથીના પ્રતીકમાં બતાવાતા હતા. અને તેમની પૂજા થતી હતી. પરંતુ હવે ગૌતમ બુદ્ધની માનવ પ્રતિમા અને મૂર્તિની પૂજા લોકો કરવા લાગ્યા.
* 'બોધિસત્વ' વિશેની માન્યતાઓમાં પણ પરિવર્તન આવ્યું. એક સંપ્રદાયના મતે 'બોધિસત્વ'ને માત્ર ગૌતમ બુદ્ધના જ પૂર્વ અવતારો હતા, જ્યારે અન્ય એક સંપ્રદાય માનતો હતો કે 'બોધિસત્વ' એવા એક નિઃસ્વાર્થ વ્યક્તિ હતા, જે સર્વસામાન્ય લોકોની સેવામાં જીવન વ્યતીત કરતા હતા.
* પુનર્જન્મનો સિદ્ધાન્ત બળવત્તર બન્યો. એ મુજબ, કોઈ પણ વ્યક્તિ વારંવાર થતા જન્મોમાં પુણ્ય એકત્ર કરી શકે છે.
* આ ઉપરાંત અમુક ધાર્મિક ક્રિયાઓ દ્વારા એક વ્યક્તિનાં પુણ્યનું દાન અન્ય વ્યક્તિને થઈ શકે છે, એવી માન્યતા પણ આ સમયે ઊભી થઈ.

### 25.2.4 કેન્દ્રો (Centres )

અગાઉના સમયનાં ધાર્મિક અને યાત્રાનાં સ્થળો આ સમયમાં પણ લોકપ્રિય રહ્યાં.

* ભારહુત, બોધ ગયા અને સાંચી મુજબ પવિત્ર યાત્રાસ્થળો શુંગવંશના અને પછીના કાળમાં પણ હતાં જ.
* કુશાણયુગમાં પુરુષપુર બૌદ્ધ ધર્મનું મોટું કેન્દ્ર બન્યું. આ પ્રદેશમાં તક્ષશિલાનું પણ મહત્ત્વ ખૂબ જ હતું. ગાંધારનો આખો પ્રદેશ, જેમાં આ બન્ને કેન્દ્રો હતાં, તેમાં સર્વત્ર બૌદ્ધ ધર્મ ખૂબ જ પ્રચલિત હતો. અને આ જ પ્રદેશમાં એક નવા જ કલાશૈલીનો ઉદ્ગમ થયો, જેની લાક્ષણિકતાઓ વિશિષ્ટ હોવાને કારણે કલામાં તે ગાંધાર શૈલી તરીકે ઓળખાઈ. મથુરા પણ બૌદ્ધનું મોટું કેન્દ્ર બન્યું અને ત્યાં પણ કલાનો ખૂબ વિકાસ થયો. ત્યાં કલાની વિશિષ્ટ શૈલી ઊભી થઈ, જેને મથુરામાં બનેલી 'બોધિસત્વો'ની પ્રતિમાઓ દૂર સુદૂર લઈ જવાતી. પશ્ચિમ પ્રદેશમાં નાસિક, કાન્હેરી, કાર્લે વગેરે સ્થળોએ બૌદ્ધ ભિક્ષુઓ માટેના અસંખ્ય વિહારો ટેકરીઓ પર ખોદવામાં આવ્યા, અને બૌદ્ધ ભિક્ષુઓને રહેઠાણો પૂરાં પાડવામાં આવ્યાં.
* પૂર્વી ડેક્કન પ્રદેશમાં અમરાવતી અને નાગાર્જુન, કોકડા પણ બૌદ્ધ કલા માટે પ્રખ્યાત હતાં. નાગાર્જુન કોણ્ડામાંનો 'મહાચૈત્ય'તો સમગ્ર ભારતના બૌદ્ધો માટે મોટું યાત્રાસ્થાન બન્યો.

આ કલાકેન્દ્રોમાંનાં ઘણાં શિક્ષણકેન્દ્રો પણ મોટાં બન્યાં હતાં. દા.ત. તક્ષશિલા, મથુરા, બનારસ અને નાલંદા બૌદ્ધ ધર્મના શિક્ષણ માટે વિખ્યાત કેન્દ્રો બન્યાં. તક્ષશિલામાં દેશના ભિન્ન ભિન્ન ભાગમાંથી વિદ્યાર્થીઓ આકર્ષાઈને અભ્યાસ માટે આવતા. તેમાં માનવજીવન વિદ્યા, વિજ્ઞાન, ઉદ્યોગ, કારીગરી, યુદ્ધવિદ્યા (martial arts), કાયદાશાસ્ત્ર અને વૈદકશાસ્ત્રનું શિક્ષણ મળતું.

## 25.3 જૈન ધર્મ (Jainism)

જૈન ધર્મનો પ્રચાર બૌદ્ધ ધર્મ જેટલો ઝડપથી ન થયો. બીજું, જૈન ધર્મને બૌદ્ધ ધર્મ જેટલો વ્યાપક રાજ્યાશ્રય પણ ન મળ્યો. પરંતુ, આ બધી મુશ્કેલીઓ છતાં, જૈન સાધુઓ અવિરત રીતે પ્રવૃત્ત રહેતા અને તેમના પ્રચાર માટેના પ્રયત્નો સંગઠિત પણ હતા.

ઈ.સ.ની પ્રાથમિક સદીઓ દરમિયાન જૈન ધર્મે ઊંચું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. પરંતુ બૌદ્ધ ધર્મની જેમ જૈન ધર્મે ભારતની હદની બહાર પ્રચાર કરવાની નીતિ અપનાવી નહિ.

### 25.3.1 વિસ્તાર અને આશ્રય (Spread and Patronage)

કેટલાક રાજાઓ જેમણે જૈન ધર્મને આશ્રય આપ્યો, તેમાં કલિંગના રાજા ખારવેલનું નામ મોખરે છે. ખારવેલ અને તેમની રાણી સ્વયં જૈન ધર્મનાં અનુયાયી હતાં, એટલું જ નહિ પરંતુ જૈન સાધુઓના ઉપયોગ માટે તેમણે ઉદયગિરિ પહાડોની થોડી ગુફાઓ આપી હતી.

કુશાણ યુગમાં મથુરામાં પણ જૈન ધર્મ લોકપ્રિય હતો તેમ જણાય છે. મથુરા કલા શૈલીએ જૈનો માટે તીર્થંકરોની

અનેક પ્રતિમાઓ ઉપરાંત પૂજાના બીજા પદાર્થો બનાવ્યા.

તામિલ પ્રદેશોના રાજાઓએ પણ જૈન ગુફાઓ કોતરાવી હતી. આથ્યાન નેહુમન અંજી નામના રાજાએ દક્ષિણ આર્કોટ તાલુકામાં જામભૈ સ્થળે જૈનો માટે ગુફા કોતરાવી છે. (પુડુક્કોટાઈ જિલ્લાની) સિત્તનવસલ ગુફા ત્યાંના સ્થાનિક લોકોએ એક જૈન સાધુને સમર્પણ કરી હતી. આમ આ સ્થળોના લોકોમાં જૈન ધર્મ પ્રિય હતો તેમ જણાય છે.

જૈન સાધુઓ ધર્મના પ્રચારાર્થે મંડળોની રચના કરતા. શરૂમાં આનો હેતુ દુકાળ અથવા અછતના સમયે જૈન સાધુઓને સહાય મોકલવાનો હતો. પરંતુ આ સહાય-મંડળો પછીથી ધર્મના પ્રચાર માટેનાં મંડળો થઈ ગયાં.

આવું પ્રથમ મંડળ મૌર્યયુગમાં બન્યું હતું. ચંદ્રગુપ્ત મૌર્યના સમકાલીન ભદ્રબાહુએ સાધુઓને છત્રછાયા પહોંચાડવાના હેતુથી પરંપરા મુજબ દક્ષિણમાં સ્થળાંતર કર્યું. ચંદ્રગુપ્ત મૌર્યની સાથે તેઓ દક્ષિણમાં પહોંચ્યા. તેમણે કર્ણાટકના શ્રવણ બેળગોડામાં જૈન કેન્દ્ર સ્થાપ્યું. અહીંથી જૈનો તામિલ દેશના અન્ય ભાગોમાં ફેલાયા અને આંધ્રના પ્રદેશમાં પણ ગયા.

શ્વેતાંબરોની એક પરંપરાનુસાર રાજાખારવેલના સમયમાં જૈન સાધુઓએ મગધથી આંધ્રના સાગરકાંઠા તરફ સ્થળાંતર કર્યું હતું. ભુવનેશ્વર નજીક આવેલ ઉદયગિરિમાં કોતરાયેલ હાથીગુફા શિલાલેખમાં આ પરંપરાનું સમર્થન થાય છે.

બીજી એક પરંપરાનુસાર મથુરામાંથી જૈનોના સ્થળાંતરની વાત જાણવા મળે છે. મથુરાના ટીલાના અવશેષો અને કેટલાય સમર્પિત અભિલેખો ઉપરથી મથુરામાં ઈ.સ.ની પ્રથમ બે સદીઓ દરમિયાન જૈન ધર્મ લોકપ્રિય હતો, તેના પુરાવા મળે છે.

ઠેઠ ઈ.સ.પૂ. પ્રથમ સદી જેટલા પહેલા સમયમાં 'કાલકાચાર્યની વાર્તા'માં જૈનોનો વસવાટ માળવામાં હતો. તેમ જણાય છે.

જૂનાગઢના અભિલેખથી સ્પષ્ટ થાય છે કે ઈસુની સાલના શરૂના સૈકાઓમાં જૈન ધર્મ ગુજરાતમાં પ્રચાર પામ્યો હતો.

## 25.3.2 સંપ્રદાયો (Sects)

ઈ.સ.પૂ. બીજી સદી પહેલાંથી જૈન ધર્મના બે મુખ્ય સંપ્રદાયો જાણીતા હતાઃ શ્વેતાંબર અને દિગંબર. જે મુનિઓ દરેક પ્રકારનાં કપડાંનો ત્યાગ કરતા, તેઓ 'દિગંબર' ગણાયા. અને જેઓ શ્વેત વસ્ત્રો ધારણ કરતા, તેઓ 'શ્વેતાંબર' ગણાયા. તે સિવાય બન્ને સંપ્રદાયોમાં ખાસ સૈદ્ધાન્તિક મતભેદો નથી. આ જ સ્થિતિ આ સમય ગાળામાં પણ ચાલુ રહેલી જોવા મળે છે.

ઈ.સ.ની પ્રથમ સદીમાં 'પપનીય' નામની પ્રશાખાનો ઉદ્ભવ થયો. ઘણું કરીને તેની સ્થાપના 'કલ્યાણનગર'ના શ્વેતાંબર પંથના 'કલસ' નામે મુનિએ કરી હતી. આ શાખામાં જણાયું તે મુજબ એક મહત્ત્વનું પાસું સ્ત્રીઓ પણ મોક્ષ પામી શકે છે. અને 'કેવલિનો' એ કોળિયા ગણીને તેમનું ભોજન લેવું જોઈએ.

સર્વ સાધારણ રૂપે, જૈન ધર્મે તેની સ્થાપનાસમયમાં બનાવેલા સિદ્ધાન્તોને યથાવત્ જાળવી રાખ્યા. અને તેથી તેના અનુયાયીઓની સંખ્યા પણ લગભગ અચલ જ રહી.

## 25.3.3 કેન્દ્રો (Centres)

જૈન ધર્મનાં જે અનેક કેન્દ્રો ઊભાં થયાં હતાં તેમાં ઈ.સ.ની પ્રથમ બે સદી દરમિયાન રાજગૃહી અથવા રાજગીર ખૂબ મહત્ત્વનું કેન્દ્ર હતું. શ્વેતાંબર પંથના વજ્રમુનિ આ સ્થળ સાથે જોડાયેલા હતા.

બીજું મુખ્ય કેન્દ્ર મથુરા હતું. ત્યાંની શિલ્પકૃતિઓ તેમ જ તેના પર લખાયેલ સમર્પિત શિલાલેખોથી જણાય છે કે અહીં જૈન ધર્મને વેપારી વર્ગે મોટો આશ્રય આપ્યો હતો. ઘણી સદીઓ સુધી મથુરા જૈન ધર્મનું મહત્ત્વનું કેન્દ્ર રહ્યું. પછીથી ઉદ્ભવેલી પરંપરા અનુસાર ઉજ્જૈન પણ આ સમયે જૈન ધર્મનું મહત્ત્વનું કેન્દ્ર હતું.

ઈ.સ.ની પ્રથમ સદીઓમાં તક્ષશિલામાં આવેલું સિર્કપ પણ બૌદ્ધ ધર્મના કેન્દ્ર ઉપરાંત જૈન ધર્મનું મુખ્ય કેન્દ્ર હતું. તેમાં જૈનોનું વિશાળ બાંધકામ ધરાવતું કેન્દ્ર હતું. એ જ રીતે પશ્ચિમ કિનારાનાં ભરૂચ અને સોપારા હતાં. પણ મુખ્ય જૈન કેન્દ્રો હતાં અને જૈન સાધુઓ ત્યાં વારંવાર મુલાકાત લેતા હતા.

ઓરિસામાં ભુવનેશ્વર નજીકની ખંડગિરિ અને ઉદયગિરિની પર્વતમાળાઓનું ક્ષેત્ર પણ મૌર્યકાળના જમાનાથી જૈન ધર્મનાં કેન્દ્રો ગણાતાં હતાં અને ખારવેલના શાસનબાદ પણ ત્યાં જૈન ધર્મ ફૂલ્યો ફાલ્યો.

તામિલ દેશમાં મદુરાઈ અને સિત્તનવસલ નામનાં બે મુખ્ય જૈન કેન્દ્રો હતાં, જ્યાં બીજી સદી અને પછી પણ વિશાળ બાંધકામો અસ્તિત્વમાં હતાં.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) નીચેનાં વક્તવ્યો સામે સાચાં (✓) અથવા ખોટાં (✗)ની નિશાની કરો:

(1) ભારહૂતનો સ્તૂપ શુંગવંશના સમયમાં બન્યો. ( )

(2) ગ્રીક શાસક મિનાન્ડરે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. ( )

(3) ઈ.પૂ.ની બીજી સદીમાં તામિલદેશમાં જૈન ધર્મનો ફેલાવો ન હતો. ( )

(4) યાપનીય એ બૌદ્ધ ધર્મની શાખા હતી. ( )

(5) હાથી ગુંફા ખારવેલના સમયનું જૈન કેન્દ્ર હતું. ( )

(ખ) 'મહાયાન' ધર્મના મુખ્ય સિદ્ધાન્તો જણાવો. ( )

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(ગ) પાંચેક લીટીમાં જૈન કેન્દ્રો પર નોંધ લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 25.4 બ્રાહ્મણ ધર્મ (Brahmanism)

એ તો જાણીતું જ છે કે આ સમય દરમિયાન બ્રાહ્મણ ધર્મને ઘણા રાજાઓનો આશ્રય મળતો હતો. સમકાલીન માહિતી સાધનોમાં વૈદિક યજ્ઞયાગોની પ્રવૃત્તિઓ આ રાજાઓ કરતા હતા, તેની વિગતો મળે છે. દાખલા તરીકે, પુષ્યમિત્ર શુંગે બે વખત અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. સાતવાહનવંશના સાતકર્ણી પહેલાએ અશ્વમેધ, રાજસૂય અને અન્ય યજ્ઞો પણ કર્યા હતા. તામિલ દેશના ચોલ અને પાંડ્ય રાજાઓ પણ ઘણાં વૈદિક યજ્ઞો કરતા, તે જાણીતું છે.

### 25.4.1 નવી ઘટનાઓ ( New Developments)

આ સમયમાં બ્રાહ્મણ ધર્મમાં પણ નવાં લક્ષણો ઉમેરાયાં, અને આપણે જેને 'પૌરાણિક ધર્મ' કહીએ છીએ તેનું સ્પષ્ટીકરણ થવાની શરૂઆત થઈ. એમાં મુખ્ય હતાં દેવદેવીઓની પૂજા અને યજ્ઞોની બંધી. ઉદાહરણ લેખે પરમ શક્તિશાળી દેવતાનો વિચાર જોર પકડતો લાગ્યો અને આ દેવો એટલે કાં તો શિવ કે કાં તો વિષ્ણુ. પરંતુ એમ થતાં દેવતાગણમાં બે ભાગલા પડી ગયા જેમાંથી શિવ માર્ગ અને વૈષ્ણવ માર્ગ જન્મ્યા. બન્ને સંપ્રદાયોની સામાન્ય માન્યતા હતી કે જે ભક્તિ લઈને મોક્ષની પ્રાપ્તિ થાય છે. છતાં બે દેવોના ભક્તોમાં તીખા મતભેદો જણાતા હતા. આજસમયે ત્રિદેવ- શિવ, વિષ્ણુ અને બ્રહ્માનો વિચાર પણ શરૂ થયો. હવે બ્રાહ્મણના દેવસમૂહના બધા દેવો ત્રણ મુખ્ય દેવતાઓની છત્રછાયામાં સંકળાયેલા અને બ્રહ્મા વિશ્વના સર્જક ગણાયા. વિષ્ણુ વિશ્વનું સંગોપન કરનારા અને શિવ વિશ્વનો વિનાશ કરનારા દેવ ગણાયા. આમ તો આ ત્રણે દેવો છેક વૈદિક કાળથી પૂજાતા હતા, પણ તેમના મહત્ત્વ અને અર્થની ઘણી ચડતી થઈ. આ સમયમાં બ્રહ્માને શિવ અને વિષ્ણુ જેટલા અનુયાયીઓ ન હતા.

આ સમયમાં થયેલા પરિવર્તનનાં ખાસ લક્ષણો આ પ્રમાણે છે:

* વિધિવિધાનને બદલે ભક્તિ તરફ જવું.
* થોડી સ્થાનીય પરંપરાઓનું બ્રાહ્મણ ધર્મમાં સંમિલન.

દાખલા તરીકે, વૈષ્ણવ ધર્મમાં વૈદિક વિષ્ણુ ઉપરાંત દેવત્વ પામેલા નારાયણ મુનિ અને વાસુદેવ અને બલરામ જેવા પરાક્રમીઓને સમાવી લેવાયા. મહાકાવ્યોના 'રામ'અને 'કૃષ્ણ'ને વૈષ્ણવ ધર્મમાં સ્વીકારવામાં આવ્યા અને તેઓ ખૂબ જ સારું સ્થાન સમસ્ત દેવગણમાં પામ્યા. 'સંગમ સાહિત્ય'માં ઉલ્લેખાયેલા તામિલ દેવગણનો પણ બ્રાહ્મણધર્મમાં સમાવેશ થયો. ઉત્તર ભારતના કેટલાક સ્થાનીય દેવો પણ આ રીતે બ્રાહ્મણ દેવગણમાં સામેલ કરાયા.

### 25.4.2 અન્ય દેવગણ (Other Deities)

હિન્દુધર્મમાં વિવિધ દેવીદેવતાઓની પૂજા થતી. તેમાં બ્રહ્મા, અગ્નિ, સૂર્ય અને ઇન્દ્ર ખાસ લોકપ્રિય દેવો હતા. ચાર દિશાઓના અધિપતિ, દિગ્પાલો, એટલે કે યમ, વરુણ, કુબેર અને વાસવની પણ પૂજા થતી તે ઉપરાંત.

* કેટલાંક જાનવરો, જેવાં કે ઘોડો અને ગાય, પૂજાતાં દેશના દરેક ભાગમાં નાગપૂજા પણ થતી.
* ઘણાં વૃક્ષ અને તેમાં રહેતા ભૂતપ્રેતની પૂજા પણ થતી.

## 25.5 શૈવ સંપ્રદાય (Saivism)

શૈવ સંપ્રદાયનાં મૂળ વૈદિક કાળથી પણ પહેલાંના સમયમાં મળી આવે છે. અને ઈ.સ.પૂ.ની પ્રારંભિક સદીઓ સુધીમાં એ ઘણો લોકપ્રિય સંપ્રદાય બની ચૂકયો હતો. આ સંપ્રદાયના મુખ્ય દેવ શિવજી હતા, અને તેમની લિંગપૂજા થતી. આ લિંગ પૂજા ઈસવી સનના પ્રારંભથી જ લોકપ્રિય હોવી જોઈએ એવું લાગે છે. શિવજી માનવમૂર્તિ તરીકે પણ પૂજાતા હોય એવું કેટલીક કૃતિઓનાં વર્ણનો ઉપરથી જણાય છે.

આ સમયમાં શૈવ સંપ્રદાયને પણ રાજ્યાશ્રય મળ્યો હતો, ખાસ કરીને કુશાણોનો વિમાકાડફિસીસ પોતે શિવભક્ત હતો. એના સિક્કાઓની એક બાજુ પર ત્રિશૂલધારી શિવને બતાવ્યા છે. કનિષ્ક સ્વયં બૌદ્ધધર્મી હોવા છતાં એના પણ કેટલાક સિક્કાઓની એક બાજુએ શિવમૂર્તિ બતાવી છે. સાતવાહન રાજા હલની કૃતિ 'ગાથાસપ્તશતિ'-માં જણાવ્યાનુસાર પૂર્વ આંધ્ર પ્રદેશનાં કેટલાંક પાષાણ શિલ્પો પરથી ત્યાં પણ શૈવસંપ્રદાય લોકપ્રિય હતો તે જણાય છે.

તામિલ પ્રદેશમાં તો તેનાં મૂળ ઊંડાં હતાં. તામિલ 'સંગમ' કૃતિઓ બધા જ દેવોમાં સૌથી મહાન દેવ તરીકે (મામુડુમુદલ્વન) શિવજીવને ગણાવે છે. 'સંગમ' સાહિત્યકૃતિઓના વર્ણનો પરથી આપણે તેમનાં પરાક્રમો અને લક્ષણો વિશે જાણી શકીએ છીએ. તેમાં તેમના સ્વરૂપ અને ગુણો વિશે પણ લખાયું છે. દાખલા તરીકે, શિવજી જટાઓ રાખતા અને વ્યાઘ્રચર્મ પહેરતા એમ વર્ણવાયું છે. શિવજી એવા દેવ ગણાતા જે 'ત્રિપુરાન્તક' ત્રણ સ્વર્ગીય નગરીઓનો નાશ કરનાર હતા.

શિવજી સાથે અન્ય કેટલાંક દેવીદેવતાઓ પૂજાતાં હતાં. આમ જુઓ તો શિવજીની સાથે એમનો શિવગણ હતો. શિવજીનાં અર્ધાંગિની પાર્વતીનું ખુદનું મહત્ત્વ પણ ઘણું વધ્યું અને તેમની પૂજા 'શક્તિ'રૂપે થતી. એ માન્યતા આ કાળમાં જ શરૂ થઈ, કે બધી જ 'શક્તિ'(ઊર્જા) પાર્વતીમાંથી જ પ્રગટે છે. તેમને 'સ્કંદ' અને 'ગણેશ'ના માતા કહ્યાં છે. તેમનું આક્રોશભર્યું સ્વરૂપ 'દુર્ગા' નામે પ્રખ્યાત છે. સાતવાહન રાજ્યમાં તેમની પૂજા ''ગૌરી'' તરીકે થતી, જે 'પાર્વતી'નું જ બીજું સ્વરૂપ છે.

'સ્કંદ'ની પૂજા આ સમયમાં ખૂબ જ લોકપ્રિય બની. શિવજીના તેઓ પુત્ર હતા, અને દેવોની સેનાના નાયક હતા. 'કાર્તિકેય' અને 'કુમાર' પણ તેમનાં સ્વરૂપ હતાં. તેમનું 'મુરૂગ' સ્વરૂપ તામિલ પ્રદેશમાં ખૂબ પૂજાતું હતું. 'સંગમ' સાહિત્યમાંથી તેમનાં લક્ષણો અને મંદિરો વિશે જાણવા મળે છે.

એમનાથી સહેજ ઓછી લોકપ્રિયતા ધરાવનાર દેવ હતા 'ગણેશ', જે 'સ્કંદ'ના મોટા ભાઈ હતા. ગણોને (શિવના અનુયાયી જીવોને) નેતૃત્વ તેઓ પૂરું પાડતા હોવાથી તેઓ ગણેશ, યા ગણપતિ અને વિનાયક તરીકે પણ ઓળખતા.

શૈવસંપ્રદાયોમાં સૌથી વધુ ધ્યાનાકર્ષક હતો પાશુપત સંપ્રદાય. ગુજરાતમાં ઈ.સ. બીજી સદીમાં લકુલીશે સ્થાપેલો આ પાશુપત સંપ્રદાય દેશના જુદા જુદા ભાગોમાં ફેલાયો. આમાં શિવની પૂજા 'પશુપતિ' તરીકે થતી. 'કાલમુખ' અને 'કાપાલિક' જેવા સંપ્રદાયો હજી ઊભા નહોતા થયા. આ સર્વે સંપ્રદાયોમાં શિવ સર્વોપરી ભગવાન તરીકે પૂજાતા હતા.

## 25.6 વૈષ્ણવ સંપ્રદાય (Vaishnavism)

બ્રાહ્મણ ધર્મનો બીજો લોકપ્રિય સંપ્રદાય હતો 'વૈષ્ણવ સંપ્રદાય', જેના અનુયાયીઓ ભારતના દરેક સ્થળે મોટા પ્રમાણમાં મળી આવતા. આ સંપ્રદાયના મુખ્ય દેવ વિષ્ણુ હતા, જેને વિશ્વના રક્ષક અને પાલક તરીકે ત્રિદેવમાં સ્થાન મળ્યું છે. પ્રાચીન સમયમાં આ શાખાને વાસુદેવ ભાગવત ધર્મ કહેતા, જે કૃષ્ણના વૈદિક સંપ્રદાયમાંથી વિકસ્યો હતો.

ભાગવત ધર્મ ઉપનિષદોમાંથી ઉદ્ભવ પામ્યો. તેનું મૂળ સ્થાન મથુરાનો પ્રદેશ ગણી શકાય. તેમાં 'હરિ'ના નામે સર્વોચ્ચ દેવનો આદર્શ હતો અને યજ્ઞો અને અન્ય વિધિઓ તેમાં ગૌણ સ્થાને હતી. સૌથી મોટો ગુણ વિષ્ણુ ભગવાનને ભાવાત્મક રીતે સમર્પણ કરવું, તેમની ભક્તિ કરવી તે હતો. પ્રથમ તો એ મથુરા ક્ષેત્રમાં જ વધુ પ્રચલિત રહ્યો. પણ ઈ.સ.ની શરૂઆતમાં ભારતનાં અન્ય સ્થળોએ પણ ફેલાયો. વાસુદેવની પૂજા થતી હોવાના શિલાલેખો મહારાષ્ટ્ર, રાજપૂતાના અને મધ્ય ભારતમાં મળી આવે છે.

ભાગવત ધર્મના વાસુદેવ દેવગણોના કેન્દ્ર સ્થાને હતા અને ક્રમશઃ તેમને બ્રાહ્મણ ધર્મના દેવગણમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું. પ્રથમ તેઓ ઇન્દ્ર અને ધર્મના સમાન કક્ષાના દેવ ગણાતા. ઈ.સ.ની બીજી સદીમાં સાતવાહનના રાજમાં ગૌતમી પુત્ર સતકર્ણીને પણ મહાકાવ્યોના પરાક્રમી પુરુષો જેવા કે બલરામ, કેશવ, અર્જુન, ભીમસેન સમાન કક્ષાના વર્ણવાયા છે. ઈ.સ.પૂ. બીજી સદીના પ્રારંભની આસપાસ 'વિષ્ણુ' અને 'નારાયણ'ને એકત્ર કરી તેમને એક જ દેવ માનવાની શરૂઆત થઈ. આ પ્રકારની એકતા ઊભી કરવાથી બ્રાહ્મણ ધર્મને કદાચ બૌદ્ધ ધર્મના ફેલાવાને અટકાવવાની તક મળતી હતી. આ ભાગવત સંપ્રદાય જેમાં વાસુદેવની પૂજા કેન્દ્ર સ્થાને હતી તે પણ વૈષ્ણવ સંપ્રદાયનો જ એક ભાગ હતો.

ડીમેટ્રિયસ અને મિનેન્ડર જેવા રાજાઓએ બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો, જ્યારે ગ્રીક રાજાઓએ ભાગવત ધર્મને અપનાવ્યો. દા.ત. ભોપાલ પાસે આવેલા બેસનગર (વિદિશા) શિલાલેખમાં જણાવ્યા મુજબ તક્ષશિલાના હેલિયોડોરેસ, જેઓ શુંગદરબારમાં ગ્રીક રાજા એન્ટીયાલ્સીડાસના પ્રતિનિધિ હતા, તેમણે ભાગવત ધર્મ અપનાવ્યો હતો, અને વિષ્ણુના પ્રતીક ગરુડના નામે 'ગરુડ' સ્તંભની રચના કરી અને વાસુદેવના માનમાં જ બેસનગરમાં આ સ્તંભ ઊભો કર્યો હતો.

તામિલ પ્રદેશમાં પણ વિષ્ણુપૂજા ઘણી લોકપ્રિય હતી. તામિલ 'સંગમ' કૃતિઓમાં વિષ્ણુનાં જુદાં જુદાં લક્ષણો તેમ જ દિવ્યગુણો વર્ણવ્યાં છે. તેમને 'કૃષ્ણ'તરીકે જ ઓળખાવાયા છે. એમના અવતારોમાં વિષ્ણુ રામ અને બલરામ તરીકે પણ પૂજાતા હતા.

વિષ્ણુના ઘણા 'અવતાર' મનાયા છે. અને એ 'અવતાર'ની પણ પૂજા આ સંપ્રદાયમાં થાય છે. મુખ્ય અવતારો હતા 'રામ''કૃષ્ણ' અને 'બલરામ'. અન્ય અવતારો જેવા કે 'નરસિંહ' અને 'વરાહ'ની પણ પૂજા થાય છે.

જે ચિહ્નો વિષ્ણુ સાથે સંકળાયેલાં હોય તેમની પણ પૂજા થાય છે. આમ,વિષ્ણુનું વાહન ગરુડ, તેમનું સુદર્શન ચક્ર વગેરે પણ ખૂબ માનનીય ગણાતાં હતાં. વિષ્ણુના પ્રતીક ગરુડની પૂજા થતી, એટલું જ નહિ, ગરુડની આકૃતિ ધરાવતા સ્તંભો સ્થળોએ ઊભા થતા જે વૈષ્ણવો માટે પવિત્ર હતા.

વિષ્ણુનાં અર્ધાંગિની તરીકે 'લક્ષ્મી'ને ગણવામાં આવે છે 'રામાયણ' અને 'મહાભારત'માં ઘણા વૈષ્ણવ આદર્શો જણાય છે. આ સમય દરમિયાન મહાભારતમાં 'ગીતા'નો ઉમેરો થયો. એવું માનવામાં આવે છે કે ગીતામાં કર્મનો સિદ્ધાન્ત ખૂબ જ સુંદર રીતે સમજાવવામાં આવ્યો છે. એમાં જણાવ્યા પ્રમાણે વ્યક્તિએ ધર્મશાસ્ત્ર કથિત પોતાના સામાજિક મોભા મુજબની દુન્યવી ફરજો બજાવવી જોઈએ અને આવા વ્યવહારથી અંતે તેને મોક્ષ મળી શકે છે એવું માનવામાં આવતું હતું.

**તમારી પ્રગતી ચકાસો (ખ)**

(ક) વૈષ્ણવ સંપ્રદાયનાં મુખ્ય તત્ત્વોની ચર્ચા લગભગ 100 શબ્દોમાં કરો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

(ખ) આ સમયમાં બ્રાહ્મણ ધર્મમાં આવેલાં પરિવર્તનો વિશે લખો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

(ગ) નીચેનામાંથી ક્યાં વક્તવ્યો સાચાં (✓) અથવા કયા ખોટાં (✗) છે તે નિશાની કરીને જણાવો:

(1) લોકપ્રિય સંપ્રદાયો આ સમયના બ્રાહ્મણ ધર્મમાં ઘણા મહત્ત્વના બની ગયા. ( )

(2) વૈષ્ણવોનો 'અવતાર' જેવો વિચાર કદાચ બૌદ્ધ ધર્મમાંથી લેવાયો હોય તેમ બને. ( )

(3) શિવની પૂજાનો ઉદ્ભવ અને વિકાસ વૈદિક દેવ ''રુદ્ર''માંથી થયો. ( )

(4) આ સમયમાં બ્રાહ્મણ ધર્મમાં આવેલાં પરિવર્તનોમાં મહત્ત્વનું પરિવર્તન હતું 'ભક્તિ' સંપ્રદાયનો ઉદ્ભવ. ( )

## 25.7 સારાંશ

એકમ 17માં તમે જોયું કે ઈ.પૂ. છઠ્ઠી સદીમાં બૌદ્ધ, જૈન ધર્મો અને અન્ય વિરોધી સંપ્રદાયો, બ્રાહ્મણધર્મની રૂઢિચુસ્તતાને પડકારતા ઊભા થયા. પરંતુ ઈ.સ.ની બીજી સદી સુધીમાં આ બધા ધર્મો અને સંપ્રદાયોમાં પણ મોટાં પરિવર્તનો આવી ગયાં હતાં, અને તેમનું પણ સ્વરૂપ વૈવિધ્યપૂર્ણ થઈ ગયું હતું. કેટલાકને રાજ્યાશ્રય મળ્યો હતો. અને છતાં તેના ફેલાવાના મુખ્ય પ્રયત્નો સાધુઓ અને મુનિઓ દ્વારા થયા.

આ સમયમાં બ્રાહ્મણ ધર્મનું પણ પુનરુત્થાન થયું. કેમ કે અન્ય ધર્મોમાંના કેટલાક આદર્શો તેણે આત્મસાત્ કર્યા. એ પૈકી મુખ્ય જે ઘટના ઘટી તે શૈવ અને વૈષ્ણવ જેવા પ્રમુખ સંપ્રદાયોનો ઊગમ. એમાં અસંખ્ય દેવતાઓનું ઉમેરણ થયું. જૂના દેવોએ અગત્ય ગુમાવી નવાએ મહત્ત્વ વધાર્યું.

## 25.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**'અવતાર' :** ભગવાનનો મનુષ્ય કે અન્ય સ્વરૂપે જન્મ અને એમનું જીવન. ભગવાન વિષ્ણુ જુદા જુદા સ્વરૂપે અવતાર ધારણ કરતા મનાયા છે. જેવા કે 'મત્સ્ય' 'વરાહ' 'રામ' 'કૃષ્ણ' વગેરે અને તે અવતારો એવી કટોકટીના સમયે થતા કે જ્યારે વિશ્વને સંપૂર્ણ નાશ પામવાની શકયતામાંથી બચાવવું પડે.

**બ્રાહ્મણ ધર્મ :** આ એવી સંજ્ઞા છે કે જે વ્યાપક અર્થવાળા ધાર્મિક અને ફિલસૂફીને લગતા આદર્શો, માન્યતાઓ, વિધિઓ અને દેવદેવીઓને દર્શાવવા માટે વપરાય છે. જ્યારે જ્યારે આ સંબંધી કોઈ પુસ્તકમાં એનો ઉલ્લેખ થાય છે ત્યારે તે પુસ્તક વેદોની અધિકૃતતાવાળું મનાય છે. તેમાં બ્રાહ્મણ વર્ણને સમાજમાં સર્વોચ્ચ સ્થાન અપાયું છે, અને તે આનાથી વિપરીત વિચારોનો વિરોધ કરે છે.

**વિહારો :** એવું સ્થળ જ્યાં સાધુઓ (અથવા ભિખ્ખુઓ) સાથે રહે અને પોતાનાં ધાર્મિક કાર્યો કરે.

**શિલ્પો :** જુદાં જુદાં માધ્યમોમાં જેવાં કે પથ્થર, લાકડું, માટી દર્શાવાયેલી કોતરેલી કલાત્મક ચીજો અથવા આકૃતિઓ.

**સંપ્રદાય/શાખા :** મોટા સમુદાયમાંથી બીજી ધાર્મિક નિષ્ઠા ધરાવીને છૂટો પડેલો નાનો સમુદાય, તે સમૂહ અમુક ધાર્મિક માન્યતાઓ અનુસરતો હોય છે.

**સ્તૂપ :** ગૌતમ બુદ્ધના શિષ્યોએ બુદ્ધ ભગવાનના અવશેષો પર ઊભું કરેલું કલાત્મક સ્મારક. બૌદ્ધો આની પૂજા કરે છે.

## 25.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

1. (1) ✓(2)✓(3) ×(4)×(5)✓

2. 'મહાયાન' સંપ્રદાયના સિદ્ધાન્તો વિશે વિસ્તારથી લખવાનું છે.

3. તમારા ઉત્તરમાં કેટલાંક કેન્દ્રોનાં નામ અને અગત્ય ઉમેરવાં જોઈએ જુઓ 25.3.3.

(2) (ક) વૈષ્ણવો, ધર્મ, સિદ્ધાન્તો, આ સમયમાં તે સંપ્રદાયનો વિકાસ, વિષ્ણુનાં સ્વરૂપો, આદિ વિશે લખવાનું છે. જુઓ 25.6

(ખ) બ્રાહ્મણ ધર્મમાં 'ભક્તિ'ના મહત્ત્વનો તથા કેટલીક સ્થાનિક પરંપરાઓને તમારા જવાબમાં ઉમેરો કરવો જોઈએ. જુઓ 25:4.1

(ગ) (1) ✓(2)✓(3) ✓(4)✓

# એકમ 26 કલા અને સ્થાપત્ય (Art and Architecture)

## રૂપરેખા

26.0 ઉદ્દેશો
26.1 પ્રસ્તાવના
26.2 પૂર્વભૂમિકા
26.3 સ્થાપત્ય
26.3.1 નિવાસસ્થાનો
26.3.2 મંદિરો અને મિનારાઓ
26.3.3 સ્તૂપો
26.3.4 શિલાકૃત સ્થાપત્ય
26.4 શિલ્પકળા
26.4.1 ગાંધાર શૈલી
26.4.2 મથુરા શૈલી
26.4.3 અમરાવતી શૈલી
26.5 સારાંશ
26.6 ચાવી રૂપ શબ્દો
26.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 26.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી તમે -

* ઈ.સ.પૂ. 200 થી ઈ.સ. 300 સુધીના સમયની કલા અને સ્થાપત્યની પ્રવૃત્તિઓ સમજશો.
* શિલ્પ અને સ્થાપત્યમાં વપરાતી શૈલી અને પદ્ધતિઓ જાણી શકશો.
* ગાંધાર, મથુરા અને અમરાવતીની શૈલીઓના મુખ્ય લાક્ષણિક તફાવતો જાણી શકશો.
* આ સમયનાં કલા અને સ્થાપત્ય ઉપર પડેલો ધર્મનો પ્રભાવ સમજી શકશો.

## 26.1 પ્રસ્તાવના

અગાઉનાં કેટલાંક એકમોમાં (3,10,11) આપણે જોઈ ગયા છીએ કે કલાકૃતિઓનો ઉદ્ભવ કેવી રીતે થવા લાગ્યો અને સમકાલીન સંસ્કૃતિનો તેમાં કેવો પ્રતિભાવ પડ્યો ? આ સમયે ઘણી બધી કલાકૃતિઓની રચના થઈ જેમાં માત્ર વિશિષ્ટ મોભાદાર સ્થાન ધરાવનાર વર્ગની નહિ, પરંતુ સર્વસામાન્ય જનજીવનની દૈનિક પરિચર્યા પણ દર્શાવાઈ છે. તેમાં શિલાચિત્રો, માટીની મૂર્તિઓ, રમકડાંઓ વગેરે ગણાય છે. મૌર્ય સમયમાં રાજ્ય દ્વારા ઉત્તમ કલાકૃતિઓ બનાવવામાં આવી. જ્યારથી એવાં સામાજિક જૂથો ઊભાં થયાં કે જે કલાને આશ્રય આપે ત્યારથી કલાપ્રવૃત્તિમાં નવાં વલણો આવેલાં જણાયાં છે. મૌર્યયુગ પછીના સમયમાં કલાનો વિકાસ અને ફેલાવો સમગ્ર ભારતમાં અને વિદેશોમાં થયો. એ ઘટના પાછળ નવાં સામાજિક જૂથોએ તેને આપેલ આશરો મુખ્ય કારણરૂપ હતો. ઉચ્ચકલા એ માત્ર ઉચ્ચ વર્ગના કે રાજ્યના આશ્રયે ન હતી. તદુપરાંત, મૌર્યયુગના કાળથી જ કલાનું માધ્યમ ટકાઉ ચીજો રાખવાનો ઝોક જણાવા લાગ્યો. જેમ કે પથ્થર, કલાત્મક કૃતિ માટે પથ્થરનો ઉપયોગ. ભારતની સરહદની બહારની વિકસેલી કલાશૈલીઓના સતત પ્રતિભાવોની ક્રિયા ચાલુ હતી. દેશમાં વિભિન્ન કલાશૈલીઓનો આ સમયમાં પ્રાદુર્ભાવ થયો. આ એકમમાં આપણે મથુરા, ગાંધાર તેમ જ સારનાથ અને અમરાવતી શૈલીઓનાં મુખ્ય લક્ષણોનો અભ્યાસ કરીશુ. ઘણીખરી કલાકૃતિઓની પ્રેરણા બૌદ્ધ અને જૈન ધર્મોમાંથી આવી હતી. આ સમયમાં બ્રાહ્મણ ધર્મનાં કલાત્મક બાંધકામો જૂજ હતાં. આ એકમમાં જુદાં જુદાં સ્તૂપો, વિહારો, ગુફાઓ વગેરે સ્મારકોનો સ્થાપત્ય તેમ જ કલાના સંદર્ભમાં અભ્યાસ થયો છે.

## 26.2 પૂર્વભૂમિકા (Background)

મૌર્યયુગમાં શિલ્પ તેમ જ સ્થાપત્યનો ઘણો વિકાસ થયો. અશોક સ્તંભો, તેના પરનાં કોતરકામો અને જુદા જુદા જાનવરોનાં શિલ્પો વગેરે પૂર્ણ વિકસિત કલાનાં ધોતક છે. મૌર્ય કલાનું પથ્થરકામ એક ખાસિયત એ રીતે ધરાવે છે કે તેના પથ્થરો સુંદર રીતે ઘસીને ચકચકિત કરેલા હતા અને કાચની જેમ ચમકતા થયા હતા, અન્ય કોઈ યુગમાં આવું થયું નહોતું. જનાવરોની આકૃતિઓ ઉપરાંત કલાત્મક આકૃતિઓ અને મૂર્તિઓ મળી આવે છે. જેમાં દીદારગંજ (પટણા)ની યક્ષિણી ખૂબ પ્રતિષ્ઠા પામી છે. આ મૂર્તિ ઉપરથી આપણે કલાના વિકાસનો તબક્કો તો જાણી જ શકીએ છીએ. તે ઉપરાંત તે સમયનાં કેશભૂષા આભૂષણો અને સ્ત્રીઓના પહેરવેશ આદિને પણ પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. આ ઉપરાંત મૌર્ય સ્તરનાં ખોદકામોમાંથી વિપુલ પ્રમાણમાં માટીની નાની મોટી મૂર્તિઓ પણ મળી આવી છે. તેનાથી જણાય છે કે કલાનું સ્તર રાજ્ય પૂરતું સીમિત નહોતું, જ્યારે મૌર્ય સામ્રાજ્યનું પતન થયું ત્યારે કલાનાં નવાં સ્વરૂપો પ્રકટ થવા લાગ્યાં હતાં અને માટીની મૂર્તિકલાનો ઉપયોગ પ્રચુર માત્રામાં ચાલુ રહ્યો હતો.

મેગેસ્થિનીસનાં લખાણોમાંથી આપણને ચંદ્રગુપ્ત મૌર્યના કાષ્ઠ મહેલ વિશે માહિતી મળે છે. પાટલિપુત્રમાં થયેલ ખોદકામોમાં કાષ્ઠની દીવાલો તેમ જ થાંભલાઓ મળી આવ્યા છે. ફાહિયાન તેમ જ હ્યુ-એન-સાંગનાં લખાણોમાં તેમ જ અન્ય બૌદ્ધ સાહિત્યમાં સ્તૂપોનાં બાંધકામોની માહિતી મળે છે. સાંચી, સારનાથ, તક્ષશિલા અને ભારહૂત જેવાં ધાર્મિક સ્થળોએ બંધાયેલા સ્તૂપો મૂળે તો મૌર્યકાળમાં બંધાયા, પરંતુ તે બાંધકામમાં ઉમેરો ત્યાર પછીના સમયમાં થયો.

ઈ.પૂ. 200 થી ઈ.સ. 300 સુધીના સમયની કલાનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો આ પ્રમાણે હતાં :

(1) આ સમયની કલાપ્રવૃત્તિ મુખ્યત્વે તે જ સમયના લોકપ્રિય ધર્મો, તેનાં ચિહ્નો અને એકમોની સાથે ગાઢ રીતે સંકળાયેલી હતી.

(2) ગૌતમ બુદ્ધને માટે આ સમય પહેલાં અમુક ચિહ્નો દર્શાવાતાં, જેમ કે બોધિવૃક્ષ, સ્તૂપ, ચરણ યુગ્મ વગેરે. તે પ્રથાથી વિપરીત હવે એક નવી પ્રથા શરૂ થઈ, જેમાં બુદ્ધની પ્રતિમાઓ કંડારાતી. પૂજા માટેની મૂર્તિઓ પછી અન્ય ધર્મોમાં પણ ઉમેરાઈ.

(3) ધાર્મિક સ્મારકો તરીકે સ્તૂપો, ચૈત્યો અને વિહારો લોકપ્રિય બન્યાં.

(4) કલાનાં તત્ત્વો અને શૈલી કોઈ એક ખાસ ધર્મ સાથે જ સંકળાયેલ ન હતાં. દાખલા તરીકે, ભારહૂત અને સાંચીના સ્તૂપોમાં બુદ્ધના જીવનના પ્રસંગો દર્શાવ્યા છે, અને સાથે જ શિલ્પમાં યક્ષો, યક્ષિણીઓ, નાગો અને અન્ય લોકપ્રિય દેવીદેવતાઓ [illegible] ર્યા છે.

(5) એ જ પ્રમાણે, સ્તૂપોને કલા વિભૂષિ[illegible] ા માટે કલાકારોએ ધાર્મિક વિચારોને મૂર્તિમંત કર્યા અને તે ઉપરાંત રોજબરોજના (તે સમયે જે તેમણે જોયા હોય) પ્રસંગો પણ બતાવ્યા છે. આ કલાના નમૂનાઓ ધર્મ નિરપેક્ષ કલાનાં ઉદાહરણો કહી શકાય.

(6) અન્ય સંસ્કૃતિઓ સાથે નિયમિત સંપર્કમાં આવવાને લીધે કેટલાંક બિનભારતીય તત્ત્વો પણ ભારતીય કલાના નમૂનાઓમાં પ્રવેશેલાં આપણે જોઈએ છીએ. ખાસ કરીને ગાંધાર શૈલીમાં આ બાબત ખૂબ જ નજરે ચડે છે. તેની કલાકૃતિઓ સ્થાનિક કલાના વિકાસથી પ્રભાવિત છે, જેમાં એકથી વધુ લક્ષણો આત્મસાત્ થઈ ગયેલાં લાગે છે. આપણે આ સમયમાંની આ કલા અને સ્થાપત્યની સ્થિતિ વિશે થોડી વધુ વિગતા જોઈએ.

## 26.3 સ્થાપત્ય (Architecture)

આ સમયના સ્થાપત્યને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય :

(અ) નિવાસીય સ્થાપત્ય

(બ) ધાર્મિક સ્થાપત્ય

આમાંથી પ્રથમ વિભાગના બહુ જૂજ નમૂનાઓ મળી આવે છે. આ સમયની શરૂઆતમાં તેનું માધ્યમ ટકાઉ નહોતું. બલકે જલદીથી નાશ પામે એવી ચીજોનો આ બાંધકામોમાં ઉપયોગ થયો હતો, જેમ કે લાકડું જોકે બીજા વિભાગમાં પથ્થર જેવા મજબૂત માધ્યમનો ઉપયોગ થયો હોવાથી તે વિભાગનાં અનેક બાંધકામો ખોદકામ દરમિયાન મળી આવ્યાં છે.

## 26.3.1 નિવાસસ્થાનો (Residential Architecture)

વિભાગ 4 (એકમ 15)માં શહેરી પ્રજાની જીવનશૈલી વિશે સાહિત્યિક અને પુરાતત્વીય પુરાવા અને માહિતી સાધનોની મદદથી આપણને ઘણું જાણવા મળ્યું, તેની નોંધ લીધી હતી. આથી જ માહિતી આ સમય માટે પણ પ્રાપ્ત થઈ શકી છે. દા.ત. 'મિલિન્દ પન્હો'માં એક જ શહેરનું વર્ણન છે. જેની આસપાસ પાણીની ખાઈ (moat) સંરક્ષક દીવાલો, દરવાજા પરનાં ચોકિયાતઘરો વગેરેની વાતો છે. સાથે જ તેમાં મિનારાઓ, વ્યવસ્થિત રીતે બનાવેલા માર્ગો, બજારો, ઉદ્યાનો, તળાવો અને મંદિરો પણ હતાં તેવું જણાયું છે. મુખ્યત્વે કાષ્ઠના બનાવેલાં અને અર્ધગોળ છાપરાંવાળાં, વરંડાવાળાં અને એકથી વધુ માળ ધરાવતાં મકાનોનો ઉલ્લેખ પણ આ માહિતી સાધનો કરે છે. ગ્રામ્ય વિસ્તારોનાં મકાનોના બાંધકામની રીત કે શૈલીમાં કોઈ ફરક આવેલ જણાતો નથી.

## 26.3.2 મંદિરો અને મિનારાઓ (Temples and Towers)

આ સમયમાં મંદિરો વિશે ઘણી ઓછી માહિતી પ્રાપ્ત થાય છે. ખોદકામ મારફત જે સૌથી પ્રાચીન ઉદાહરણો મંદિરોનાં મળે છે, તે નીચે મુજબ છે:

* ઝંડિયાલ (તક્ષશિલા)નું મંદિર.
* નગરી(રાજસ્થાન)નું સ્થિત સંકર્ષણ મંદિર.
* બેસનગર(મધ્ય પ્રદેશ)નું મંદિર.
* નાગાર્જુન કોણ્ડા (આંધ્ર પ્રદેશ) અર્ધવર્તુળાકાર મંદિર.

થોડી સદીઓ બાદ ફા-હિયાને લખેલા વર્ણનથી આપણે જાણી શકીએ છીએ કે પુરુષપુરમાં એક મિનાર પણ હતો (આ સમયે બંધાયેલો) અને એ બાંધકામ લોખંડના સ્તંભથી ઢંકાયેલું હતું તથા તે 13 માળનો હતો. ખૂબ સુંદર પ્રભાવશાળી છત્રીઓવાળું ભવ્ય બાંધકામ બાંધવાનો યશ કનિષ્ક પહેલાને આપવામાં આવે છે.

ખરું જોતાં દેવસ્થાનમાં પૂજા વગેરેને માટે દેવી દેવ પધરાવવાનું કેન્દ્ર ઘણા સમય પછી જ સામાન્ય થઈ ગયું. આ સમયે મંદિરો એટલાં લોકપ્રિય નહોતાં, જેટલાં સ્તૂપો અને અન્ય બાંધકામો હતાં. તેથી પણ કદાચ આપણને મંદિરોના બહુ અવશેષો જોવા નથી મળતા.



ઝંડિયાલ મંદિર

## 26.3.3 સ્તૂપો (Stupas)

મહત્વની અને મહાન વ્યક્તિઓના શારીરિક અવશેષોને માટીના ટેકરાઓ નીચે સાચવવાની પ્રથા ઘણા સમયથી ચાલી આવતી હતી. આ પ્રથાને બૌદ્ધ કલાએ અપનાવી અને પોતાની રીતે ઢાળી. આવી જગ્યાઓ 'સ્તૂપ'તરીકે ઓળખાતી. બૌદ્ધ પરંપરા મુજબ ગૌતમ બુદ્ધના શરીરના અવશેષોના આઠ ભાગ થયા અને દરેકને માટે એક એક 'સ્તૂપ'ની રચના થઈ. સમ્રાટ અશોકના સમયમાં આ અવશેષોનું પુનઃઉત્ખનન કર્યા બાદ તેમાંથી વધુ

વહેંચણી કરી, જેથી બીજા પણ 'સ્તૂપો'ની બાંધણી શકય બની અને બૌદ્ધ ધર્મનાં નવાં યાત્રાસ્થળો ઊભાં થયાં. સ્તૂપોની પૂજા થવા લાગી અને તેને વિભૂષિત કરવા કલાનો ઉપયોગ થયો. વળી તેનું બાંધકામ અમુક શૈલીનું જ થવા લાગ્યું.

સ્તૂપનો આકાર ઊંધી પાડેલી ટોપલી જેવો હતો. ઉપરનો ભાગ થોડો સપાટ હતો, અને તે 'હાર્મિક'અથવા 'દેવોના રહેઠાણ'તરીકે ઓળખાતો. સુવર્ણ અથવા રજતપાત્રમાં બુદ્ધના શારીરિક અવશેષને (અથવા કોઈ પણ મહાન વ્યક્તિના અવશેષને) રાખીને તે પાત્ર આ હાર્મિકમાં ગોઠવવામાં આવતું. 'હાર્મિક'ના મધ્યમાં એક લાકડાનો દાંડો (યષ્ટિ) ગોઠવાતો અને તેને સ્તૂપના સૌથી ઊંચા ભાગમાં ખોસવામાં આવતો. તે દાંડાના ઉપલા ભાગમાં ત્રણ નાની છત્રીઓ જેવી ચપટી ગોળ તકતીઓ મૂકવામાં આવતી, જે માન, આદર અને ઉદારતાનાં પ્રતીકો હતી. 'સ્તૂપ'ના સ્થાપત્યનાં કેટલાંક મુખ્ય લક્ષણો વિશે થોડી ચર્ચા કરીએ.

### (1) બોધ ગયા (બિહાર) (Bodha Gaya)

ગયાથી 15 કિ.મિ. દૂર જે સ્થળે ગૌતમબુદ્ધને 'બોધિજ્ઞાન'પ્રાપ્ત થયું, તે સ્થળે અશોકે 'બોધિ-માંડ' બંધાવ્યો. આ મૂળ બાંધકામના જોકે કોઈ અવશેષ પ્રાપ્ત થતા નથી. જે અવશેષો પ્રાપ્ત થયા છે તે અન્ય જગ્યાએ મળેલા શુંગવંશ દરમિયાન બંધાવેલ પથ્થરના સ્તંભો જેવા છે. આ સ્તંભોમાં પણ ઉપસાવેલા કોતરકામવાળી કૃતિઓની તકતીઓ લગાડેલી છે. આ શિલ્પચિત્રોમાં બૌદ્ધ 'જાતકો'ની વાર્તાઓ કોતરાઈ છે.

### (2) સાંચી સ્તૂપ (મધ્ય પ્રદેશ) (Sanchi Stupa)

વિદિશા (ભિલ્સા)થી 14 કિ.મિ. દૂર આવેલો સાંચીનો સ્તૂપ ભારતનો સર્વાધિક પ્રખ્યાત સ્તૂપ છે. તેની આસપાસ ત્રણ નાના સ્તૂપો અને તેના દરવાજાઓ પણ છે, પરંતુ તેમાંથી જે સૌથી વધુ પ્રખ્યાત છે તે મહાન સ્તૂપ (Great Stupas) અશોકના સમયમાં (લગભગ ઈ.પૂ. 250) ઈંટકામથી બનાવાયો હતો. લગભગ ઈ.પૂ. 150માં શુંગવંશના સમયમાં આ સ્તૂપના કદને બમણું કરવામાં આવ્યું અને ઈંટોની જગ્યાએ પથ્થરોનો વપરાશ થયો. ઉપરાંત તેની આસપાસ એક 'વેદિકા'નું નિર્માણ થયું. ચાર મુખ્ય દિશાઓ તરફ ચાર દરવાજાઓનાં સુંદર તોરણોથી તેનો શણગાર થયો. દક્ષિણ તરફના દરવાજામાંથી મળી આવેલ અભિલેખ મુજબ એ દરવાજો રાજા સાતકર્ણીએ દાનમાં આપ્યો હતો અને તેનું કોતરકામ હાથીદાંતના કારીગરોએ કર્યું હતું.

ઉત્તર તરફનો દરવાજો 'જાતક'કથાઓના પ્રસંગોની કોતરણીથી સજાવાયો છે. (જોકે અન્ય પ્રસંગો પણ જોવા મળે છે) તેમાં નીચેના પ્રસંગો મુખ્યત્વે નજરે પડે છે :

(1) ગૌતમ બુદ્ધના જીવનના ચાર મુખ્ય પ્રસંગો, એટલે કે જન્મ, જ્ઞાનપ્રાપ્તિ, ધર્મચક્રપરિવર્તન અને મહાપરિનિર્વાણ.

(2) પક્ષીઓ, પ્રાણીઓ જેવાંકે સિંહ, હાથી, ઊંટ, બળદ વગેરે પણ પ્રચુર માત્રામાં દર્શાવાયાં છે. કેટલાંક પ્રાણીઓ પર સવાર થયેલા માણસોએ ભારે પગરખાં તેમ જ ભારે અંગરખાં પણ પહેરેલાં જણાય છે.

(3) કમળ તેમ જ દ્રાક્ષના વેલાઓની કમનીય અને અતિસુંદર કોતરણી શોભા વધારે છે.

(4) જંગલના પ્રત્યેક પ્રાણીને બતાવાયું છે તે એટલી સરસ છાપ ઊભી કરે છે કે જાણે આખાયે જંગલનું પ્રાણીજગત ભગવાન બુદ્ધના પૂજનાર્થે ઊમટ્યું હોય ?

### (3) ભારહૂત સ્તૂપ (Bharhut Stupa)

મધ્ય પ્રદેશમાં આવેલા સતનાથી આ સ્તૂપ 21 કિ.મિ. દૂર સ્થિત છે. તેના મુખ્ય સ્તૂપનો નાશ થઈ ચૂક્યો છે. તેમ છતાં આ સ્તૂપના મુખ્ય અને મહત્વના અવશેષો બચવા પામ્યા છે, જે હવે ભારતીય સંગ્રહાલય, કલકત્તા સંગ્રહાલય આદિ સ્થળોએ સચવાય છે. તેમાંના મુખ્ય આ છે:

* દરવાજા અથવા તોરણ જે લાકડાના દરવાજાના પથ્થર પર અનુકરણ કરીને કોતરેલા છે.
* દરવાજાઓને જોડતા કઠેડા પણ કાષ્ઠ કલાના અનુકરણથી બનાવેલ પથ્થરના માધ્યમમાં છે. પરંતુ ભારહૂતમાં આ કઠેડાઓના ઉપરના ભાગમાં ભારે પથ્થરની પાળી પણ છે.
* આ કઠેડાઓને જોડતા થાંભલાઓ ઉપર યક્ષો, યક્ષીઓ અને અન્ય દેવગણની મૂર્તિઓ પણ કોતરવામાં આવી છે, જેમનો સંબંધ બૌદ્ધ ધર્મ સાથે થયો હતો. કેટલીક આવી મૂર્તિઓ પર એમનાં નામ પણ કોતરાયાં છે.
* અન્ય સ્તૂપોમાંના કઠેડાઓની માફક, ભારહૂત સ્તૂપમાં પણ જાતક કથાઓ જેવા બૌદ્ધ વિષયો અને કુદરતી તત્ત્વોને પણ કોતરકામમાં દર્શાવવામાં આવ્યાં છે.

### (4) અમરાવતી (Amaravati)

ગૂંટરથી 46 કિ.મિ. દૂર આવેલો આ સ્તૂપ સફેદ સંગેમરમરનો બનેલો હતો. આ સ્તૂપનો પણ નાશ થઈ ચૂક્યો છે, પરંતુ મળી આવેલ તકતીઓ, મદ્રાસના અને બ્રિટિશ સંગ્રહાલયોમાં સચવાઈ છે. તે પરથી જણાય છે કે આ સ્તૂપનું બાંધકામ શહેરના મુખ્ય અધિકારીની મદદ તથા પ્રજાના અનુદાનથી થયું હતું.

આ ભવ્ય સ્તૂપનો વ્યાસ 42 મીટર હતો. અને તેની ઊંચાઈ લગભગ 29 મીટર હતી. તેની આસપાસ 'પ્રદક્ષિણાપથ' હતો, જે પથ્થરનો બનેલો હતો અને લગભગ 10 મીટર ઊંચો હતો. તેની 'વેદિકા' ના સ્તંભો પર ફૂલમાળાથી શણગારેલ દેવો તથા બોધિવૃક્ષનાં સુંદર કોતરકામ કરેલાં છે. તેમાં સ્તૂપ, ધર્મચક્ર, બુદ્ધના જીવન પ્રસંગો તેમ જ જાતકકથાના વિષયો પણ છે.

સ્તૂપનો દરવાજો અથવા 'તોરણ'જે પ્રવેશ કરવા માટે વપરાય છે, ત્યાં 'વેદિકા'ના ચાર સિંહો દર્શાવ્યા છે. સ્તંભો ઉપર કમળો છે. અમરાવતી સ્તૂપના સ્થળેથી અનેક મૂર્તિઓ પણ મળી છે. ઈ.સ.ની પ્રથમ સદીથી બુદ્ધને માત્ર ચરણયુગ્મ જેવાં ચિહ્નોથી નહિ, બલ્કે પ્રતિમાથી પૂજવાની પ્રથા દાખલ થઈ. કેટલીક બુદ્ધની પ્રતિમાઓ તેનાં ચિહ્નો સાથે પણ દર્શાવાઈ છે.

### (5) નાગાર્જુનકોણ્ડા (Nagarjunakonda)

આ સ્તૂપની શૈલી ઉત્તર ભારતના સ્તૂપોની શૈલીથી ભિન્ન છે. આ સ્તૂપમાં વર્તુળાકારની બાંધણી છે. તેના કેન્દ્રમાં એક ગોળાકાર ભીંત અને તેની આસપાસ બીજી ગોળાકાર ભીત છે. અને બન્ને વચ્ચે આરાઓ જેવી ભીંતો છે. વચલી ખાલી જગ્યાને કાદવ કે રોડાં વગેરેથી ભરી દેવાઈ હતી. આ સ્તૂપનો વ્યાસ 30 મીટર અને એની ઊંચાઈ 18 મીટર હતી. બહારની ગોળ ભીંત ઉપર ખૂબ જ સુંદર રીતે કંડારેલી આરસની તકતીઓ હતી. ઉપરનું પડ ચૂનો અને કોલથી સજાવેલું હતું. ચાર દિશામાં ઉપરથી આવતા ભાગોને જે ચાર મુખ્ય દિશાઓ તરફ હતા. પાંચ સ્વતંત્ર રીતે ઊભા કરેલા સ્તંભોનો ટેકો અપાયો હતો.

આ સ્તૂપનું મહત્ત્વ તેની સુંદર રીતે કંડારેલી આરસની તકતીઓમાં છે જેમાં બુદ્ધના જીવનપ્રસંગો ખૂબ વિગતથી દર્શાવાયા છે. તેમાંના મુખ્ય છે:

(અ) દેવોની 'બોધિસ વ ને પૃથ્વી પર જન્મ લેવા માટે પ્રાર્થના.

(આ) શ્વેત હાથી તરીકે બુદ્ધનું ગર્ભાશયમાં દાખલ થવું.

(ઇ) ફૂલોવાળા ટીક વૃક્ષની નીચે બુદ્ધનો જન્મ વગેરે.


### (6) (તક્ષિલા) તક્ષશિલા ( Taxila)

તક્ષશિલા અને તેની આસપાસના પ્રદેશમાંના ખોદકામથી ઘણા બધા સ્તૂપો મળી આવ્યા છે.


* સર જહોન માર્શલે તક્ષશિલામાં 'ચીરા-ટોપે, સ્તૂપનું ઉત્ખનન કર્યું. તેમાં સ્તૂપના ગોળાર્ધનો ઉપલો ભાગ પથ્થરનો હતો. અને તે બોધિસત્ત્વની મૂર્તિના કોતરકામ દ્વારા વિભૂષિત કરાયો હતો.

* 1908 માં ખોદકામ દરમિયાન શાહજી -કી - ડેરી નામના પેશાવર નજીકના સ્થળે સ્તૂપના અવશેષ મળી આવ્યા. આ સ્તૂપ કનિષ્ક પહેલાએ બંધાવ્યો હતો. અને તેને વિશે ફા-હિયાનનાં લખાણોમાં ઉલ્લેખ કરાયો છે. અહીંનાં શિલ્પો અને અન્ય કલાત્મક ચીજોની શૈલી ગાંધાર કલાશૈલી અનુસાર હતી. (આ શૈલી વિશે આપણે આ એકમમાં અન્યત્ર વિસ્તૃત વિગતે ચર્ચા કરીશું.)

* શક-પાર્થિયન શૈલીમાં બાંધેલો એક સ્તૂપ ઝંડિયાલ નજીક પણ મળી આવ્યો. તેની પાસેથી જ મળેલી એક નાની ચાંદીની ડબી જે ચારેબાજુથી સોનાના પડવાળી હતી. તેમાં હાડકાનો અવશેષ સચવાયેલા હતો. એ જ રીતે, દેશના ઘણા ભાગોમાંથી પણ સ્તૂપો મળી આવ્યા છે. દા.ત. મથુરા નજીક પણ બે સ્તૂપો મળ્યા છે. હકીકતમાં આ સમયખંડમાં સ્તૂપ સ્થાપત્યના કેટલાંક વિશિષ્ટ લક્ષણો ઊભાં થયાં અને જુદા જુદા સ્થળેથી મળી આવેલા સ્તૂપો પરથી એમ કહી શકાય કે સ્તૂપ અને તેની સાથે સંકળાયેલ સુંદર કલાકૃતિ બનાવનાર કલાકારો તેમ જ કારીગરો એકથી બીજે સ્થળે હરતા ફરતા હોય તથા ત્યાંના સ્થાનિક કલાકારો તેમ જ કારીગરો સાથે ગાઢ સંબંધ બાંધતા હોય.




(3) સ્તૂપ(સાંચી)ના માળખાની યોજના.





(4) સાંચી સ્તૂપના વિવિધ ભાગો.



(5) મહાન સ્તૂપ(સાંચી)ની એક ઝલક



(6) ચીર-ટોપે સ્તૂપ (તક્ષશિલા)



(7) નાગાર્જુનકોણ્ડા સ્તૂપની એક કંડારેલી તકતી.

### 26.3.4 શિલાકૃત સ્થાપત્ય (Rock-cut Architecture)

બૌદ્ધ તેમ જ જૈન ધર્મોના અનુયાયીઓએ પૂજાનાં સ્થળો તરીકે 'ચૈત્યો'અને 'વિહારો 'બાંધ્યા.

| |
|---|
| ચૈત્ય એટલે એક પવિત્ર ગુંફા જેની મધ્યમાં પૂજા માટેનો સ્તૂપ હોય છે. |

વિહારો મહદંશે (ભિખ્ખુઓને) રહેવા માટે પહાડોમાંથી કોતરેલી ગુફાઓ હતા.

આ સમયમાં મોટા મોટા ચૈત્યો અને વિહારો પશ્ચિમ અને પૂર્વ ભારતમાં બંધાયા. દા.ત. પશ્ચિમમાં ભાજા, કાર્લે, કોણ્ડણે, નાસિક ચિતાલ્ડો, અજંતા, કાન્હેરી આદિ સ્થળોએ તે આવેલા છે. તે જ પ્રમાણે પૂર્વમાં ઉદયગિરિ (ઓરિસામાં) તે જોવા મળે છે. ચૈત્યોનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ હતાં :


* તેનો એક મોટો લંબચોરસ ખંડ હોય છે. જેનો પાછલો ભાગ ગોળાર્ધવાળો હોય છે.
* આ ખંડને ત્રણ વિભાગ હોય છે : એક મધ્ય ભાગ (Nave), બીજો અર્ધ ગોળાકાર ગોખલો અને ત્રીજો ખંડની બન્ને બાજુએ ચાલવાના માર્ગો.
* આ ચાલવાના માર્ગોને સ્તંભોની બે હારમાળા વડે વચલાભાગથી જુદા પડાયા હોય છે.
* આ સ્તંભોની હાર, ગોળાર્ધની મધ્યમાં મૂકેલ, પ્રજાની સ્તૂપની ફરતે પણ આવેલી હોય છે.
* આ ખંડની છત પીપના અર્ધભાગ જેવી ગોળાકાર હોય છે.
* દરવાજો સામાન્ય રીતે પૂજાના સ્તૂપની બરોબર સામે હોય છે.
* ખંડના બહારના ભાગમાં ઘોડાના પગની નાળના આકારની બારી હોય છે, જેને ચૈત્યબારી કહેવાય છે.

આ સમયના સ્થાપત્યનું બીજું મહત્ત્વનું જે પાસું છે તે બૌદ્ધ તેમ જ જૈનો સાધુઓને રહેવા માટે પહાડોમાંથી કોતરી કાઢેલા ખંડો અથવા વિહારોનું ઉત્ખનન. અમુક સમય બાદ તેની આકૃતિ પણ નિશ્ચિત નિયમાનુસાર થવા લાગી. વિહારોનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે હતાં :


* શરૂઆતમાં પશ્ચિમ ભારતની ગુફાની આકૃતિ વિષમાકારની હતી.
* મધ્ય ભાગમાં મોટો, ચોરસ અથવા લંબગોળ ખંડ રહેતો.
* સ્તંભોવાળા વરંડા સહિતનો ખંડ આગળ હતો.
* નાની, ચોરસ ઘણી ઓરડીઓની જોગવાઈ પણ હતી.
* આ ઓરડીઓ અને મોટા ખંડોમાં પથ્થરની ઊંચી બેઠકો સાધુઓના ઉપયોગ માટે રાખી હતી.

પશ્ચિમ ભારતમાં ભાજા, બડેસા, અજંતા, પિતલકોરા, નાસિક અને કાર્લેમાં સૌથી પહેલા બનેલા બૌદ્ધ વિહારો જોવા મળે છે.


જૈન વિહારો (ઓરિસાના) ઉદયગિરિ અને ખંડગિરિ પહાડોમાં મળે છે. તે રાજા ખારવેલના સમયમાં શોધીને ખોદી કાઢવામાં આવ્યા હતા. 35 જેટલાં ખોદકામોને બે ભાગમાં વહેંચી શકાય. એક, એક ખંડવાળા વિહારોનું છે. બીજા જૂથમાં અનેક ઓરડીવાળા ખંડો જેની સામે એક ખુલ્લો ચોક રહેતો. અંદરના ભાગમાં દરવાજાઓ રહેતા જેની ઉપર અર્ધગોળાકારની કમાનો રહેતી. ઉદયગિરિ પહાડોમાં આવેલી બે માળવાળી ગુફા 'રાણી ગુંફા' સૌથી મોટામાં મોટી ગુફા છે.




8 : ભાજા ચૈત્ય ગુફા.



૭. 'રાણી ગુંફા' ગુફાઓ (ઉદયગિરિ)



10 . કાર્લે ચૈત્ય (સંમુખથી જોતાં)



11 . કાર્લે ચૈત્ય (ગુફાનું દ્રશ્ય)

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(ક) મૌર્યકલા વિશેનાં મુખ્ય લક્ષણો પાંચેક લીટીમાં લખો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

(ખ) 'સ્તૂપ'એટલે શું ? સાંચી સ્તૂપનાં મુખ્ય લક્ષણો બતાવો. ઉત્તર દસેક લીટીમાં લખો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

(ગ) ખાલી જગ્યા પૂરો :

(1) મોટા ભાગની કલાને બૌદ્ધ ધર્મે અને જૈનધર્મે ..... કરી. (ઉત્સાહિત/નિરુત્સાહિત)

(2) મૌર્ય કલામાં ..... કલાકૃતિઓ મળે છે. (પરિપક્વ/અપરિપકવ)

(3) ઉત્તર ભારતના સ્તૂપોની શૈલી નાગાર્જુન કોણ્ડા સ્તૂપની શૈલી ..... (ના જેવી જ છે / ના કરતાં જુદી છે.)

(4) તક્ષશિલાના ઉત્ખનનનું કામ શરૂઆતમાં હાથમાં લેનાર હતા ..... (માર્ટીમર વ્હીલર / સર જ્હોન માર્શલ)

(5) સાધુઓ વિહારોનો ઉપયોગ ..... માટે કરતા. (પૂજા / વસવાટ)

## 26.4 શિલ્પકળા (Sculptural Art )

આમ તો શિલ્પકળાને સ્થાપત્યથી છૂટી પાડવી શકય નથી કેમ કે સ્તૂપો અને ચૈત્યોનાં આખા સંકુલના ભાગ રૂપે શિલ્પકળા આવતી હોય. જ્યારે મૂર્તિઓ પણ બનાવતી ત્યારે તેને વિહારોમાં કે ધાર્મિક કેન્દ્રોમાં જ સ્થાપવામાં આવતી. આ સમયમાં આપણે થોડી સ્થાનિક શૈલીઓની શરૂઆત જોઈ શકીએ છીએ. મથુરા અને ગાંધાર શૈલીનો ઉત્તર ભારતમાં અને દક્ષિણમાં કૃષ્ણા ગોદાવરી ક્ષેત્રમાં અમરાવતી શૈલીનો ઉદ્‌ભવ થયો.

સામાન્ય રીતે મૌર્યકાળ સમયની કલા કરતાં ત્યાર પછીની કલાની શૈલી જુદી તરી આવે છે. મૌર્યકલા રાજમહેલની કલા (Palace art) ગણાય છે. જ્યારે શુંગ-કણ્વ સમયની કલાનો આધાર ઘણો વિસ્તૃત અને સમાજમાં હતો. તેનાં હેતુ, શૈલી અને મહત્ત્વ પણ મૌર્ય કલાથી ભિન્ન છે.

આ સમયની કલા મુખ્યતઃ બુદ્ધની પ્રતિમા અને સ્તૂપના કઠેડાઓ પર કોતરેલાં ચિત્રો અને મૂર્તિઓમાં જણાતી હતી. આ કોતરકામ, સ્તૂપોનાં દરવાજા અને પ્રતિમા કે સ્તંભની બેસણી કે ઊભણી (Plinth)માં પણ જણાય છે. વિહારોના અને ચૈત્યોના આગળના ભાગ પર તથા દીવાલો પર કોતરકામ થયેલું જોવા મળે છે. આ સમયમાં બ્રાહ્મણધર્મનું શિલ્પકામ બહુ જૂજ થયેલું છે. પરંતુ મુખ્યત્વે આ સમયનો જે મુખ્ય વિકાસ થયેલો ગણાય, તે બુદ્ધની પ્રતિમા બનાવવાનો હતો. તે પ્રતિમા મથુરાની શૈલી અને ગાંધાર શૈલી બંને શૈલીમાં થઈ હતી. જૈન તેમ જ બૌદ્ધોના દાખલા લઈને પછીથી બ્રાહ્મણધર્મના અનુયાયીઓ પણ વિવિધ દેવીદેવતાઓની મૂર્તિઓ વિશે પ્રવૃત્ત થવા લાગ્યા.

તકતીઓ પરની ઉભારેલી કલાકૃતિઓ ઉપરાંત આ સમયે ગોળાકારમાં પણ ઘણાં શિલ્પો નિર્માણ થયાં. આ મૂર્તિ સુંદર રીતે કંડારાયેલી અને કદમાં મોટી હતી. જો કે તે શારીરિક પ્રમાણને અનુરૂપ હરહંમેશ ન રહેતી, કેમ કે તેવો તેમનો હેતુ ન હતો. આમાં યક્ષો અને યક્ષિણીઓની મૂર્તિઓ અગત્યની હતી.

જૈનોમાં મૂર્તિપૂજાની શરૂઆત શુંગવંશના સમય દરમિયાન શરૂ થઈ તેવી માહિતી મળી આવે છે, જે એક તીર્થંકરની મનાય છે. હાથી ગુંફાના શિલાલેખ પ્રમાણે પૂર્વી ભારતના જૈનોમાં મૂર્તિપૂજા મૌર્યયુગમાં પહેલાંના સમયથી જ શરૂ થઈ ચૂકી હતી. મથુરાથી મળી આવતી 'અષ્ટમંગલ' (આઠ શુભમુદ્રા) જૈન મુદ્રાઓ ઉપરથી જણાય છે કે જૈનોમાં ઈ.સ.ની પ્રથમ સદીથી તો મૂર્તિપૂજા શરૂ થઈ જ ગઈ હતી.

બૌદ્ધ ધર્મમાં મૂર્તિપૂજા શરૂ કરનાર 'મહાયાન' સંપ્રદાય હતો. મથુરા અને ગાંધારમાં ગૌતમ બુદ્ધની ઊભી અને બેઠેલી મુદ્રામાં શિલ્પો કંડારવામાં આવ્યા. સાંચી, ભારહૂત અને બોધગયા (સ્તૂપોમાં)ની નિમ્ન અદ્‌ભુત કોતરણી કલાનો પ્રારંભિક તબક્કો દર્શાવે છે. આ કલાના મોટા ભાગના નમૂના, ચંદ્રક જેવા ગોળાકાર કે લંબચોરસ અથવા સ્તૂપોને ફરતા કઠેડા પરની તકતીઓ પર જોવા મળે છે. એમાં ખાસ કરીને બુદ્ધના જીવનપ્રસંગો અને જાતક કથાઓના પ્રસંગો કોતરાયા છે. તે પ્રસંગો પૂર્ણ કથા દર્શાવી શકે, તે રીતે કોતરાયા છે.

### 26.4.1 ગાંધાર શૈલી (Gandhara School)

સિંધુ નદીના બન્ને કાંઠે ભારતની વાયવ્ય દિશામાં આવેલા ગાંધારમાં પેશાવરની ખીણ, સ્વાતા, બૂનેર અને બજ્જોરા પણ શામેલ હતાં. ઈ.પૂ. છઠ્ઠી પાંચમી સદીમાં આ પ્રદેશ પર ઈરાનના એકનેમિડિસ રાજાઓ શાસન કરતા હતા. ત્યાર પછી ત્યાં ગ્રીકો, મૌર્યો, શકો, પહલવો અને કુશાણોનાં સામ્રાજ્ય, એક પછી એક આવ્યાં. આને પરિણામે ત્યાંની સંસ્કૃતિ એક અનોખું મિશ્રણ બની, ત્યાંની કલા મુખ્યત્વે બૌદ્ધ હતી. અને તેના ઉપર ગ્રીક કલાનો ઊંડો પ્રભાવ પડ્યો હતો. દા.ત. બુદ્ધ પ્રતિમાઓ (જુઓ ચિત્ર) પર ગ્રીક-રોમન રીતે પહેરાવેલાં કપડાં, તેનો પારદર્શક દેખાવ, વાંકડિયા વાળ રાખવાની રીત, વગેરે આ બાબતનું પ્રમાણ છે. તેમ છતાં એ ભૂલવું ન જોઈએ કે ગાંધાર કલાને પ્રોત્સાહન આપનાર રાજા શકો અને કુશાણો હતા.

જ્યાંથી આ શૈલીના મુખ્ય નમૂનાઓ પ્રાપ્ત થયા છે, તે સ્થળો છે, જલાલાબાદ, હદ્દા, બમારણ, બેગ્રામ અને તક્ષશિલા. ગાંધાર શૈલી બે તબક્કામાં વહેંચી શકાય : પ્રાથમિક અને અંતિમ પ્રાથમિક તબક્કામાં આ શૈલી ઈ.સ. પ્રથમ અને દ્વિતીય સદીઓમાં આવી, તેમાં પ્રતિમાઓ બનાવવા માટે ભૂખરા રંગનો, અનેક સ્તરવાળો અભ્રકનો પથ્થર વપરાતો હતો, પરંતુ અંતિમ તબક્કાની શૈલીમાં અભ્રકને સ્થાને કાદવ, ચૂનો, પ્લાસ્ટર, સાગોળ જેવી ચીજો મૂર્તિઓ બનાવવા માટે વપરાતી હતી. આ મૂર્તિઓ વાસ્તવિકતાથી ભરપૂર હતી. તેમાં માનવીય શરીરનાં અંગો અને બીજા અવયવો સ્પષ્ટ દેખાતાં હતાં. તેમાં ચહેરો અણિયાળો અને શરીર પ્રમાણસરનું બતાવ્યાં હતાં. આપણે મૂર્તિઓ ઉપરાંત સપાટભૂમિ અને પથ્થરો પરનું સુંદર કોતરકામ, જેમાં બુદ્ધના અને બોધિસ વોના જીવનપ્રસંગો જોઈ શકીએ છીએ. જેમ કેઃ

* ચીર સ્તૂપ(તક્ષશિલા)ના ગોળાર્ધ ગોખલામાં ગોઠવેલી બોધિસ વોની મૂર્તિઓ વડે સુશોભિત કરેલો છે.

* નાના થાંભલાની દીવાલો પર શહેરી ભેલોલ સ્તૂપના બોધિસ વો, બુદ્ધ અને તેમના જીવનપ્રસંગો કોતરાયેલા છે.

* શાહજી-કી-ઢેરીના સ્તૂપના સ્થળે બાજુ પરની ભીંતમાંથી કાંસ્ય અવશેષ મળી આવ્યો. તેની ઉપર બુદ્ધ, કુશાણ રાજાઓ અને ઊડતા કલહંસો (જે પરિવ્રાજક) ભિક્ષુઓનું પ્રતીક હતાં, કોતરાયાં છે.

ગાંધાર શૈલીનાં બીજાં પણ લક્ષણો હતાં. દાખલા તરીકે, એક સોનેરી અવશેષ બિમારણમાંથી મળ્યું છે. તેની એક કમાનોની હાર વચ્ચે કેટલીક આકૃતિની શૃંખલા સમાઈ છે. બેગ્રામ નકશીદાર હાથીદાંતની તકતીઓમાંથી મળી છે.

અહીં કેટલાંક ચિત્રો આપ્યાં છે. (નં 12 થી 17) ગાંધાર કલા શૈલીનાં વિવિધ લક્ષણો પ્રતિબિંબિત કરે છે.



12. સુશોભન માંટે હાથીદાંતની તકતી





14. ધ્યાન મુદ્રામાં બુદ્ધ

13. બુદ્ધની ઊભી મૂર્તિ



15. નિમ્ન ઉદ્ભૃત તકતી : ભિખ્ખુઓ સાથે ભોજન લેતા ભગવાન બુદ્ધ.



16. અભ્રકના પથ્થરમાં કોરતાયેલ બોધિસત્ત્વ



17. બુદ્ધનું શિર (માટી)

## 26.4.2 મથુરા શૈલી (Mathura Art)

આ કલા શૈલીનો ઉદ્‌ભવ ઈ.પૂ. બીજી સદીથી થયેલો મનાય છે. ઈ.સ.ની પ્રથમ સદી સુધીમાં મથુરા કલાનું મોટું કેન્દ્ર બની ચૂક્યું હતું અને અહીંની કલાકૃતિઓની માંગ દૂરસુદૂરના પ્રદેશોમાં હતી. લગભગ ચારસો વર્ષના ગાળામાં આ શૈલીનાં વિવિધ પ્રકારનાં શિલ્પો અને અન્ય કલાકૃતિઓ બૌદ્ધો, જૈનો અને બ્રાહ્મણ ધર્મીઓ માટે બન્યાં હતાં. મથુરા શૈલીની વિશિષ્ટતા એ હતી કે એમાં કુશાણ સમયમાંના અફઘાનિસ્તાનની જેમ રાજાઓ તથા નામાંક્તિ વ્યક્તિઓની પણ મૂર્તિઓ ઘડાઈ. આમ મથુરા શૈલીના કલાકારો ખૂબ તે સમયની કલા કારીગરીના વૈવિધ્ય વિશે સભાન હતા. અને ભારતીય અને બિનભારતીય પ્રજાની ભિન્ન ભિન્ન સ્તરનાં સામાજિક જૂથની જરૂરિયાત મુજબ કલાકૃતિઓ તૈયાર કરતા હતા. તદુપરાંત આ કલાકારો સ્થાનીય લાલ પથ્થરોમાંથી નવું બેજોડ મથુરા પણ ઊભું કરી રહ્યા હતા. બીજું લક્ષણ એ હતું કે પૂજાના હેતુસર ઊભા થયેલ બાંધકામના સ્તંભો ઉપર રોજબરોજની જિંદગીનાં દશ્યો પણ તેઓએ રજૂ કર્યા. દા.ત. જંગલમાં ફૂલો વીણતાં અને સ્ત્રીઓમાં હંસો સાથે ગેલ કરતી સ્ત્રીઓ કે તેમને દાણા નીરતી સ્ત્રીઓ, ઉદ્યાન અને તળાવોમાં ક્રીડા કરતી સ્ત્રીઓનાં દશ્યો નિરૂપ્યાં છે. 'કનકાલિ ટીલા' ના પૂજા સ્તંભો ઉપરનાં દૃશ્યોથી સ્ત્રીના રૂપનો શિલ્પકારે કેટલી સુંદરતાથી ઉપયોગ કર્યો છે તે સ્પષ્ટ થાય છે. મથુરાના કલાકારોએ અનેક વિષયો હાથ ધર્યા છે, અને સાંચી તેમ જ ભારહૂતમાં તો તેમણે કુદરતી તત્ત્વો દ્વારા કલાને સમૃદ્ધિ આપી છે.

આ કલાકારોએ સ્થાનિક લાલ પથ્થરનો ઉપયોગ પોતાની કૃતિઓ માટે કર્યો. વિષયાનુસાર આપણે આ કૃતિઓને હવે તપાસીએ

(અ) બુદ્ધની મૂર્તિઓ :

બુદ્ધ અને બોધિસ વોની પ્રારંભિક મૂર્તિઓ મોટે ભાગે મથુરામાં બની હતી અને પછી બીજાં સ્થળોએ મોકલવામાં

આવી હતી. દા.ત. કનિષ્કના સમયમાં સારનાથમાં મુકાયેલી બોધિસ વની ઊભી પ્રતિમા મથુરામાં બની હતી. બેઠેલી અને ઊભેલી એમ બે મુદ્રામાં સાધારણ રીતે, બુદ્ધની પ્રતિમાઓ જોવામાં આવે છે. કાત્રામાં મળેલી બેઠેલા બુદ્ધની પ્રતિમા સૌથી જૂની છે. તેનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે છેઃ

* બુદ્ધ એક બોધિ વૃક્ષ નીચે બેઠા છે.
* તેમનો જમણો હાથ 'અભય' મુદ્રામાં છે.
* તેમની હથેળીઓ તેમ જ પગનાં તળિયાંમાં 'ધર્મચક્ર' અને 'ત્રિ-રત્ન' કોતરેલાં છે.
* એક લટ સિવાય બાકીના વાળ ઉતારેલા છે.

**આ સમયની બુદ્ધની પ્રતિમાઓનાં સામાન્ય લક્ષણો :**

* તે સફેદ છાંટણાવાળા લાલ પથ્થરમાંથી બની હતી.

  ધીમે ધીમે બધી મૂર્તિઓ ગોળાકારમાં બનવા લાગી, જેથી ચારે બાજુથી તે જોઈ શકાય.
* માથા પરના અને મુખ પરના વાળ ઉતારેલા હોય છે.
* જમણો હાથ અભય મુદ્રામાં હોય છે.
* પહેરવેશ શરીર સાથે ઊપસેલો હોય છે અને ડાબે હાથે તેનો એક છેડો ગ્રહણ કરેલો દેખાય છે.

(બ) જૈન ઉદાહરણો :

મથુરા જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણધર્મના અનુયાયીનું પવિત્ર ધર્મ સ્થાન હતું. જૈન ધર્મના અનુયાયીઓ, જૈનમુનિઓ, સાધ્વીઓ અને તેમણે આપેલાં અનુદાનો અને સમર્પણો વિશે અનેક શિલાલેખો ત્યાંથી મળે છે. દા.ત. છેક ઈ.પૂ. બીજી સદીના મધ્યનો એક શિલાલેખ (પસાદ-તોરણ) એક જૈન શ્રાવકે બનાવ્યો છે જેનું નામ હતું ઉત્તર દસક. મથુરામાં મુખ્ય જૈન સ્થળ 'કનકાલિટીલા' છે અને તેમાંથી નીચેની સામગ્રી વિપુલ પ્રમાણમાં મળી છે.

* શિલ્પો
* આયાકચ પાટસ અથવા એવી શિલા જેના મધ્યમાં જૈન આકૃતિ અને આસપાસ જૈન સ્તૂપો તથા અન્ય પવિત્ર ચિહ્નો પણ હોય (આ પૂજાના વિષયો હતા).
* સ્થાપત્યના કેટલાક અવશેષો, જેવા કે સ્તંભો, સ્તંભ શીર્ષો (crossbars), કઠેડાઓ તેના ખોડેલા થાંભલાઓ વગેરે.

જૈનોના અથવા તીર્થંકરોનાં શિલ્પો આયાકાપાટા પર કોતરવાની પ્રથા કુશાણયુગથી પૂર્વેની છે, પરંતુ તે નિયમિત વપરાશમાં કુશાણયુગથી આવવા લાગી. નાગની ફેણથી પાર્શ્વનાથની આકૃતિ તરત ઓળખાઈ આવે છે. વાળની લટો છેક ખભા સુધી વિસ્તરતી હોવાથી ઋષભદેવની મૂર્તિ ઓળખી શકાય છે. અન્ય તીર્થંકરોને આટલી બધી સરળતાથી ઓળખી શકાતા નથી.

**(ક) બ્રાહ્મણધર્મી મૂર્તિઓ :**

મથુરાથી બહુ જ થોડી સંખ્યામાં બ્રાહ્મણ સમયની મૂર્તિઓ મળી આવે છે. ઘણા પહેલાંના સમયની મૂર્તિઓમાં શિવ, લક્ષ્મી, સૂર્ય અને સંકર્ષણ અથવા બલરામની મૂર્તિઓ મળે છે. કુશાણયુગમાં કાર્તિકેય, વિષ્ણુ, કુબેર અને અન્ય કેટલાક દેવોનાં શિલ્પો થતાં હતાં. મૂર્તિવિધાન શાસ્ત્રની વિશિષ્ટતાઓ કે જે દરેક દેવદેવીની લાક્ષણિકતા બતાવતી હતી તે આ સમયની મૂર્તિમાં જણાતી હતી.

* જોકે શિવને 'લિંગ' તરીકે પૂજવામાં આવતા, પરંતુ 'ચતુર્મુખલિંગ'ના શિલ્પની શરૂઆત થઈ ચૂકી હતી. આમાં લિંગની ચારે બાજુ શિવનાં માનવમુખો દર્શાવાતાં હતાં.
* કુશાણયુગમાં સૂર્યને બે ઘોડાના રથ પર સવારી કરતો બતાવેલો છે. તેણે ભારે અંગરખું પહેર્યું છે. તેના શરીરના નીચેના ભાગમાં 'સલવાર' જેવો પોષાક જણાય છે. પગરખાં છે, એક હાથમાં કમળ અને બીજા હાથમાં તલવાર છે.
* બલરામને માથે મોટી પાઘડી છે
* સરસ્વતીને એક હાથમાં માળા અને બીજા હાથમાં પુસ્તક સાથે દર્શાવી છે. સાદા પોષાકવાળી સરસ્વતી ઉપર કોઈ આભૂષણો નથી. અને તેની આસપાસ બે સહચારી મૂર્તિઓ છે.

મથુરામાંથી યક્ષ અને યક્ષિણીની સંખ્યાબંધ મૂર્તિઓ મળે છે. તેનો સંબંધ બુદ્ધ, જૈન અને બ્રાહ્મણ ધર્મ સાથે ત્રણેય સાથે છે. કુબેર નામનો મોટી ફાંદવાળો દેવ બતાવાયો છે. તેને આસવ અને દારૂ પીધેલાઓની મિજલસ સાથે સંબંધિત દશ્યોમાં બતાવાયો છે. તેને બાકુસ અને ડાયોનિસીયસ નામના રોમન અને ગ્રીક દેવતાઓ જે આસવોના દેવતાઓ હતા, તેમની સાથે સરખાવાય છે.

### (ડ) રાજાઓની મૂર્તિઓ :

મથુરાના મટ ગામમાંથી કુશાણ રાજાઓની અનેક મૂર્તિઓ પ્રાપ્ત થાય છે. તેમાં કનિષ્ક,વીમા, ચષ્ટન વગેરે મુખ્ય છે. રાજાઓને દેવી મોભો આપવા માટે આવુ થયું હતું. આ મહાનુભાવોના પહેરવેશો પણ મધ્ય એશિયાઈ ભાતના હતા. રાજા અને અન્ય મહાનુભાવોની મૂર્તિના અવશેષો રાખવાનાં પાત્રો બનાવવાનો વિચાર કદાચ મધ્ય એશિયામાંથી આવ્યો હોય. શક પદાધિકારીઓના ઘણા વડાઓનાં શિલ્પો મટમાંથી મળી આવ્યા છે. મટ ગામે થયેલી આ શોધખોળ પરથી જણાય છે કે કુશાણ સામ્રાજ્યમાં મથુરા પૂર્વીક્ષેત્રે બહું મોટું કેન્દ્ર હતું. તે ઉપરાંત તેમાં ગાંધાર અને મથુરાની કલા શૈલી વચ્ચે ઘણું આદાનપ્રદાન થતું હતું એવું આ પુરાવાઓ ભારપૂર્વક જણાવે છે.

વખત જતાં મથુરા કલાશૈલીએ ગુપ્તકાળની કલાશૈલી વિકસાવવામાં ઘણું મોટું પ્રદાન કર્યું.



18 : કેશકલાપ કરતી સ્ત્રી



19 : તીર્થંકરનું શીર્ષ



20 જાતકકથાનું શિલ્પ



21. સૂર્ય



22. કુબેર અને શિષ્યો



23 કનિષ્કની મૂર્તિ



24. ચતુર્મુખ સૂર્યલિંગ

## 26.4.3 અમરાવતી શૈલી (Amaravati Art)

પૂર્વ ડેક્કનમાં કૃષ્ણા ગોદાવરીના નિમ્ન ખીણ પ્રદેશમાં અમરાવતી કલાશૈલીનો જન્મ થયો. આ સમયે સાતવાહન શાસન ચાલતું હતું અને પછીથી ઈક્ષ્વાકુવંશે શાસન કર્યું અને પછીના પણ રાજવંશોએ, અધિકારીઓએ, વેપારીઓએ વગેરેએ આ કલાને આશ્રય અને પોષણ આપ્યાં. મુખ્યત્વે બૌદ્ધ વિષયોમાંથી પ્રેરણા લઈને આવેલી આ કલાનાં મુખ્ય કેન્દ્રો હતાં. નાર્ગાર્જુનકોણ્ડા, અમરાવતી, ગોલી,ઘંટશાળ, જગ્ગાય્યાપેટા વગેરે. આ કલાશૈલીનો મુખ્ય સમય ઈ.સ.પૂ.150થી ઈ.સ. 350નો ગણાય છે. અનેક સ્તૂપોના કઠેડાઓ કે પરથાર તથા અન્ય ભાગોની શિલ્પાકૃતિઓ મળે છે. નિમ્ન ઉદ્ધૃત આકૃતિઓમાં પરંપરા મુજબ બુદ્ધના જીવનપ્રસંગો તેમ જ જાતક-કથાઓમાંથી વિષયો દર્શાવાયા છે. દા.ત. અમરાવતીના એક ચંદ્રકપાટમાં બુદ્ધે હાથીને વશ કર્યો. તેની

તથા તેની પૂર્વે થયેલી ધમાલની કથા બતાવવામાં આવી છે. શિલ્પકારે ખૂબ જ સ્વાભાવિક શૈલીમાં આ કથાનું આખું નિરૂપણ કર્યું છે. એક ક્રોધિત હાથી મહોલ્લામાંથી બુદ્ધની પાસે જતો જણાય છે. આસપાસના માનવીઓ ડરી જાય છે, પુરુષો હાથ જ ઊંચા કરી દે છે, સ્ત્રીઓ બીકમાં પુરુષોને વળગી પડે છે.

* બુદ્ધ હાથી તરફ પ્રેમ અને વિનમ્રતાની ભાવના સાથે આગળ વધે છે.
* હાથી વશ થઈને ઘૂંટણિયે પડી જાય છે.
* આખોય પ્રસંગ બારીઓમાંથી છત પરથી, સ્ત્રીપુરુષો નિહાળે છે. અમરાવતીની કલાશૈલીનાં સામાન્ય લક્ષણો આ છે.
* સફેદ સંગેમરમરના પથ્થરમાંથી મૂર્તિઓ બની છે તેના પગ લાંબા અને તેની દેહયષ્ટિ નાજુક છે.
* શારીરિક સૌંદર્ય અને ભાવાત્મક ચિહ્નો, આ કળામાં પ્રભુત્વ ધરાવે છે.
* કુદરતનું નિરૂપણ કર્યું છે, પરંતુ કેન્દ્રમાંનું વિષયવસ્તુ માણસોને લગતું છે.
* રાજાઓ રાજકુમારો અને રાજમહેલો આ શિલ્પોમાં અગત્યનું સ્થાન ભોગવે છે.

અમરાવતી શૈલી પાંચસો વર્ષના સમયગાળામાં વિકસતી વિકસતી પુખ્ત થતી જણાય છે. દા.ત. અહીંથી જે સૌથી પ્રાચીન શિલ્પ મળે છે તે જગ્ગાય્યાપેટાનું શિલ્પ છે, જે લગભગ ઈ.સ.પૂ. 150ની આસપાસ બન્યું છે. એમાંની માનવાકૃતિઓ છૂટી છૂટી ઘડાઈ છે અને એકબીજા સાથે કોઈ રીતે જોડાયેલ નથી, પરંતુ જોઈ શકાય છે કે ઊંચી અને પાતળી માનવ દેહયષ્ટિ અહીં જે શરૂઆત છે તે કૃષ્ણાખીણની શૈલીની સ્થાનિક ખાસિયત છે અને પછીથી તે પલ્લવકલા શૈલીમાં પણ જણાય છે. પછીથી કંડારાયેલાં શિલ્પોમાં આકૃતિઓ સુરેખ અને આંતરસંબંધિત પણ છે.

વિષયોની બાબતમાં કલાને મથુરા સાથે નોંધપાત્ર રીતે સરખાપણું લાગે છે. દા.ત. અમરાવતીની એક શિલ્પકામવાળી તકતીમાં છ સ્ત્રીઓને પાણીનાં પાત્રો સહિત બતાવી છે, જે મથુરામાંથી મળતી તકતીઓના નિરૂપણ જેવી જણાય છે. મથુરામાંથી કુશાણ રાજવીઓનું પ્રતિનિધિત્વ દર્શાવનારાં જેવાં શિલ્પો આપણને મળ્યાં છે, તેવાં જ રાજા તથા રાજકુંવરોનાં શિલ્પો અમરાવતીની કલામાં પણ જણાય છે. જોકે તે સ્વતંત્ર પ્રતિમા રૂપે નહિ બલ્કે એકાદ કથાનક તરીકે રજૂ થયાં છે. દા.ત.

* રાજા ઉદયન તથા તેની રાણીની વાત સ્પષ્ટ ભૂમિ પર ઉપસાવેલી આકૃતિના રૂપે નિરૂપાઈ છે.
* એક ચંદ્રઆકાર પર ઉપર રાજા અન્ય દેશોના પ્રતિનિધિઓ તરફથી ભેટસોગાદો સ્વીકારતો દર્શાવાયો છે અને
* એક અન્ય સપાટ ઉપસાવેલા પટ પર નિમ્ન ઉદ્ભૂત શૈલીમાં એક રાજા સૈન્યનું નેતૃત્વ કરતો બતાવાયો છે. તેના સૈન્યમાં હાથીઓ ઘોડેસવારો તેમ જ પાયદળ પણ છે.

આમ જુઓ તો હકીકતમાં ઉત્તમ કારીગરો તથા સાતવાહનોના આશ્રય નીચે અમરાવતી કલાશૈલીએ પ્રાચીન ભારતમાં કેટલીક સર્વોત્કૃષ્ટ કલાકૃતિઓનું સર્જન કર્યું.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) ગાંધાર કલાશૈલીનાં મુખ્ય લક્ષણો દસેક લીટીમાં જણાવો.

........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................
........................................................................................................



25. સ્નાનની મજા માણતું મહિલા વૃંદ



26. રાજા ઉદયન અને તેની રાણીઓની વાત જણાવતું શિલ્પ



27. હાથીને વશ કરતા બુદ્ધનું ચિત્ર

(ખ) ધાર્મિક વિષયો ઉપરાંત રાજકારણી મહાનુભાવો વિશે પણ જેમાં નિરૂપણ થયું હોય એવી શિલ્પકળાનાં દાખલા આપો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

(ગ) ખાલી જગ્યા પૂરો :

(1) નિમ્ન ઉદ્‌ભૃત શિલ્પોની કથા —————— પર આધારિત હોય છે. (મહારભારત/જાતકો/રામાયણ)

(2) ગાંધાર કલાશૈલીના મુખ્ય આશ્રયદાતાઓ —————— હતા. (મૌર્યો/સાતવાહનો/શકો અને કુશાણો)

(3) કુદરતી સૌંદર્યને દેખાડતાં શિલ્પો આપણને —————— માંથી મળે છે. (અમરાવતી/તક્ષશિલા/મથુરા)

(4) બ્રાહ્મણધર્મને લગતી પ્રતિમાઓ આપણને —————— થી મળે છે. (સારનાથ/મથુરા/

નાર્ગાજુનકોણ્ડા)

(ધ) નીચેનાં વક્તવ્યો સામે સાચાં (✓) કે ખોટાં (✗) ની નિશાની કરો :

(1) મથુરામાંથી મળી આવતા તીર્થંકરોનું શરીર હૃષ્ટપુષ્ટ છે. ( )

(2) કુબેરની પ્રતિમા સૂર્યપ્રજાનું પ્રતીક છે. ( )

(3) ગાંધાર શૈલીમાં ભારતીય ઢબે ગ્રીક વિષયો નિરૂપાયા છે. ( )

(4) અમરાવતી શૈલી પૂર્વ ભારતમાં ફાલી હતી. ( )

## 26.5 સારાંશ

આપણે જોયું કે આ સમયખંડમાં શિલ્પ તેમ જ સ્થાપત્ય બંને ઘણા ઊંચા સ્તરની પુખ્તતાને પહોંચી ગયાં હતાં. કલાકારોએ પણ પૂરતા પ્રમાણમાં કલાકૃતિઓ બનાવી. પરંતુ આપણી પાસે આ કલાકારોનાં નામો નથી. કેટલીક વાર દાતાઓનાં નામ પ્રાપ્ત થાય છે ખરાં. તે ઉપરથી જણાય છે કે કલાકારો માત્ર રાજ્યાશ્રય પર વધુ અવલંબન રાખતા ન હતા, કેમ કે વેપારીઓ, ભાવિકો અને પ્રજાના અન્ય સ્તરના લોકો પણ તેમને આશ્રય આપતા હતા.

વિષયો અને સ્વરૂપોની રજૂઆતની બાબતમાં પણ આ કલામાં ઉત્તરોત્તર પ્રગતિ થઈ. દા.ત. સર્વપ્રથમ તબક્કામાં પહાડો પરનાં ચિત્રો અને માટીની નાની નાની મૂર્તિઓ મળે છે. તે નિરૂપણો પુખ્ત શિલ્પ અને સ્થાપત્ય કલામાં પરિણમ્યાં. નિમ્ન ઉદ્ભૃત સપાટી પર ઉપસાવેલી અને ગોળાકારમાં કરેલી પથ્થરની કલાકૃતિઓ આ સમયમાં પ્રચુર માત્રામાં બનતી હતી. ચિહ્નોથી ઓળખાતી કલાકૃતિને બદલે હવે મૂર્તિકલાને સ્થાન મળ્યું અને બુદ્ધની પ્રતિમાઓ આ ફેરફારનું સુંદર ઉદાહરણ છે.

આ એકમમાં આપણે જોયું કે કેટલાંક સ્થળોએ પોતપોતાની આગવી કલાશૈલીઓ ઊભી થઈ હતી. તેના સુંદર નમૂનાઓ છે ગાંધાર શૈલી, મથુરાશૈલી અને અમરાવતી શૈલી. આ શૈલીઓના મોટા ભાગના વિષયો ધાર્મિક છે એ ખરું પરંતુ કુદરત અને માનવીના ગાઢ સંબંધોવાળા વિષયોનાં શિલ્પો આપણને જોવા મળે છે. તે ઉપરાંત આ કલાકૃતિઓ તે સમયની આર્થિક-સામાજિક સ્થિતિનું પણ નિરૂપણ કરે છે મથુરાની પથ્થર પર ઊપસેલી પ્રખ્યાત કોતરણીવાળી તકતીમાં નિરૂપેલા મુનિઓ, દાતાઓ અને સહચરો આનો નમૂનો પૂરો પાડે છે. ભારતીય કલાપ્રવૃત્તિનાં સ્વરૂપો ઉપર વિદેશી પદ્ધતિઓનો પણ પ્રભાવ પડેલો જણાય છે. બિનભારતીયો સાથે ભિન્ન ભિન્ન પ્રકારની પારસ્પરિક અસરને લીધે તેમ જ ગ્રીક તથા મધ્ય એશિયાઈ ત વોની ભારતમાં હાજરીને લીધે આ સમયની ભારતીય કલા બતાવે છે કે ભારતીય સંસ્કૃતિ સમકાલીન સંસ્કૃતિઓના સંપર્કને લીધે કેટલી સમૃદ્ધ થઈ હતી .

## 26.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ચાલવાના માર્ગો (Aisles) :** સ્તૂપનો પ્રાર્થના માર્ગ

**આર્ચિટ્રેવ :** સ્તૂપનો ઊપસેલો ભાગ, જેને હિંદીમાં 'બંધેરી' કહે છે.

**હેલેનિસ્ટિક (ગ્રીક) પ્રભાવ :** ભારતીય કલાપરંપરામાં રોમ તથા (ઇન્ફલુઅન્સ) ગ્રીક સ્વરૂપોનો પ્રભાવ

**એપ્સ (ગોળાધ) (Apse) :** અર્ધગોળ

**આઈવરી :** હાથીના હાડકાંમાંથી બનાવેલી કૃતિઓ

**મોટ્સ :** પાણી ભરેલી મોટી ખાઈ (ઘણું ખરું કિલ્લાની ફરતે હોય છે) જે દુશ્મનોના હુમલાની સામે સંરક્ષણ આપી શકે

**નેવ : (Nave)** એ સ્થળ જ્યાં સાધુઓ પ્રાર્થના માટે એકત્ર થતા

**શીસ્ટ (અભ્રક) :** એક જાતનો પથ્થર, જે અનેક સ્તરોનો બનેલો હોય

**સ્ટકો :** એક જાતનું પ્લાસ્ટ જેનાથી સપાટીને એક સરખી બનાવાય

**વોલ્ટ :** નળાકાર ઢોલક

## 26.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

(અ) જુઓ 26.1

(બ) જુઓ 26.3.3

(ક) (1) ઉત્સાહિત

(2) પરિપક્વ

(3) જુદું

(4) સર જ્હોન માર્શલ

(5) નિવાસ

(અ) 26.4.1ના આધારે તમારો ઉત્તર લખો.

(બ) મથુરામાંથી ઉત્ખનન દરમિયાન મળેલ રાજાઓની મૂર્તિઓનો અને અમરાવતીની શિલ્પકલા કૃતિઓનો ઉલ્લેખ કરો. જુઓ 26.4.2 અને 26.4.3

(ક) (1) જાતક કથાઓ

(2) શકો અને કુશાણો

(3) મથુરા

(4) મથુરા

(ડ) (1) ✓ (2) × (3) × (4) ×

## કેટલાંક ઉપયોગી પુસ્તકો

**Romila Thaper,** *A History of India Vol. 1.*

**J.C.Harle,** *Art and Architecture of India,* **Penguin Books.**

**K.A. Nilkanta Sastri (ed),** *A Comprehensive History of India Vol. 2.*

**Himanshu Prabha Ray,** *Monastery and Guild,* **Oxford.**

નોંધ